Permitted to Post at PSO-AHD : On every Tuesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012
છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન
## THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in

Everythings that's on Money !!!

● વર્ષ : ૭ ● અંક : ૪૨ ● તા. ૧૨.૧૦.૨૦૧૦ થી ૧૮.૧૦.૨૦૧૦ ● આસો સુદ ૦૫ થી આસો સુદ ૧૧ ● સં. ૨૦૬૬ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# વૈશ્વિક ફોરેક્ષ બજારોમાં સરકારોની ગતિવિધિને પગલે એફઆઈઆઈનું "વેઈટ એન્ડ વોચ"

નમસ્કાર મિત્રો,

વિતેલા સપ્તાહ દરમ્યા ભારતીય બજારોમાં શરુઆતના દિવસોમાં મજબૂતાઈ સાથે આગેકૂચ જારી રહી હતી. જ્યારે

## શેરબજારની સમીક્ષા



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮

સપ્તાહના બીજા ભાગમાં બજારે છેવટે ૬૨૦૦ અને ૨૦૫૦૦ ઉપર ટકી શકવા અસમર્થ રહેતા સાપ્તાહિક ધોરણે બજારો લગભગ ૧ ટકા જેવા ઘટીને બંધ રહ્યા હતા.

બીએસઈનો સેન્સેકસ ઈન્ડેક્ષ ૧૯૪.૭૮ પોઈન્ટ ઘટીને ૨૦૨૫૦.૨૬ પર બંધ રહ્યો હતો જ્યારે એનએસઈનો નિફ્ટી ઈન્ડેક્ષ ૧૯૪.૭૮ પોઈન્ટ ઘટીને ૬૧૦૩.૪૫ બંધ રહ્યો હતો. નિફ્ટી ફ્યુચર જો કે ૬૧૩૯ બંધ રહ્યું હતું કે જે ૩૫ પોઈન્ટ કરતા વધારેનું પ્રિમિયમ દર્શાવે છે.

નોંધપાત્ર છે કે ભારતીય બજારો સપ્ટેમ્બર મહિના દરમ્યાન લગભગ ૧૬ ટકા જેવા અભૂતપૂર્વ વધીને રહ્યા હતા. જેમાં હકારાત્મક વૈશ્વિક બજારો અને એફઆઈઆઈની સતત લેવાલી મુખ્યકારણ રહી હતી. જો કે જાણકાર વર્તુળો અને બજારના ડેટા પ્રમાણે ઐતિહાસિક રીતે

**ડોલરના ઘટતા જતા વિનિમય દરને કારણે જાપાન ટેન્શનમાં, ચીન અને અન્ય વિકસતા દેશોને પોતાના ચલણનું મૂલ્ય વધવા દેવા માટે સંકેત કર્યો**

ઓક્ટોબર મહિનો ભારતીય બજારોમાં હમેશા કરેક્શનનો રહ્યો હતો. જો કે દરેક ઓક્ટોબર મહિનામાં કરેક્શન આવે તેવું જરુરી નથી.

સેક્ટોરલ ઈન્ડેક્ષમાં બીએસઈનો હેલ્થકેર ઈન્ડેક્ષ ૩.૨ ટકા, ઉપર રહ્યો હતો. તેમજ ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્ષ ૧.૮ ટકા વધીને બંધ રહ્યો હતો. જ્યારે એફએમસીજી ઈન્ડેક્ષ અને કેપિટલ ગુડ્સ ઈન્ડેક્ષ ૧.૧ ટકા નુકશાન સાથે બંધ રહ્યા હતા. મુખ્ય શેરોમાં રિલાયન્સ કોમ્યુનિકેશન, રિલાયન્સ કેપિટલ, જેપી એસોસીએટ્સ, સુઝલોન અને ડો. રેડ્ડી ના શેરોમાં ૫-૮ ટકા વૃદ્ધિ નોંધાઈ હતી જ્યારે હિન્દાલ્કો, રિલાયન્સ ઈન્ડ. અને રેનબક્ષીમાં પણ ૩-૫ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. જો કે ટાટા સ્ટીલ ૬.૨ ટકા, હિન્દ યુનિલિવર ૪.૫ ટકા અને એચડીએફસી બેંક ૪ ટકા ઘટ્યા હતા.

એનએસઈનો નિફ્ટી જુનિયર ઈન્ડેક્ષ સીએનએક્સ મિડકેપ અને બીએસઈનો સ્મોલકેપ ઈન્ડેક્ષ ૦.૮-૧.૫ ટકા વધીને બંધ રહ્યા હતા. મિડકેપ શેરોમાં ઈન્ડીયા બુલ્સ ફાયનાન્સ ૨૫ ટકા ઉછળ્યો હતો જ્યારે મર્કેટર લાઈન્સ, કિંગ ફીશર એરલાઈન્સ, સાઉથ ઈન્ડિયન બેંક અને ઈન્ડિયા બુલ્સ રિયલએસ્ટેટ ૮-૧૫ ટકા વધ્યા હતા.

વૈશ્વિક ચાલની સામે સતત નબળો જતો ડોલર અમેરિકાને તો ફાયદો કરાવે છે પરંતુ જાપાનનું અર્થતંત્ર પણ કોઈ સારી સ્થિતિમાં નથી. માટે જાપાને ૬ વર્ષ બાદ પહેલીવાર ચલણ બજારમાં સીધા પગલાં ભરીને પોતાના ચલણને ડોલર સામે વધારે મજબૂત થતું રોકવાનો પ્રયત્નો આદર્યા છે. અત્રે નોંધનીય છે કે જાપાને તાજેતરમાં જ પોતાના વ્યાજ દરને પણ જીરો ની નજીક કરી દીધા છે. ઉપરાંત તેનું ચલણ યેન ડોલરની સામે અત્યારે ૧૫ વર્ષની ઊંચી સપાટી પર ચાલી રહ્યું છે. કે જે જાપાન જેવી નકારાત્મક ફુગાવા સાથે સંઘર્ષ કરી રહેલી અર્થતંત્ર મતે નિકાસલક્ષી આવક પર મોટો ફટકો પડી રહ્યું છે. જો કે ધનિક જી-૭ ની મિટીંગમાંથી કોઈ વધારે નક્કર બહાર આવે તેવુ જણાતું નથી.

એક વાત નક્કી છે કે જાપાને તેના ચલણને મજબૂત થતું રોકવા માટે પગલાં લેવાના ચાલુ કરી દીધા છે અને બ્રાઝીલે પણ શેર બજારમાં આવતા વિદેશી પૈસા પરનો કર ડબ્બલ કરી દીધો છે. બીજી બાજુ પ્રાદેશિક મોરચે ભારતીય રુપિયો પણ ૨૫ મહિનાની ટોચે ચાલી રહ્યો છે. આવી પરિસ્થિતિમાં સેબી અને રિઝર્વ બેંક નિકાસની સ્થિતિને ધ્યાનમાં રાખતા શું પગલાં લેશે તે કહેવું મુશ્કેલ છે.

તેજી હોય કે મંદી,સોનાની ખાણ જેવા ફંડામેન્ટલ મજબૂત શેરોની એટલે કે
MIDCAP - MULTI BAGGER ટીપ્સ
માટે સાચા અને શાણા રોકાણકારો તાત્કાલિક ૦૯૯૨૫૦૦૨૬૧૯ પર સંપર્ક કરો અથવા તો log on
www.theeagleinvestor.co.in

October 9th, 2010
Happy Birthday
3rd Birthday
BIRTH - 9TH OCTOBER, 2008



Jeet
Son of Mr. Ashwin Shah (K. P. Kamal)
Corporate Analyst
Each time we gaze into your eyes brimming with love for us. We feel so happy to have a son as loving & cheerful as you.
On your birthday, We want you to know wishing you many memorable moments Special joys & dreams come true.
From :
Ashwin shah (k. P. Kamal) & Hetal shah (Mother) Jinali, Vaibhav & Ishan Zaveri (USA) Jitendra & Shailbala shah (Nana & Nani) Chinubhai Chimanlal Parivar (Rampura Bhankoda)

## નો સ્ટોપલોસ

જાગરણ પ્રકાશન
જાગરણ ખરીદો @ ૧૪૨-૧૩૯
ટાર્ગેટ ૧૪૭-૧૫૨
- શરદ કોટક

# મોટી અપેક્ષાઓ વચ્ચે પરિણામોની ઋતુ શરુ થઈ

**સાપ્તાહિક વિહંગાવલોકન તા. ૧૧ ઓકટોબર, ૨૦૧૦ થી ૧૭ ઓકટોબર ૨૦૧૦**

નિફટી (૬૧૦૩) એ ૫ સપ્તાહની રેલી પછી -૪૦ પોઈન્ટ નકારાત્મક બંધ આપ્યો. નિફટી ૬૨૨૩ રોજીંદા ચાર્ટ મુજબ ડબલટોપ જણાય છે અને જો ૬૩૫૭નો લક્ષાંક સાધ્ય કરવો હશે તો નિફટીએ પસાર કરવાની આ ખૂબ અગત્યની સપાટી

## પ્રભાકર વ્યુ



પ્રભાકર
મો. ૦૯૫૦૦૦૬૫૫૧૪
info@akprabhakar.com
akprabhakar.equity@gmail.com
www.akprabhakar.com

છે, જે ઓલ ટાઈમ હાઈ સપાટી છે. જયારે પણ કોઈ પણ શેર એકદમ વધે છે ત્યારે ક્ષેમકૂશળતાની માન્યતા બંધાય છે ત્યારે જો તે શેર ૫ દિવસની નીચી સપાટી તોડે તો ટ્રેડર્સ માટે તે એક ચેતવણી છે. જેમ આપણે જોયું કે ટાટા સ્ટીલે ૪૭૮૬ થી ૫૨૨૩ સુધી તેજી દર્શાવી જે માટે તેણે ૨૦ સપ્તાહનો સમય લીધો જયારે અગાઉના ૩ સપ્તાહ તેની નીચેની સપાટી કયારેય તૂટી નથી. ૨૦ ડી એમ એ ૬૦૦૦ અને ૧૪ દિવસની નીચી સપાટી ૫૯૩૨ ની સપાટી નીચેની દીશા માટે મજબૂત ટેકો છે. નિફટીએ ૫૩૪૮ થી ૬૨૨૩ સુધી રેલી દર્શાવેલ છે જે માટે નિફટીએ ૨૮ ટ્રેડીંગ સેશનનો સમય લીધેલ છે જે ઝડપ ખૂબ જ તિવ્ર છે અને તેથી કોઈ પર કરેકશન આટલું જ ઘાતકી હોઈ શકે.જો આમ બને તો નિફટીની લાંબા ગાળાની મુવીંગ એવરેજ કે જે ૨૦ ડી એમ એ ૫૨૮૬ અને ૧૦૦ ડી એમ એ ૫૪૫૭ છે તે આવી શકે.

**નિફટી**

**ટેકો :** ૬૦૪૮-૫૯૮૫-૫૮૮૦
**પ્રતિકારક સપાટી :** ૬૧૬૦-૬૨૨૫-૬૩૫૭

**સમાચારો કે જે શેર અને બજારને અસરકૃત બની શકે** આવનાર સપ્તાહે ૧૨ ઓકટોબરે આઈ આઈ પી ડેટા અને ૧૫ ઓકટોબરે ઈન્ફોસીસનાં પરિણામો આવશે જે પર ખાસ ધ્યાન રાખવાની જરૂર છે. ઓગષ્ટ માસનો ઔદ્યોગિક વિકાસ શકય છે કે અગાઉના માસની સરખામણીમાં નબળો જણાય અને ૯.૬૫ ટકા આવે, આ અનુમાન ૨૦ અર્થશાસ્ત્રીઓએ દર્શાવેલ છે.

વિદેશી ફંડોએ તેમનો જોરદાર નાણાકીય ધોધ ભારતીય બજારોમાં વહેવડાવવાનું ચાલુ જ રાખેલ છે. ૨૦૧૦ની સાલનો તેમનો આવી રહેલ નાણાકીય પ્રવાહ હવે ૨૧.૪૨ બિલિયન ડોલરે પહોંચી ગયેલ છે જે ગત વર્ષ કરતાં ૧૭.૪૫ બિલિયન ડોલર વધુ છે.

ઈન્ફોસીસ સાથે કેટલાકં અગત્યનાં પરિણામો પણ આવશે જેમાં સી એમ સી, સીન્ટેક્ષ, કેસ્ટ્રોલ, ટાટા મેટાલિકસ, એક્ષીસ બેંક, એલ આઈ સી હાઉસીંગ, કોટક બેંક, હેડલબર્ગ સિમેન્ટનો સમાવેશ થાય છે.

પી એસ યુ ઓઈલ કંપનીઓ જેવી કે એચ પી સી એલ, બી પી સી એલ, આઈ ઓ સી, ઓ એન જી સી, ઓઈલ ઈન્ડિયા જેવી કંપનીઓ સરકારશ્રીએ

અનુસંધાન પા.નં. ૬ ઉપર

# નવી રેલી માટે ૬૨૨૩નું ડબલ ટોપ પસાર થવું ખૂબ જ આવશ્યક

આ સપ્તાહે નિફટીએ ૪૦ પોઈન્ટના ઘટાડા સાથે બંધ આપ્યો અને છેલ્લા ૫ સપ્તાહની સતત રેલી પછી આ પ્રથમ નકારાત્મક બંધ આવેલ છે. આ સપ્તાહે રિલાયન્સ એડીએજી ગ્રુપના શેર

## હોટ ટોક



તન્મય જી. પુરોહિત
મો. ૯૮૫૦૬૯૫૯૯૪
CFA, MS-Finance
Web Blog : www.tanmaygopal.com

દ્વારા સારી વૃધ્ધિ દર્શાવવામાં આવી જયારે મોટા ભાગે એફ એમ સી જી શેર ઘટયા.

આવનાર સપ્તાહે ૧૨ ઓકટોબરના રોજ આપણે ઓગષ્ટમાસના આઈ આઈ પી ડેટાના આંકડા પ્રાપ્ત થશે જે પણ ખાસ ધ્યાન આપવું જરૂરી. આઈ આઈ પી ડેટાનો અંદાજીત ૯.૬૫ હોઈ શકે.

નિફટીએ ૬૨૨૩ની સપાટીએ ડબલ ટોપ બનાવેલ છે અને જયાં સુધી તે તૂટશે નહીં ત્યાં સુધી મજબૂત રેલી આવવી અઘરી છે. રિલાયન્સે તો સારો દેખાવ કરવાનુંચાલુ કરેલ છે જ અને બજારની રૂખની દ્રષ્ટિએ નિહાળીએ તો રિલાયન્સ હાલમાં ખુબ જ મહત્વ ધરાવે છે.

નિફટી જયાં સુધી ૫૯૫૦ ની સપાટી જાળવી રાખે ત્યાં સુધી રૂખ ખરાબ થવાની કોઈ સંભાવના નથી અને ઓલ ટાઈમ હાઈની સપાટી ૬૩૫૭ છે અને આ તેજીમય બજારને નવી ભ્રમણકક્ષામાં મૂકવા માટે આ સપાટી તૂરતમાં જ પસાર થવી આવશ્યક છે.

**બેલ (હાલનો ભાવ રૂ. ૧૮૭૨)**

આ શેર આ સપ્તાહે ખૂબ સારો દેખાવ કરનાર રહેલ હતો અને નબળા બજાર છતાં લગભગ ૬ ટકા વધેલ હતો. આ શેરમાં ટૂંકા ગાળા માટે તેમ જ લાંબા ગાળા માટે ટ્રેડીંગ થઈ રહેલ છે. જો આ શેર ૧૮૪૦ ઉપરની સપાટીજાળવી રાખવામાં સફળ રહે તો તે વધુ મજબુતાઈ કેળવશે.

આ શેર રૂ. ૧૮૬૫ થી ૧૮૭૦

અનુસંધાન પા.નં. ૩ ઉપર

## નો સ્ટોપલોસ

અમર રેમેડીઝ બીએસઈ કોડ : ૫૩૨૬૬૪
અમર રેમેડી ખરીદો @ ૧૧૯-૧૧૫ ટાર્ગેટ ૧૨૧-૧૨૬
- નિશેષ જાની

# ૧૧ ઓકટોબર થી ૧૫ ઓકટોબર સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૬૧૦૩)**
**સેન્સેક્ષ (૨૦૨૫૦)**
**તા. ૧૧.૧૦.૨૦૧૦**

## બજારનો રિવ્યૂ



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http:// ww.prakashgaba.com

અમોએ જણાવેલ કે 'ટેકનીકલી હજુ પણ બજાર ઉર્ધ્વમૂખી છે, અને હવે પછીનો તાર્કિક લક્ષાંક ૬૩૨૫ છે, તેમ જ મજબૂત મનોવૈજ્ઞાનિક ટેકો ૬૦૦૦ પોઈન્ટ છે'

ટેકનીકલી બજાર ઉપર તરફ જઈ રહેલ હતું પરંતુ તે તેના તાર્કિક લક્ષાંક ૬૩૨૫ સાધ્ય કરે તે પહેલાં પ્રોફીટ બુકીંગ આવ્યું અને બજાર માર્જીનલી રેડમાં બંધ આવ્યું પરંતુ ૬૧૦૦ ઉપર બંધ આપવામાં સફળ રહ્યું.

ટેકનીકલી હજુ પણ બજાર ઉર્ધ્વમૂખી છે, અને બજારમાં જે મંદીમયતા તેમ જ પ્રોફીટ બુકીંગ આપણે જોયું તે એવી છાપ ઉપસાવે છે કે બજારમાં વેચવાલી થઈ રહેલ છે તેથી એવો અંદાજ બાંધવો સાચો જણાશે કે બજાર હજુ ઉર્ધ્વમૂખી જ છે અને હવે પછીનો તાર્કિક ટેકનીકલ લક્ષાંક ૬૩૫૦ છે જે હજુ પણ મૂલ્ય ધરાવે છે.

સેન્સેક્ષ માટેનો ટેકો ૨૦૧૦૦ અને તાર્કિક પ્રતિકારક સપાટી ૨૦૭૬૬ છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ હું હાલમાં જયાં સુધી ૬૦૦૦ ની સપાટી ટકી રહે ત્યાં સુધી પોઝીશન જાળવી રાખવાનું પસંદ કરીશ.



## ખટ્ટા-મીઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૦૯૨૨૭૦૬૭૬૬૨

**નમસ્કાર મિત્રો,**

ગયા સપ્તાહમાં ઈનસાઈડર સુત્રોના મતે માર્કેટના મોટા ખેલાડીઓ ૬૨૦૦-૬૩૦૦-૬૪૦૦ના કોલ ઓપ્શન વેચી રહ્યા હોવાની વાત ધ્યાનમાં આવી છે અને તે મુજબ બજારમાં ઈન્ટરમીડીયેટ ટોપ બની ગયેલો હોય તેવું જણાય છે.

નિફટીમાં ટ્રેડીંગ કરનારાઓ આવનારા દિવસોમાં ૬૦૯૭ની નીચે વેચીને ૬૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈઝનો કોલ ઓપ્શન હેજીંગ માટે ખરીદી કરી શકે છે. સ્ટોપલોસ રહેશે ૬૨૪૮

આવનારા દિવસોમાં જો કરેક્શન આવે તો નીચે મુજબના શેરમાં મિડીયમટર્મ માટે રોકાણ કરી શકાય.

૧. **હિંદ યુનિલિવર :** ઘટાડે ખરીદો સ્ટોપલોસ ૨૫૦ ટાર્ગેટ ૪૨૭નો છે. મંથલી ચાર્ટ પર ટ્રાયેંગલ બ્રેક આઉટ છે.

૨. **જી.ઈ. શિપીંગ :** લાંબા સમયથી ચેનલમાં ટ્રેડ કરી રહ્યો છે. ઘટાડે ખરીદો. ૩૭૫ ઉપર ૪૫૦નો ભાવ મળશે.

૩. **ડો. રેડ્ડી :** ઘટાડે ખરીદો. સ્ટોપલોસ ૧૨૭૭ ટાર્ગેટ ૧૭૫૦-૭૮૦૦

૪. **ઈન્ડિયન ઓઈલ :** ઘટાડે ખરીદો સ્ટોપલોસ ૩૫૦ ટાર્ગેટ ૬૫૦

**નિફ્ટી ૬૦૦૧ ન તોડે ત્યાં સુધી ચિંતાનું કારણ નથી** — શરદ કોટક

# જનરલ બજાર કરેક્શનમાં આવ્યું છે પરંતુ રિલાયન્સ ગ્રુપ સક્રિય રહેશે

બજાર છેલ્લા છ સપ્તાહથી તેજીની ચાલમાં આગળ વધી રહ્યું હતું.ગયા સપ્તાહમાં ઉપરમાં નફારુપી વેચવાલી આવી છે. ફંડોએ વેચવાલી કરી છે તેના કારણે ચાર્ટમાં નબળાઈ બતાવી છે. ઉપરના મથાળેથી વેચવાલી આવવાની શકયતા બતાવી રહ્યું છે. આવનાર દિવસોમાં ઉપરના મથાળે સાવચેતી રાખવાની રહેશે.

**ટેકનો વ્યૂ**



રમેશ વાટલિયા
મો. ૯૮૯૮૧૧૫૪૮૮
www.rameshvatalia.com

**ચાર્ટ અવલોકન**

**નિફ્ટી (૬૧૪૨) :** સાપ્તાહિક ચાર્ટમાં નબળાઈ બતાવી દીધી છે. દૈનિક ચાર્ટમાં વધારે પડતી લેણની સ્થિતિ બની હોવાથી એમએસીડીમાં નેગેટિવ ડાયવર્ઝન આવી ગયું છે. આના કારણે ઉછાળે વેચવાલી આવવાની ગણતરી બતાવી રહ્યું છે. સાપ્તાહિક ચાર્ટમાં કલોઝીંગ નેગેટીવ આવ્યું હોવાથી બજારમાં સાવચેતી રાખવાની રહેશે. બજારમાં ઓવર વેલ્યુ થઈ ગયા હોવાથી સ્ટોકમાં ઘટાડે (ભાવમાં) આવવો જરુરી. આ કરેક્શન કેટલું આવે તે જોવાનું રહેશે. ટૂંકમાં ઉપરના ભાવથી તેજીના વેપાર પકડાઈના જાય તે  ખાસ ધ્યાન રાખવું. નિફ્ટીમાં ઉપરમાં ૬૨૦૦ની નજીકની સપાટી કૂદાવતા ૬૨૪૦ ખૂબજ સ્ટ્રોંગ સપાટી ધ્યાનમાં રાખવી. નીચામાં ૬૦૯૦ ની સપાટી તૂટતા ઝડપી કરેક્શનની ચાલ આગળ વધશે.

**એમ્ફેસીસ (૬૬૪) :** ગયા સપ્તાહમાં બજારમાં નબળાઈ આવી છતાં આ શેરમાં મજબૂતાઈ રહી છે. સાપ્તાહિક ચાર્ટમાં હાયર બોટમની રચના બનાવીને અગાઉની સપાટી કૂદાવી છે. ૬૭૨ની વટાવતા તેજીની ચાલ ઝડપથી આગળ વધશે. ઉપરમાં ૭૦૦ આસપાસ આવી શકે છે .

**એમઆરપીએલ (૮૨) :** આ શેરમાં નીચામાં ૭૬ની અગત્યની સપાટી રહેશે. ઉપરમાં ૮૫ની સપાટી વટાવતો ઝડપથી તેજીની ચાલ આગળ વધશે. ચાર્ટમાં પોઝીટીવ સંકેત બતાવી રહ્યો છે. રોકાણ હોય તો જાળવી રાખવું.

**ઓપ્ટો સર્કિટ (૩૧૫) :** આ શેરમાં બે સપ્તાહમાં કરેક્શનની ચાલ પૂર્ણ કરીને ગયા સપ્તાહમાં ૩૦૦ આસપાસ ખરીદી કરવાના સંકેત આપી દીધા છે. અમારી સાથે સંકળાયેલા મિત્રોને આનો પૂરો લાભ મળી રહ્યો છે. ઉપરમાં ૩૨૨ની સપાટી ખૂબ જ અગત્યની રહેશે. આ સપાટી કૂદાવતા ઝડપથી તેજીની ચાલ આગળ વધશે. નીચામાં ૨૯૫ની ખૂબ જ મહત્ત્વની સપાટી રહેશે. દૈનિક ચાર્ટમાં વધારે પડતી વેચાણવાળી સ્થિતિમાંથી સુધારા તરફી થઈ રહ્યો છે.

**ભારતી એરટેલ (૩૫૪) :** છ સપ્તાહથી તેજીની ચાલ ઉપરમાં ૩૭૭નું મથાળું બનાવીને કરેક્શનની ચાલમાં પ્રવેશ કર્યો છે. ગયા સપ્તાહમાં નબળાઈ બનાવી દીધો છે. ઉછાળે વેચવાલી આવ્યા કરશે. ઉપરમાં ઉછાળા થકી ૩૬૪ સુધી ની ચાલ આગળ વધશે. રોકાણથી દૂર રહેવું.

**ટાટા સ્ટીલ (૬૩૫) :** છેલ્લા છ સપ્તાહથી તેજીની ટ્રેડ લાઈન ઉપરમાં ૬૮૫નું મથાળું બનાવીને હાલ પૂરતી તેજીનો એક રાઉન્ડ પૂર્ણ કરીને કરેક્શનની ચાલમાં પ્રવેશ કર્યો છે. સાપ્તાહિક ચાર્ટમાં વધારે પડતી વેચાણવાળી સ્થિતિમાં હોવાથી ઉછાળે વેચવાલી આવશે. ઉપરમાં ૬૮૩ની મહત્ત્વની પ્રતિકારક સપાટી પાસે આવશે. નીચામાં ૬૨૪ની સપાટી તૂટતા ૬૦૦ની સપાટી અગત્યની રહેશે.

**અરવિંદો ફાર્મા (૧૧૨૦) :** સાપ્તાહિક ચાર્ટમાં પોઝીટીવ સંકેત યથાવત્ છે. ગયા સપ્તાહમાં બ્રેકઆઉટની રચના બનાવી છે. ૧૦૧૫ની મહત્ત્વની સપાટી રહેશે. આ સપાટી તૂટશે તો જ કરેક્શનની ચાલમાં આગળ વધશે. ઉપરમાં ૧૧૫૨ની સપાટી વટાવતા તેજીની ચાલ આગળ વધશે.

**જીએસપીએલ (૧૧૭) :** ગયા સપ્તાહમાં આપણે રોકાણ માટે જણાવેલ છે. દૂરમાં ૧૦૬ની સપાટી અગત્યની



રહેશે. ઉપરમાં ૧૧૯ની સપાટી કૂદાવતા ૧૨૩ મહત્ત્વની સપાટી પાસે આવશે. રોકાણ હોય તો જાળવી રાખો.

**ડીવીઝ લેબ. (૭૩૨) :** આ શેરમાં પાંચ સપ્તાહથી કરેક્શનની ચાલમાં યથાવત હતો. ઉપરમાં ૭૭૫ના ભાવથી ટોપ બનાવીને નીચામાં ૬૮૫ની બોટમ બનાવીને કરેક્શનની ચાલ પૂર્ણ કરીને તેજીની ચાલમાં આગળ વધશે. ઉપરમાં ૭૪૧ કૂદાવતા ૭૪૮ વટાવતા ૪૭૦ આસપાસ ચાર્ટ પરથી ભાવ આવશે. તેવી ગણતરી બતાવી રહ્યું છે.

**ડીસીએચએલ (૧૩૭) :** નીચામાં રાઉન્ડિંગ બોટમ બનાવી રહ્યો છે. ઉપરમાં ૧૪૨ મહત્ત્વની સપાટી વટાવતા તેજીની ચાલ ઝડપથી આગળ વધશે. નવી તેજી કરવા માટે ઉપરની સપાટી કૂદાવવી જરુરી છે.

**પ્રાજ ઈન્ડ. (૮૦) :** આ શેરમાં રાઉન્ડિંગ બોટમ બનાવી રહ્યો છે. નીચામાં ૭૩ની આસપાસ વારંવાર બોટમ બનાવી રહ્યો છે. ઉપરમાં અગાઉમાં ૮૫થી વારંવાર વેચવાલી આવી જાય છે. ૮૪ બંધ આવતા તેજીની ચાલ આગળ વધશ. મોટી તેજી કરવા માટે ૮૪ ઉપર જવું જરુરી છે.

# ૬૦૪૫-૬૦૬૩ નીચે બે દિવસ બંધ ન આવે ત્યાં સુધી મોટી મંદી કરવી જોખમકારક

**નિફ્ટી ફ્યુચર (૬૧૩૩) :** નિફ્ટી ફ્યુચરમાં ૬૦૭૮ ના તોડે ત્યાં સુધી એક પોલા બાઉન્સ બેકની શક્યતા રહેલી છે. તેથી ઈન્ટ્રાડેમાં લેણ પેટે ચુસ્ત ૬૦૬૩ નો સ્ટોપલોસ રાખી લેણ કરવું. ઉપરમાં

**ગોલ્ડન સ્પોટ**

મનીષ પટેલ

૬૧૭૨-૬૧૮૭ તથા ૬૨૧૫ સુધીના ગમે તેવા પ્રકારના લેણમાં નફો કરી હળવા થવું હિતાવહ છે. આ ઉછાળામાં ૬૨૨૨ના બે દિવસ બંધના સ્ટોપલોસે વેચાણ કરવું. નીચામાં ૬૦૭૮-૬૦૬૩-૬૦૪૫ એ વીકલી ચાર્ટની દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વનો સપોર્ટ છે. આ સપોર્ટ તૂટતા હાલ પુરતી નવો હાઈ બનાવવાની થોડા સમય માટે આશા ખતમ થઈ જશે. અને આ વીકલી સપોર્ટ નીચે બંધ આવતા ૬૦૧૪- ૫૯૭૩-૫૯૩૨ અને ૫૯૦૧ નો વધુ ઘટાડો જોવા મળે.

**બેંક નિફ્ટી ફ્યુચર (૧૨૫૩૦) :** ૧૨૫૮૩-૧૨૬૨૨૯-૧૨૬૫૬-૧૨૭૧૧ ના ગમે તેવા પ્રકારના ઉછાળામાં ૧૨૭૪૮ ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં ૧૨૧૪૫-૧૨૨૨૭ એ વીકલી ચાર્ટની દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વનો સપોર્ટ છે. આ સપોર્ટ તૂટતા અને તે નીચે બંધ આવતા બેંક નિફ્ટી ફ્યુચરમાં મંદીની શરુઆત થશે અને વધુ ઘટાડા થકી ૧૨૦૩૦-૧૧૯૩૨-૧૧૮૬૬-૧૧૮૨૦નો ભાવ જોવા મળે.

**અબાન ફ્યુચર (૮૭૦) :** ૮૨૦-૮૪૫ના ઘટાડામાં ૮૧૨ના સ્ટોપલોસથી લેણ જ કરવું. ઉપરમાં ૯૦૨-૯૧૭ નો ભાવ જોવા મળે. તથા ૯૧૭ ઉપર બે દિવસ બંધ આવતા વધુ ઉછાળા થકી ૯૪૨-૯૬૪ ૧૦૦૩ અને ૧૦૨૧ નો ભાવ જોવા મળે.

**ભેલ ફ્યુચર (૨૬૧૧) :** ૨૫૬૪-૨૫૮૪ના ઘટાડામાં ૨૫૩૪ના સ્ટોપલોસથી લેણ કરવું. ઉપરમાં ૨૬૬૦ ઉપર સતત બે દિવસ બંધ આવતા વધુ સુધારા થકી ૨૬૯૮-૨૭૪૬ અને ૨૭૭૮નો ભાવ જોવા મળે.

**રિલાયન્સ ફ્યુચર (૧૦૫૬) :** ૧૦૩૨-૧૦૪૨ ના ઘટાડામાં ૧૦૧૬ ના સ્ટોપલોસથી લેણ કરવું. ઉપરમાં ૧૦૮૮ પાર થતા ૧૦૭૨-૧૦૯૭ અને ૧૧૦૭ નો ભાવ જોવા મળે.

**ટાઈટન ફ્યુચર (૩૩૫૮) :** ૩૩૧૮-૩૩૩૩-૩૩૦૧ ના ઘટાડામાં ૩૨૭૮ ના સ્ટોપલોસથી લેણ કરવું. ઉપરમાં ૩૪૨૦ ઉપર સતત બે દિવસ બંધ આવતા વધુ સુધારા થકી ૩૪૭૩-૩૫૧૧ અને ૩૫૪૮નો ભાવ જોવા મળે.

**એજ્યુકોમ ફ્યુચર (૬૨૬) :** ૬૧૧ ઉપર બંધ જળવાય ત્યાં સુધી આ સ્ટોકમાં પોઝીટીવ બ્રેક આઉટ યથાવત્ રહેશે. લેણ પેટે ૬૦૩નો સ્ટોપલોસ રાખવો. ૬૫૩ ઉપર બંધ ન આવે ત્યાં સુધી અવારનવાર ઉછાળે વેચવાલી જોવા મળે. ૬૫૩ ઉપર બંધઆવતા વધુસુધારા થકી ૬૭૪-૬૮૬-૭૦૯ અને ૭૧૮ નો ભાવ જોવા મળે.

# ઘટાડાને ખરીદીની તક માની ખરીદી કરો

**બજારનું વિહંગાવલોકન**

હાલની ચાલી રહેલી ઉર્ધ્વગતિમાં બજાર થોડું કરેકશન દર્શાવી રહેલ છે. નિફ્ટીના ૬૧૮૦થી ૬૨૨૫ની સપાટીમાં કટલાક ટૂંકા ગાળાના તેજી તરફી ટ્રેડર્સે નફો બુક કર્યો અને પરિણામે મંદી તરફીઓએ તેને શોર્ટ ટ્રેડની તક ગણી. જો

**રાય અનિલરાયકી**



અનિલરાય
મો. ૦૯૩૦૪૦૩૦૧૮૬, ૦૯૮૩૫૩૨૮૪૩૦
Website: www.sharedhan.com
Mail:sharedhan@yahoo.co.in

કે બજાર માટે આ તંદુરસ્તીભર્યું છે. ટૂંકા ગાળા માટે નિફ્ટીનો ટેકો ૬૦૫૦ થી ૬૦૭૦ની આસપાસ છે. જો ૬૦૫૦ની સપાટી વોલ્યુમ સાથે તૂટે તો આ તેજીમયતાને થોડી તકલીફ પડે. જો કે બજાર ૬૦૫૦ થી ૬૨૫૦ ની સપાટી વચ્ચે મજબૂતાઈ કેળવે તેવી ચોક્કસ સંભાવના છે. આ સમય દરમ્યાન સ્ટોક સ્પેસિફિક એકટીવીટી જોવા મળી શકે અને તેથી ટૂંકા ગાળાના ટ્રેડર્સે સ્ટોક સ્પેસિફિક અભિગમ અપનાવવો.

**ટૂંકા ગાળા માટેના શેરની વાત**

**એસીસી :** આ શેર લાંબા ગાળાની મજબૂતાઈની પેટર્ન તોડીને બહાર આવેલ છે અને આ બ્રેકઆઉટને ૧૪ દિવસનો આર એસ આઈ ટેકો આપી રહેલ છે. આ શેરમાં ટૂંકા ગાળા માટે રૂ. ૧૦૭૫ નો લક્ષાંક રાખી ખરીદી કરવી સલાહભરી છે. તે ઉપરનો લક્ષાંક રૂ. ૧૧૦૦ પણ શકય બને. રૂ. ૯૯૬નો સ્ટોપલોસ રાખવો. સમયગાળો ૮ થી ૧૦ ટ્રેડીંગ સેશન રાખવો.

**અદાણી એન્ટરટેઈનમેન્ટ :** આ એક મોમેન્ટમ ટ્રેડર્સનો શેર છે અને આ શેર હાલમાં જોરદાર ઉર્ધ્વગતિ માટે તૈયારી કરી રહેલ છે. આ શેરની ટૂંકા ગાળાની પ્રતિકારક સપાટી રૂ. ૭૧૦ની આસપાસ છે. ટૂંકા ગાળામાં રૂ. ૭૬૦ ના લક્ષાંકથી, રૂ. ૭૧૦ની આસપાસ નવી ખરીદી કરવી સલાહભરી.

**એપોલો ટાયર :** હવે ઉર્ધ્વગતિ ધારણ કરવા માટે આ શેર તૈયારી કરી રહેલ હોય તેમ જણાય છે. રૂ. ૯૪ના લક્ષાંકથી રૂ. ૮૫ની સપાટી ઉપર આ શેર ખરીદી શકાય. સ્ટોપ લોસ રૂ. ૮૦ રાખવો. અને ટ્રેડીંગ માટેનો ગાળો ૧૦ થી ૧૨ ટ્રેડીંગ સેશનનો રાખવો હિતાવહ જણાય છે.

**અરેવા :** આ શેરમાં તેજી તરફીઓની માંગ સારી છે અને આ શેર રૂ. ૩૫૫ તરફ ગતિ કરી કરી રહેલ છે અને થોડા સેશનમાં તે સાધ્ય પણ કરશે. આ શેર મધ્યમગાળાના વ્યૂહથી પણ સારો જણાય છે અને ઉપર તરફ રૂ. ૪૦૦ ના લક્ષાંકથી, ટ્રેડર્સ લાંબા ગાળા માટે પણ આ શેર જાળવી શકે.

**સિપ્લા :** આ ફાર્મા સ્ટોકે રૂ. ૩૩૪ ઉપર બ્રેકઆઉટ આપેલ છે અને હવે તે ટૂંકા ગાળામાં રૂ. ૩૪૫ થી ૩૫૫ની સપાટી સાધ્ય કરવા તરફ આગળ વધી રહેલ છે. રોજીંદા ધોરણે રૂ. ૩૨૫ નો સ્ટોપલોસ રાખી આ શેર ખરીદી શકાય.

**ડો. રેડ્ડી :** આ ફાર્મા સ્ટોકે પણ હાલમાં ચાર્ટ પર તેજીમય લાગી રહેલ છે અને હવે તે મધ્યમ ગાળામાં ૧૬૨૫ થી૧૬૭૫ સાધ્ય કરવા તરફ આગળ વધી રહેલ છે. આ શેરની ઘટાડે ખરીદી કરવી હિતાવહ.

**જ્યુબીલી ફૂડ :** આ શેરની ચાર્ટની રચના હકારાત્મકતા ભરી છે. ટૂંકા ગાળાની પ્રતિકારક સપાટી રૂ. ૫૦ થી ૫૫ છે. ટ્રેડર્સને આ શેર ઘટાડે ખરીદી કરવા અને જાળવી રાખવા ભલામણ છે. જો એક વખત આ શેર તેની પ્રતિકારક સપાટી તોડશે તો ૧૦ ટકા જેટલો વધારો દર્શાવે તે અપેક્ષિત છે.

**એમ્ફેસીસ :** આ આઈ ટી શેર તેની રૂ. ૬૬૭ ની પ્રતિકારક સપાટી નજીક છે. ટૂંકા ગાળાનો ટેકો રૂ. ૬૩૫ થી ૬૪૦ છે. ટ્રેડર્સ રોજીંદા બંધના ધોરણે રૂ. ૬૩૦નો સ્ટોપલોસ રાખી, ટૂંકા ગાળામાં જ રૂ. ૭૦૦ ના લક્ષાંક સાથે, ઘટાડે આ શેર ખરીદી શકે.

**ટાટા સ્ટીલ :** સપ્તાહના છેલ્લા બે દિવસ આ શેર સરેરાશ વોલ્યુમ સાથે ઘટેલ જોવા મળેલ છે. આ શેર તેની ટેકાની સપાટી ૬૩૦ થી ૬૩૫થી સહેજ નીચે બંધ આવેલ છે. આ ટેકાની સપાટી નીચે ભારે વોલ્યુમ સાથે જો ફરી બંધ આપે તો તે આ શેર માટે નકારાત્મક ગણાશે.

# નિફ્ટીમાં કરેક્શન દરમ્યાન ૬૦૫૦ આસપાસ સપોર્ટ મળશે : ઘટાડે શિપીંગ, ટેકનોલોજી શેરોમાં સપોર્ટ મળશે

સપ્તાહના અંતિમ બે દિવસોમાં વિદેશી તેમજ સ્થાનિક ફંડોની એકધારી વેચવાલીને કારણે નિફ્ટીમાં આજે શુક્રવારે ૬૦૯૭ ઈન્ટ્રાડે લો લેવલ જોવાયેલ. હાલ નિફ્ટીમાં ૬૨૫૦ નું લેવલ પ્રતિકારક બની ગયું છે. જ્યારે

**શ્યોર સર્કિટ**



નિરવ દેસાઈ
મો. ૯૯૩૦૪૯૫૭૮૦
www.asianstockworld

૬૦૫૦ મુખ્ય સપોર્ટ છે. ઘટાડે સપોર્ટે મળશે. માર્કેટ ૬૦૦૦ની નીચે કલોઝ આપે તો જ મોટી મંદીની શક્યતા બને. જે શક્યતા જણાતી નથી. તેથી ઘટાડે ખરીદી કરવા ભલામણ અને ૬૨૦૦ નો કોલ લઈ મહિનાના અંત સુધી જાળવી રાખવા વિનંતી છે.

**(૧) કર્ણાટક બેંક (૧૮૬) :** આ શેરમાં ૧૭૫ સપોર્ટ છે. જ્યારે ૨૦૦નું લક્ષ છે. વધઘટે ૨૨૦ અને ૨૪૦ મિડીયમ ટર્મ લક્ષ છે.

**(૨) ભારતી શીપયાર્ડ (૨૪૭) :** આ શેરમાં હાલ ૨૨૬ સપોર્ટ છે. ઘટાડે જ ખરીદ કરવા ભલામણ છે. આગળ જતા ૨૬૦ ઉપર ૨૯૫ થી ૩૦૦નું લક્ષ છે. ઓપીએમ ૨૬.૫૮ તેમજ પીઈ ૫.૬૨ છે. ૨૮.૯૪ કરોડની મૂડી પર ગત વર્ષે ૨૨ કરોડનો નેટ પ્રોફીટ થયેલ. શેરની ડીલીવરી જાળવી રાખનારને એવોર્ડ પછી ૫૦૦ થી વધુનો ભાવ પણ મળશે.

**(૩) એબીજી શીપયાર્ડ (૨૯૫) :** આ કંપનીમાં ખૂબ પ્રગતિ કરી રહી છે. હાલ ૨૭૦ સપોર્ટ સામે શોર્ટ ટર્મ ૩૨૦ અને મિડીયમ ટર્મ ૩૫૦થી ૩૫૫નું લક્ષ છે. જ્યારે લોંગ ટર્મમાં ૪૪૦ થી ૪૫૦નું લક્ષ છે. કંપનીની ૫૧ કરોડની કેપીટલ ઉપર ૩૮ કરોડનો નેટ પ્રોફીટ ગત વર્ષે નોંધાયેલ. ઈપીએસ ૭.૫૪ ઓપીએમ ૨૫.૨૦તેમજપીઈ૬.૮૨ રેકર્ડથયેલ હતો.

**(૪) આર.સી.એલ ફૂડ (૬૩) :** આ શેર ના ભારે વોલ્યુમ ગત સપ્તાહમાં જોવાયેલ. ફૂડ પ્રોસેસમાં કંપની સાથે બીજી મોટી કંપનીના રીવર્સ મર્જરના સમાચારે સટ્ટાકીય પ્રવૃત્તિ વધી છે. સારા પરિણામ તથા ઊંચા ડીવીડન્ડની ચર્ચાએ નવા સપ્તાહમાં ભાવ વધવાની શક્યતા જોતા હાલ ૬૦નો સપોર્ટ ધ્યાનમાં લઈ ખરીદ કરવા ઉપરમાં ૬૮ ઉપર ૭૭ અને ત્યારબાદ ૮૫ થી ૯૦ સુધી ઉછળવાની શક્યતા છે.

**(૫) મીક ઈલેક્ટ્રોનિક્સ (૪૨) :** આ શેરમાં ૪૦ સપોર્ટ છે. જ્યારે ૪૬નું લક્ષ છે.

**(૬) આઈબી રિયલ (૧૯૧) :** આ શેરમાં આગળ સારી તેજી છે. હાલ ૧૮૨ સપોર્ટ છે. જ્યારે ઉપરમાં ૨૦૦ થી ૨૦૫ની શોર્ટ ટર્મ માં શક્યતા છે.

**અભિનેત્રી ઋષિતા ભટ્ટ મિલિયન યૂરો બસ્ટિયર પહેરીને ઝળહળી**

## ઓરાએ અમદાવાદમાં શરૂ કર્યું ફ્લેગશિપ બુટિક

ભારતની પ્રતિષ્ઠિત ડાયમંડ જ્વેલરી રિટેલ ચેન ઓરાએ અમદાવાદમાં પોતાનું ફ્લેગશિપ બુટિક આજે શરૂ કર્યું. **આ બુટિક 'શક્તિ નિવાસ', સ્વસ્તિક ક્રોસ રોડ, સીજી રોડ, નવરંગપુરામાં શરૂ થયું છે.**




આ કાર્યક્રમનું ગ્લેમર વધારવા માટે મોડલોએ ઓરા દ્વારા બનાવેલ આધુનિક ડિઝાઈનની જ્વેલરી અને સોલિટેર રજૂ કર્યા. ઝગમગતા ડાયમંડ જેવી જ સુંદર અભિનેત્રી ઋષિતા ભટ્ટે મિલિયન યૂરો ડાયમંડ બસ્ટિયર પહેરીને રેમ્પ વોક કર્યું. આ મિલિયન યૂરો બસ્ટિયર (અંદાજીત કિંમત રૂા. ૬ કરોડ) ઓરાના આંતરરાષ્ટ્રીય ડિઝાઈન સેન્ટર દ્વારા હાથથી બનાવેલું છે. જેમાં ૫૦૦ કેરેટ ઉપરાંત ડાયમંડ છે અને વિશ્વનું એક અજોડ સર્જન છે.

**આ વિષે ઓરાના સીઈઓ અને ડાયરેક્ટર શ્રી વિજય જૈને જણાવ્યું હતું કે,** 'અમદાવાદમાં અમારૂં ફ્લેગશિપ બુટિક શરૂ કરતા મને ખૂબજ આનંદ થાય છે. આ સ્ટોરની સાઈઝ અને વિશિષ્ટ જ્વેલરી આને બીજા સ્ટોર કરતા અલગ તારવે છે. ભારતમાં લક્ઝરી શોપિંગનું હવે એક જુદુંજ માર્કેટ છે અને ઓરાનું ડાયમંડ બુટિક ગ્રાહકોને એ પુરું પાડે છે.

જે લોકો સ્ટાઈલ વાળી જ્વેલરી ખરીદવા ઈચ્છે છે એ લોકો માટે ઓરાનો ફ્લેગશિપ સ્ટોર આદર્શ સ્થળ છે. નવરંગપુરામાં સ્થિત આ સ્ટોર ત્રણ માળનો છે જેમાં ડાયમંડ, પ્લેટિનમ અને બ્રાઈડલ જ્વેલરી માટે અલગ-અલગ માળ છે. ઓરાને ૧૮૮૮ના બેલઝિયન વારસાનું ગૌરવ છે. અને નવા સ્ટોરની ડિઝાઈનમાં ઝલકે છે. મોટા ડિસ્પ્લે, તરત નજરે પડતો આગળનો ભાગ, સુંદર લાઈટિંગ જે જ્વેલરીને હાઈલાઈટ કરે અને વૈભવી સીટો આ બધું સ્ટોરને આંતરરાષ્ટ્રીય સ્તરનો બનાવે છે. મોંઘી ખરીદી માટે એક જુદો જ વિભાગ છે જ્યાં ગ્રાહકો બેસીને જ્વેલરી જોઈ શકે અને ઓરાનો પ્રશિક્ષિત સ્ટાફ એમને સારા પીસ પસંદ કરવામાં મદદ કરશે. ઓરા તેની કલાતીત ડિઝાઈનો, ગુણવત્તા અને સર્વોત્તમ કટ ડાયમંડ અને સોલિટેર માટે જાણીતું છે. તમે ડાયમંડની બુટ્ટીઓ, બંગડીઓ, વીંટીઓ, પેન્ડન્ટ, નેકલેસ અને એની વિશાળ શ્રેણીમાંથી પસંદગી કરી શકો છો. ભારે સેટ ક્રાઉન સ્ટાર સોલિટેર અને કલર સ્ટોનમાં ઉપલબ્ધ છે. ઓરા દેશમાં સૌથી મોટું પ્લેટિનમ રિટેલર છે અને આ કિમતી ધાતુ એક મોટું કલેક્શન છે. ઓરા સર્વશ્રેષ્ઠ બેલઝિયન ડાયમંડ લે છે અને કટ કરી પોલિશ કરે છે અને પછી સૌથી સ્ટાઈલિશ અને ક્લાસી ડિઝાઈનોમાં એને સેટ કરે છે, એટલે જ કહેવાય છે કે ઓરા ડાયમંડ હાથથી વીણે છે અને પછી એને સર્વશ્રેષ્ઠ કટ આપે છે.' તો કોઈપણ પ્રસંગ હોય અમદાવાદમાં નવરંગપુરામાં ઓરા ડાયમંડ બુટિકમાં પધારો અને શાશ્વત માટે જ્વેલરી ખરીદો.

# ન્યુઝ ટ્રેક

## શેરબજારમાં ૧૮ મી ઓકટોબરથી શેર બજારનો સમય બદલાશે
## સોદા ૧૫ મિનિટ મોડા શરુ થશે

શેરબજારમાં ફરી એકવાર સમયમાં મોટો ફેરફાર થઈ રહેલ છે. તા. ૧૮મી ઓકટોબરથી શેરના સોદા વર્તમાન સમય કરતાં ૧૫ મિનિટ મોડા શરુ થશે. વૈશ્વિક બજારની સાથે તાલ મિલાવવા માટે બી એસ ઈ અને એન એસ ઈ આગામી ૧૮ મી ઓકટોબરથી પ્રિ માર્કેટ કોલ ઓકશન શરુ કરી રહેલ છે. ભારતમાં ૧૫ મિનિટનુ પ્રિ-ટ્રેડીંગ સેશન શરુ થશે. પરિણામે શેર બજારમાં સમય કરતાં ૧૫ મિનિટ વહેલું ખુલવું જોઈએ. પરંતુ ભારતમાં આ સંદર્ભમાં ઉલટું થવાનું છે. પ્રિ માર્કેટ કોલ ઓકશનનો સમય ૯.૦૦ વાગ્યાનો જ રાખ્યો છે પણ તેનું ટ્રેડીંગ ૯.૧૫ મિનિટથી શરૂ થશે. જેને પગલે રેગ્યુલર સોદા ૯.૧૫ થી શરૂ થઈ શકશે. આમ શેરબજારમાં પ્રિ-માકેટ ટ્રેડિંગ ભલે શરુ થાય, પરંતુ તમારે વહેલા જવાની જરૂર નથી. આમ શેરબજાર ખુલશે ૯ કલાકે જ, પરંતુ ત્યારે માત્ર સોદા જ મુકી શકશો તેનું ટ્રેડીંગ તો ૯.૧૫ થી જ શરૂ થશે. હાલમાં પ્રથમ તબક્કામાં પ્રિ માર્કેટ કોલ ઓકશન પસંદગીના શેરમાં જ થઈ રહેલ છે. જેમાં ટ્રેડર્સ રોકાણકારો ૧૫ મિનિટ વહેલા સોદા મૂકી શકશે. આનો બીજો અર્થ એવો થઈ શકે કે તમામ સોદાની શરુઆત ૧૮ મી ઓકટોબરથી ૯.૧૫ કલાકે થશે.

## તહેવારોની સીઝનમાં સુકા મેવાના ભાવ આસમાને

તહેવારોની સિઝનમાં સામાન્ય રીતે ઘરાકી વધારે રહેતી હોય છે. આસો મહિનો એટલે તહેવારોનો મહિનો, નવલી નવરાત્રીની શરુઆત તો થઈ પણ ગઈ છે ત્યારે અમદાવાદનાં સ્થાનિક બજારોમાં સુકા મેવાના ભાવમાં વધારો જોવા મળેલ છે છેલ્લા એક મહિના દરમિયાન અમદાવાદના સ્થાનિક બજારમાં કાજુ, બદામ, સુકી દ્રાક્ષ અને અંજીરના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળેલ છે. જો કે કાજુ અને અંજીરનું ઉત્પાદન આ વર્ષે ઓછું થયેલ હોવાથી કાજુના ભાવ કિલો દીઠ રૂ. ૮૦ થી ૧૦૦ જેટલો અને અંજીરના ભાવમાં પણ કીલો દીઠ રૂ. ૩૦ થી ૪૦ નો વધારો જોવા મળેલ છે. જયારે માત્ર અમેરિકાથી આવતી બદામની માંગમાં વધારો થયો હોવાથી તેમાં પણ કીલો દીઠ રૂ. ૮૦ થી ૧૦૦નો વધારો થયેલ છે.

## એસ.ટી.માં વિના મૂલ્યે નોકરી મેળવવા માટેનું ભરતી ફોર્મ ભરી શકાશે

એસ.ટી. નિગમ દ્વારા ડ્રાઈવરની ૩૦૩૫, કંડક્ટરની ૨૯૮૪ તથા મિકેનીકની ૧૫૧૪ જગ્યાઓ સીધી ભરતી કરવા માટેની પ્રક્રિયા તા. ૨૧-૧૦-૧૦ સુધી શરુ કરેલ છે. અને તેના માટે કોઈપણ જાતની અરજીપત્રકની ફી રાખવામાં આવેલ નથી. આ અરજી પત્રક ભરવા માટે www.ojas. guj.nic.in ની વેબ પર પુરી વિગતો આવેલ છે જે વિગતો કોઈપણ સ્થળેથી કોઈપણ સમયે અરજદાર ભરી શકશે.

## મંદિર મસ્જિદ વિવાદ : સમાધાનની ફોર્મ્યુલા ઉપર સહમતીનો દાવો

અયોધ્યા વિવાદ સાથે સંકળાયેલ ૩ મુખ્ય પક્ષો રામજન્મભૂમિ ટ્રસ્ટ, હાસિમ અન્સારી અને નિર્મોહી અખાડા વચ્ચે ગઈકાલે પ્રથમ વખત દોઢ કલાક વાતચીત થઈ અને દાવો કરવામાં આવ્યો છે કે મંદિર મસ્જિદ વિવાદાસ્પદ મુદ્દાને સહમતીથી હલ કરવાની ફોર્મ્યુલા નક્કી કરી લેવામાં આવી છે. આ બેઠકમાં હનુમાનગઢીના મહંત જ્ઞાનદાસે જણાવ્યું હતું કે અમે એવો પ્રયાસ કર્યો કે મંદિર મસ્જિદ બંનેની ભાવનાઓને ધ્યાનમાં રાખવાની સાથોસાથ કોર્ટનું પણ સન્માન કરતા અમે આ મુદ્દે સમાધાન કરવાનું નક્કી કર્યું છે. હાસિમ અંસારીએ મહંત જ્ઞાનદાસની વાત ઉપર સહમતી બતાવતા કહ્યું હતું કે મંદિર મસ્જિદ વિવાદના સુખદ અંતમાં સર્વપક્ષીય સહમતી કરીને આગળ વધાશે.

# ઉંચી સપાટીએ પ્રોફીટ બુકીંગ

**તા. ૦૮.૧૦.૨૦૧૦**

**ઋષભો આરામ ફરમાવી રહેલ છે**

છેલ્લા માસમાં અવિરત રેલી નિહાળ્યા પછી, ઓકટોબર માસની શરુઆત વધુ ગંભીરતા સાથે થઈ. આ સપ્તાહે ઋષભોએ આરામ ફરમાવ્યો અને બજારને ૬૨૦૦ની અગાઉની સપાટીએ બંધ આપવામાં મુશ્કેલી પડી. ગત સપ્તાહે તેજી તરફીઓ દ્વારા નફો તારવાતો જોવા મળ્યો અને પરિણામસ્વરૂપ બજાર ૬૦૬૭ ની સપાટીએ ટેકો લીધો અને નીચે બંધ આવ્યું. ગતિસૂચક સંકેતક જેવા કે આર એસ આઈ પણ એક માસમાં ઓવરબોટ ઝોનમાં રહ્યા પછી આખરે નીચે આવી આ એ સંકેત છે કે બજાર હવે ઉર્ધ્વગતિ ચાલુ કરતાં પહેલાં જરા અટકી ગયેલ છે. નિફટીનો ૬૦૫૦ થી ૬૦૬૦નો મજબૂત ટેકો છે અને જયાં સુધી આ ટેકાની સપાટી જળવાઈ રહેશે, ત્યાં સુધી ટુકાગાળાની ઉર્ધ્વગતિ સાબુત જ રહેશે. જો નિફટી આ ટેકાની સપાટીના ગાળા નીચે બંધ આવે તો બજાર હાલની ઉર્ધ્વગતિના ટૂંકાગાળાના રિટ્રેસમેન્ટમાં પ્રવેશ કરે.

**લાયન રો'ર**

**લાયન**

roar_lion@yahoo.com

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૨૦૫૦૧ પોઈન્ટથી થઈ, ૨૦૭૦૬ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૨૦૧૪૫ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૨૦૨૫૦ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો. આ રીતે સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે ૧૯૫ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો.

આ જ રીતે નિફટીએ પણ શરૂઆત ૬૧૪૪ પોઈન્ટથી કરી, ૬૨૨૩ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૬૦૬૭ પોઈન્ટની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૬૧૦૩ ઉપર બંધ આપ્યો. આ રીતે નિફટીએ પણ સાપ્તાહિક ધોરણે ૪૦ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો.

સતત પાંચ વ્હાઈટ કેન્ડલ બનાવ્યા પછી, બજાર તૂટ્યું અને પરિણામસ્વરૂપ સેન્સેક્ષ અને નિફટી બંનેએ સાપ્તાહીક ચાર્ટ પર નાની બ્લેક બોડીની કેન્ડલની રચના કરી, જે એક તટસ્થ રચના છે. તેથી આવનાર સપ્તાહની કેન્ડલ નિર્ણાયક રહેશે. શુક્રવારે, દૈનિક ચાર્ટ મુજબ બંને ઈન્ડેક્ષે સ્મોલ સ્ટાર ફોર્મેશનની રચના કરી, જે એક નાની બોડીની બ્લેક કેન્ડલ છે. જો આપણે ગુરુવાર અને શુક્રવાર, એમ બે દિવસની કેન્ડલ લઈએ તો, મોર્નીંગ સ્ટારની પ્રથમ અડધી રચના જોવા મળે. જો સોમવારે સફેદ બોડીની કેન્ડલ રચાય તો આ મોર્નીંગ સ્ટારની રચના પૂર્ણ થાય.

હાલના તબક્કે તો સેન્સેક્ષનો ટેકો ૨૦૦૯૮ છે જયારે નિફટીનો ટેકો ૬૦૦૮ છે. જો બજાર આ સપાટીઓ નીચે બંધ આવે તો હાલની વૃધ્ધિમાં આપણને કરેકશન જોવા મળી. એટલે કે સેન્સેક્ષની ૧૭૮૧૯ની સપાટીએથી ૨૦૭૦૬ ની વૃધ્ધિ અને નિફટીની ૫૩૪૮ની સપાટીએથી ૬૨૨૩ની વૃધ્ધિમાં કરેકશન જોવા મળે. જો આમ બને તો સેન્સેક્ષ માટેની કરેકશન સપાટી ૧૯૬૦૩-૧૯૨૬૩-૧૮૯૨૨ અને નિફટી માટેની કરેકશન સપાટી ૫૮૮૯-૫૭૮૬-૫૬૮૨ હોઈ શકે.

હવે આપણે સાપ્તાહિક ચાર્ટ પર રચાયેલ તેજીમય ઈન્વર્ટેડ હેડ એન્ડ શોલ્ડ વિષે વિચાર કરીએ. સેન્સેક્ષ ઓગષ્ટ ૦૮માં ૧૫૫૭૯ની સપાટીએથી ઘટીને ઓકટોબર ૦૮ માં ૭૬૯૭ની સપાટીએ આવેલ. તેથી આ ઘટાડા પછીનો સેન્સેક્ષનો લક્ષાંક ૨૩૪૬૧ આવે છે. આ જ રીતે નિફટી પણ ઓગષ્ટ ૦૮માં ૪૬૪૯ની સપાટીએથી ઘટીને ઓકટોબર ૦૮ માં ૨૨૫૨ની સપાટીએ આવેલ અને તેથી આ ઘટાડા પછીનો નિફટીનો લક્ષાંક ૭૦૪૬ છે. બજારે રાઈઝીંગ ચેનલ બ્રેકઆઉટ આપેલ છે અને તેથી સેન્સેક્ષનો લક્ષાંક ૨૦૬૨૭ અને નિફટીનો લક્ષાંક ૬૧૮૦ હતો, જે ગત સપ્તાહે સાધ્ય થયેલ હતો.

હાલની ઉર્ધ્વગતિમાં બંને ઈન્ડેક્ષો એટલે કે સેન્સેક્ષ ૧૯૭૭૧ અને નિફટી ૫૯૩૨ થી પરત થયેલ છે અને આ પ્રક્રિયામાં આ બંને ઈન્ડેક્ષોએ હાયર બોટમની રચના કરેલ છે. સેન્સેક્ષે ૧૯૭૭૧-૧૭૮૧૯ની સપાટીએ અને નિફટીએ ૫૯૩૨-૫૩૪૮ની સપાટીએ હાયર બોટમની રચના કરેલ છે. **જો બંને ઈન્ડેક્ષો તેની હાયર બોટમ નીચે એટલે કે સેન્સેક્ષ ૧૯૭૭૧ અને નિફટી ૫૯૩૨ નીચે બંધ આપે તો ટૂંકા ગાળાની ઉર્ધ્વગતિ જોખમમાં આવે.** જયાં સુધી સેન્સેક્ષ ૧૭૮૧૯ની સપાટી અને નિફટી ૫૩૪૮ની સપાટી જાળવી રાખે ત્યાં સુધી લાંબા ગાળાની રૂખ સાબૂત રહે.

મુવીંગ એવરેજના મોરચે નજર કરીએ તો બંને ઈન્ડેક્ષ તેની ૨૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૯૯૭૫ અને નિફટી ૬૦૦૧) અને ૫૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૮૯૩૨ અને નિફટી ૫૬૮૬)થી સારા એવા ઉપર છે. તેથી **ટૂંકા થી મધ્યમ ગાળાની રૂખ હકારાત્મક રહેવાની ચાલુ જ રહેશે.**

એમએસીડીએ વેચવાલીના સંકેત આપેલ છે પરંતુ તેણે હકારાત્મક ટેરીટરીમાં રહેવાનું ચાલુ જ રાખેલ છે. સ્ટોકેસ્ટિક ઓસીલેટર હવે વધુ સમય ઓવરબોટ ટેરીટરીમાં નથી અને તેણે પણ વેચાણના સંકેત આપેલ છે કારણ કે %કે અને %ડીની લાઈનને ઉપર તરફથી કાપેલ છે. આર ઓ સીએ તેના ખરીદીના સંકેત ચાલુ જ રાખેલ છે. ગતિસૂચક સંકેતક જેવા કે આર એસ આઈ (૬૬) એક માસ તેની ઓવરબોટ ટેરીટરીમાં રહ્યા પછી આખરે નીચે આવેલ છે. એડીએક્ષ ૫૦ ઉપર છે, જે દર્શાવે છે કે હાલની રૂખ હવે પુખ્ત થઈ રહેલ છે. દીશાસૂચક સંકેતક જેવા કે +ડીઆઈ અને -ડીઆઈ તેના ખરીદીના સિગ્નલ સાથે ચાલુ જ છે પરંતુ તે હવે તેઓએ એક બીજા તરફ ગતિ શરુ કરેલ છે. એમ એફ આઈ ૪૨ કરતાં નીચે આવેલ છે જે ટૂંકા ગાળાના વેચાણના સંકેત આપે છે અને દર્શાવેછે કે ઉંચી સપાટીએ કેટલું પ્રોફીટ બુકીંગ આકાર લઈ શકે. આ જ સમયે ઓબીવીએ પણ બાય મોડમાં રહેવાનું ચાલુ જ રાખેલ છે.

ઓ આઈ પી સી આર ૧.૪૨ છે જે સૂચવે છે કે બજારમાં હજુ પણ ઋષભોનો હાથ ઉપર છે. ચાલુ માસે ૬૦૦૦ ના સ્ટ્રાઈક ભાવે પુટમાં મજબુતાઈ જોવા મળી જે નજીકના ટેકા તરીકે કાર્ય કરશે. ૬૨૦૦ ના ભાવે કટલુંક કોઈ રાઈટીંગ પણ જોવા મળ્યું જે બજારને ટૂંકા ગાળાની પ્રતિકારક સપાટી પુરી પાડશે. ટૂંકમાં નિફટી નીચે તરફ ૬૦૦૦ અને ઉપર તરફ ૬૨૦૦ ની વચ્ચે ગતિ કરશે તેમ જણાય છે. આવનાર સપ્તાહે સેન્સેક્ષનો સપોર્ટ ૨૦૨૬૭-૨૦૦૭૯-૧૯૮૬૪ છે. સેન્સેક્ષનો રેજીસ્ટન્સ ૨૦૬૨૭-૨૦૮૦૬-૨૦૯૮૫ રહેશે. આવનાર સપ્તાહે નિફટીનો સપોર્ટ ૬૦૮૭-૬૦૩૭-૫૯૭૭ છે. નિફટીનો રેજીસ્ટન્સ ૬૧૮૫-૬૨૨૨-૬૨૬૦રહેશે.

**સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી**

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 5947 | 6008 | 6059 | 6103 | 6163 | 6222 | 6290 |
| Sensex | 19817 | 19989 | 20105 | 20250 | 20488 | 20706 | 20931 |

**ટૂંકા થી મધ્યમ ગાળાની રૂખ હકારાત્મક રહેવાની ચાલુ જ રહેશે**

## ગત સપ્તાહની ભલામણો પર એક નજર

**ગત સપ્તાહે એમ આર એફ સિવાય બધી જ ભલામણોએ તેમના લક્ષાંક સાધ્ય કર્યા, એમ આર એફ થોડા માટે જ લક્ષાંક ચૂકી ગયો. આ સપ્તાહનો સ્ટાર પર્ફોમર ઓબીસી રહ્યો જે ૧૨ ટકા જેટલો જોરદાર વધ્યો**

| STOCK | Reco. Price | Tgt | Reached | Lot Size | Profit |
|---|---|---|---|---|---|
| Buy Bhel | 2590 | 2668 | 2694 | 125 | Rs.13,000 |
| Buy Kotak | 496 | 511 | 523 | 1000 | Rs.27,000 |
| Buy OFSS | 2297 | 2350 | 2350 | 125 | Rs.6,625 |
| Buy MRF | 9070 | 9250 | 9164 | 50 | Rs.4,700 |
| Buy OBC | 465 | 488 | 515 | 1000 | Rs.50,000 |
| | | | Total | Rs.1,01,325 | |

## આગામી સપ્તાહ માટે ભલામણ

| STOCK | CMP | SL | TGT-1 | TGT-2 |
|---|---|---|---|---|
| BUY MPHASIS | 659 | 653 | 673 | 689 |
| BUY HEXAWARE | 82 | 80 | 87 | 93 |
| BUY FORTIS | 171 | 167 | 177 | 185 |
| BUY BOB | 942 | 932 | 962 | 985 |
| BUY AMARREMED | 114 | 110 | 121 | 130 |

**આગામી સપ્તાહે ધ્યાનમાં રાખો**

**જો બંને ઈન્ડેક્ષો તેની હાયર બોટમ નીચે એટલે કે સેન્સેક્ષ ૧૯૭૭૧ અને નિફટી ૫૯૩૨ નીચે બંધ આપે તો ટૂંકા ગાળાની ઉર્ધ્વગતિ જોખમમાં આવે.**

Buy Amar Remedies 114 SL 110 Tgt 121-130



Buy Mphasis 659 SL 653 Tgt 673-689



Buy Hexaware 82 SL 80 Tgt 87-93



# આવનાર ૬ થી ૭ માસ સુધી બેંકીંગ / નાણાકીય સેકટર સારો એસ્ટ્રોલોજીકલ સહયોગ મેળવશે

**તા.૧૧ ઓકટોબર થી ૧૫ ઓકટોબર , ૨૦૧૦**

**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા વૃશ્ચિક, ધન અને મકર, સિંહ અને કન્યા રાશીમાં તેમ જ કેતુ મિથુનમાં પરિભ્રમણ કરશે. શુક્ર અને મંગળ તુલામાં, સૂર્ય અને શનિ અને બુધ કન્યા રાશીમાં, રાહુ અને પ્લુટો ધન રાશીમાં, નેપચ્યુન કુંભ રાશીમાં પરિભ્રમણ કરશે. ગુરુ અને યુરેનસ મીન રાશીમાં રહેશે.

**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



**સતિષ ગુપ્તા**

**મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬**

**૦૯૮૧૦૦૧૮૪૩૮**

http://www.astrostocktips.in

E-mail : astrostocktips@rediffmail.com

**નાણાકીય/ બેંકીંગ ક્ષેત્ર :** આ ક્ષેત્ર આવનાર ૬ થી ૭ સપ્તાહ દરમિયાન સારો એસ્ટ્રોલોજીકલ સહયોગ મેળવવાનું ચાલુ જ રાખશે, અને આ સેકટરના શેર (કે જે છેલ્લા ૬ માસથી અમે સતત ભલામણ કરી રહેલ છીએ) તે ખૂબ જ સારો દેખાવ કરશે.

**નાણાકીય/ બેંકીંગ ક્ષેત્ર** ખૂબ જ સારો જયોતિશિય સહયોગ મેળવવાનું ચાલુ રાખશે. પી એસ યુ બેંક, જેવી કે બેંક ઓફ બરોડા, વિજય બેંક, ઓ બી સી, બેંક ઓફ ઈન્ડિયા, કેનેરા બેંક, દેના બેંક વગેરે પર ખાસ નજર રાખો. નાણાકીય ક્ષેત્રમાં ટર્મ લોન આપતી કંપનીઓ જેવી કે આઈ એફ સી આઈ, આર ઈ સી, પી એફ સી અને આઈ ડી એફ સી પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરો. હાઉસીંગ ફાઈનાન્સમાં એચ ડી એફ સી, જી આઈ સી હાઉસીંગ અને ગૃહ ફાઈનાન્સ પર ખાસ નજર રાખો.

**ફાર્મા સેકટરમાં** પણ સારો જયતિષિય સહયોગ મેળવી રહેલ છે. આ ક્ષેત્રમાં બાયોકોન, ડો. રેડ્ડી, દેવીસ લેબ, રેનબક્ષી, ઓર્ચિડ અને સિપલા પણ ખાસ નજર રાખો.

**એવીએશન સેકટરમાં** પણ સારો જયતિષિય સહયોગ મેળવી રહેલ છે. આ ક્ષેત્રમાં કીંગ ફીશર એરલાઈન્સ અને ગ્લોબલ વેકટરા દરેક ઘટાડે ખરીદી તબક્કાવાર ભેગા કરો.

**ઘડિયાળનું ક્ષેત્ર પણ** સારો એસ્ટ્રોલોજીકલ સહયોગ મેળવવાનું ચાલુ જ રાખી રહેલ છે. દરેક ઘટાડે ટાઈટન ખરીદો.

**સોનું :** આવનાર ૨-૩ માસમાં સોનું પણ સારો જયોતિષિય સહયોગ મેળવશે.

**ગત સપ્તાહની આગાહી :**

નિફટીમાં ૦.૬ ટકા ઘટાડો નોંધાયો. અમારી આગાહી મુજબ બેંકીંગ અને નાણાકીય શેરે ઉર્ધ્વગતિ ચાલુ જ રાખી અને બેંકીંગ શેરમાં બેંક ઓફ બરોડા, ઈન્ડિયન બેંક, બીઓઆઈ, વિજય બેંક, સિન્ડીકેટ બેંક અને આઈ ઓ બી વગેરે પણ ૯.૧૫ ટકા જેટલા વૃધ્ધિ પામ્યા.

નાણાકીય ક્ષેત્રમાં આર ઈ સી અને આઈ એફ સી આઈ પણ ૧૨.૫ ટકાથી ૨૦ ટકા જેટલા વધ્યા. બ્રોકીંગ શેરોમાં પણ ઈન્ડીયા ઈન્ફોલાઈન, મોતીલાલ ઓસવાઈ અને એડલવીસ ૮.૧૪ ટકા જેટલા વૃધ્ધિ પામ્યા. ફાર્મા સેકટરમાં પણ ડો. રેડ્ડી, વોકહાર્ટ, બાયોકોન અને ઓર્ચિડ કેમિકલ્સ વગેરે પણ ૯ થી ૨૫ ટકા જેટલા પ્રશંસનીય રીતે વધ્યા.

એવીએશન સેકટરમાં ગ્લોબલ વેકટરા અને કીંગ ફીશર ૧૦ થી ૧૪.૮ ટકા જેટલા વૃધ્ધિ પામ્યા. આ સમય ગાળા દરમિયાન ટાઈટન પણ ૫.૭ ટકા જેટલો વધ્યો અને સનાએ પણ નીવી ઉંચાઈ દર્શાવી. **જે સેકટર મજબુત એસ્ટ્રો સપોર્ટ મેળવતા હોય તે સામાન્ય રીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

# કરેકશન કહો કે પછી પ્રોફીટ બુકિંગ આવશે ખરૂં જો નિફ્ટી ૬૦૭૦ નીચે બંધ આપે તો નજીકની રેન્જ ૬૦૮૫-૬૨૪૦ : નવી તેજી ૬૨૫૦ ઉપર કરવી

**નિફ્ટી સ્પોટ (૬૧૦૩) :** નિફ્ટી સ્પોટને ૬૨૨૦-૬૨૫૦ ની આસપાસ સ્ટ્રોંગ રેજીસ્ટન્સ છે અને ત્યાંથી ૧૦૦ પોઈન્ટનું કરેક્શન આવી ગયું છે હવે તમે એને પ્રોફીટ બુકિંગ કહો કે કરેક્શન જે ૬૦૭૦ પછી વધારે વેગ પકડશે. હાલ પુરતી રેન્જે ૬૧૦૦-૬૨૪૦ દેખાઈ રહી છે નવી તેજી ૬૨૫૦ ઉપર જ થશે.

**DHAN WIN- "WINNER'S CHOICE"**



**હિમાંશુ જાની**

**મો. ૯૩૭૬૯૨૫૯૩૨**

**૯૭૨૬ ૮૦૦ ૬૦૦**

email: dhanwinvestnents@gmail.com

WWW.DHANWIN.COM

**બેંક નિફ્ટી (૧૨૪૭૩) :** બેંકિંગ સેક્ટર ખૂબ જ સ્ટ્રોંગ હોવા છતાં ઘણા ખરા બેંક સ્ટોક્સમાં પ્રોફીટ બુકિંગ આવી શકે. આ સેક્ટરમાં શોર્ટ કરવા કરતા પાંચથી ૧૦ ટકાના કરેક્શન પછી ઘટાડે ખરીદો. ખાસ કરીને એસબીઆઈ, આઈસીઆઈસીઆઈ, બેંક ઓફ ઈન્ડિયા, તો રિસ્ક રિવોર્ડ રેશિયો તમારી ફેવરમાં હશે.

**એફ એન્ડ ઓ ના ટ્રેડીંગ લેવલ :**

**એસીસી (૧૦૧૮) :** શોર્ટ ૧૦૨૦-૧૦૪૦ સ્ટોપલોસ ૧૦૫૫ ટાર્ગેટ ૧૦૦૦-૯૮૦. ખરીદો ૯૪૦-૯૫૫માં સ્ટોપલોસ ૯૧૮ ટાર્ગેટ ૧૦૨૦-૧૦૪૦

**અલ્હાબાદ બેંક (૨૩૬) :** ખરીદો ૨૨૫-૨૨૮ સ્ટોપલોસ ૨૨૧ ટાર્ગેટ ૨૩૨-૨૩૬.

**અલસ્ટ્રોમ પ્રોજેક્ટ (૮૪૭) :** વેચો ૮૫૫-૮૭૦ સ્ટોપલોસ ૮૮૫ ટાર્ગેટ ૮૩૦-૮૧૦ ખરીદો ૭૬૦-૭૮૦ સ્ટોપલોસ ૭૪૦ ટાર્ગેટ ૮૧૦-૮૩૦

**આંધ્ર બેંક (૧૬૩.૫૦) :** ખરીદો ૧૫૫-૧૫૮ સ્ટોપલોસ ૧૫૩ ટાર્ગેટ ૧૬૨-૧૬૫.

**અશોક લેલેન્ડ (૭૪) :** વેચો ૭૬-૭૮ સ્ટોપલોસ ૮૦ ટાર્ગેટ ૭૦-૬૮

**એશિયન પેઈન્ટસ (૨૬૭૫) :** ખરીદો ૨૫૫૦-૨૬૧૦ સ્ટોપલોસ ૨૪૮૦ ટાર્ગેટ ૨૭૫૦-૨૮૦૦

**ઓરોબિંદો ફાર્મા (૧૧૧૦) :** ખરીદો ૧૦૬૫-૧૧૦૦ સ્ટોપલોસ ૧૦૫૫ ટાર્ગેટ ૧૧૫૦-૧૧૬૦.

**એક્ષિસ બેંક (૧૫૭૦) :** વેચો ૧૫૮૦-૧૬૦૦ સ્ટોપલોસ ૧૬૨૦ ટાર્ગેટ ૧૫૫૦-૧૪૮૦.

ખરીદો ૧૪૧૦-૧૪૪૦ સ્ટોપલોસ ૧૩૮૦ ટાર્ગેટ ૧૪૮૦-૧૫૧૦

**બેંક ઓફ ઈન્ડિયા (૫૫૮) :** વેચો ૫૬૦-૫૭૫ સ્ટોપલોસ ૫૯૫ ટાર્ગેટ ૫૫૦-૫૨૦.

ખરીદો ૪૮૦-૫૧૦ સ્ટોપલોસ ૪૬૫ ટાર્ગેટ ૫૫૦-૫૭૦.

**ક્રોમ્પટન ગ્રીવ્સ (૩૨૩) :** ખરીદો ૨૯૮-૩૦૫ સ્ટોપલોસ ૨૯૦ ટાર્ગેટ ૩૧૫-૩૨૫.

**ફોર્ટિસ હેલ્થકેર (૧૭૧) :** ખરીદો ૧૬૮-૧૭૨ સ્ટોપલોસ ૧૬૫ ટાર્ગેટ ૧૭૫-૧૮૦.

**એચડીએફસી બેંક (૨૪૦૫) :** ખરીદો ૨૩૦૦-૨૩૪૦ સ્ટોપલોસ ૨૨૫૦ ટાર્ગેટ ૨૪૦૦-૨૪૫૦

**એચડીએફસી (૭૧૭) :** ખરીદો ૬૫૦-૬૮૦ સ્ટોપલોસ ૬૩૫ ટાર્ગેટ ૭૧૦-૭૩૦.

# રિલા. ગ્રુપ અને સેન્સેક્સ ઓલ ટાઈમ હાઈ જોવા મળે

વાંચક મિત્રો,

ગત સપ્તાહમાં અગાઉ કહ્યા મુજબ માર્કેટ સ્ક્રીપવાઈજ ચાલતું જોવા મળ્યું હતું.તેમજ સ્મોલકેપ અને મિડકેપ માર્કેટમાં પસંદગીના શેરોમાં તેજીની ચાલ જોવા મળી હતી. પરંતુ સપ્તાહના અંતમાં માર્કેટમાં પ્રોફીટ બુકિંગ જોવા મળ્યું હતું. આવનાર સપ્તાહમાં એશિયા માર્કેટની અસર ખાસ કરીને જાપાન માર્કેટની અસર સમગ્ર વિશ્વના માર્કેટ ઉપર જોવા મળશે. જાપાનમાં જોવા મળી રહેલ આર્થિક કટોકટીની અસર લાંબાગાળે એશિયાના બીજા માર્કેટ ઉપર પડશે. પરંતુ હાલના તબક્કામાં ભારતીય માર્કેટ ઉપર આ અસર દેખાશે નહીં. ડોલર સામે રુપિયો મજબૂત બનતા આપણા આર્થિક ગ્રોથમાં વધારો થતો જોવા મળશે. તેમજ તેજીની ચાલ જોવા મળશે. ખાસ કરીને ઓઈલ, એફએમસીજી, રિયાલીટી, તેમજ સ્મોલ કેપ શેરોમાં તેજીનો માહોલ જોવા મળશે. તેમજ રિલા. ગ્રુપમાં મોટી તેજી જોવા મળશે.મંદીના વેપારમાં યોગ્ય સ્ટોપલોસ જરુર રાખજો. આરબીઆઈ તેજી કે મંદી મોટી પોઝીશન લેવી નહીં બંને તરફી વધઘટ છતાં એકંદરે તેજીની ચાલ જોવા મળે.

**બેસ્ટ ટીપ્સ**



**રૂપેશ શાહ**

**મો. ૯૪૨૮૭૩૨૫૭૨**

rup947@yahoo.co.in

**(૧) ટાટા પાવર (૧૪૨૨.૭૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૪૧૫** અને દૂરના **૧૪૦૬** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૪૩૩** આ ઉપર **૧૪૪૮** આ ઉપર **૧૪૬૪** થી **૧૪૮૫** નો ભાવ જોવા મળે.

**તેજીના તારલા ફરી તરખાટ મચાવવા તૈયાર**

**(૨) ઓરેકલ (૨૨૬૮.૦૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૨૨૬૧** અને દૂરના **૨૨૫૪** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૨૨૭૫** આ ઉપર **૨૨૮૩** આ ઉપર **૨૨૯૪** થી **૨૩૦૭** નો ભાવ જોવા મળે.

**(૩) કેઈસી (૫૧૦.૩૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૫૦૩** અને દૂરના **૪૯૭** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૫૧૬** આ ઉપર **૫૨૩** આ ઉપર **૫૩૦** થી **૫૩૮** નો ભાવ જોવા મળે.

**(૪) એલ એન્ડ ટી (૨૦૪૧.૯૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૨૦૩૩** અને દૂરના **૨૦૨૪** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૨૦૫૨** આ ઉપર **૨૦૬૪** આ ઉપર **૨૦૭૮** થી **૨૦૮૫** નો ભાવ જોવા મળે.

**(૫) ડો. રેડ્ડી (૧૫૬૨.૦૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૫૫૫** અને દૂરના **૧૫૪૮** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૫૭૦** આ ઉપર **૧૫૭૭** આ ઉપર **૧૫૯૦** થી **૧૫૯૭** નો ભાવ જોવા મળે.

**(૬) ઓએનજીસી (૧૩૬૨.૧૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૩૫૬** અને દૂરના **૧૩૪૭** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૩૬૯** આ ઉપર **૧૩૭૭** આ ઉપર **૧૩૮૬** થી **૧૩૯૪** નો ભાવ જોવા મળે.

**(૭) ભેલ (૨૫૮૦.૦૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૨૫૭૩** અને દૂરના **૨૫૬૪** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૨૫૯૨** આ ઉપર **૨૬૦૭** આ ઉપર **૨૬૧૮** થી **૨૬૩૩** નો ભાવ જોવા મળે.

**(૮) જેએસડબલ્યુ સ્ટીલ (૧૩૩૨.૯૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૩૨૬** અને દૂરના **૧૩૧૭** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૩૪૩** આ ઉપર **૧૩૫૬** આ ઉપર **૧૩૬૫** થી **૧૩૭૭** નો ભાવ જોવા મળે.

**હોટ ટોક પા.નં. ૧ નું ચાલુ**

માં ખરીદો, લક્ષાંક રૂ. ૧૯૪૦ થી ૧૯૫૦ નો રાખો, જયારે રૂ. ૧૮૩૦ નો સ્ટોપલોસ રાખો.

**એસ ટી આર ટેક (હાલનો ભાવ રૂ. ૧૦૦)**

આ શેર સાપ્તાહિક બ્રેકઆઉટની નજીક છે અને રૂ. ૧૦૩ની સપાટી પર આ શેર ખૂબ સારો દેખાવ કરનાર હોઈ શકે. તે પછી ટૂંકા ગાળામાં જ રૂ. ૧૧૦ થી ૧૧૨ ની સપાટી જોવા મળી શકે.

આ શેર રૂ. ૯૯ થી ૧૦૦ માં ખરીદો, લક્ષાંક રાખો રૂ. ૧૦૮નો અને સ્ટોપલોસ રૂ. ૯૬ નો રાખો.

## તેજી રૂપી આખલો વિરામના મૂડમાં

# સેન્સેક્સમાં ૨૦૦૧૨ અને નિફ્ટીમાં ૫૯૮૮ ઉપર રૂખ તેજીની...

વાંચક મિત્રો,

વૈશ્વિક બજારોના મિશ્ર સંકેતો, એફઆઈઆઈની ધીમી પડેલી લેવાલી અને સામા છેડે સ્થાનકિ ફંડોની સતત વેચવાલી થકી ગત સપ્તાહે બજારમાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો. એ વાત નોંધનીય છેકે એફઆઈઆઈ હજુ પણ નેટ બાઈંગ જ

### રોકિંગ ટીપ્સ મેકર્સ



**આશિષ નાયક**
**મો. ૯૩૭૬૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫**
rosenayak.1984@yahoo.com

ધરાવે છે. ગત સપ્તાહે આપેલી ભલામણોમાંથી ઓર્ચિડે નરમ બજારમાં પણ અમારા બધા જ લક્ષાંકો સાધ્ય કરી ૧૦ ટકા ઉપર વળતર આપેલ. છેલ્લા સપ્તાહે ૬૨૨૭ અવરોધ દર્શાવેલ જ્યારે ૬૦૪૭ મજબૂત ટેકો બતાવેલ. બજાર પુરા સપ્તાહ દરમ્યાન આ રેન્જમાંથી બહાર આવેલનહીં. ગત સપ્તાહે સેન્સેક્સ ૨૦૨૫૦.૨૬ અને નિફ્ટી એ ૬૧૦૩.૪૫ ઉપર બંધ આપેલ છે.

**આગામી સપ્તાહ માટે સેન્સેક્સનો ટેકો ૧૯૯૦૪ અને અવરોધ ૨૦૫૫૨ છે જ્યારે નિફ્ટીનો ટેકો ૬૦૧૮ અને અવરોધ ૬૧૭૨ છે.**

**નિફ્ટી ટેકનીકલ્સ :** સાપ્તાહિક ચાર્ટ ઉપર નિફ્ટી હેડ એન્ડ સોલ્ડર એસ એ રિવર્સલ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે. જે મુજબ જ્યાં સુધી નિફ્ટી ૬૧૭૨ પાર ન કરે ત્યાં સુધી બજારમાં પ્રોફીટબુકિંગ જોવા મળે. નિફ્ટી માટે ૫૯૮૮ અને ૬૧૭૨ ટૂંકાગાળા માટેટ્રેન્ડ ડીસાઈડર ગણવા. બાકી ૫૫૫૫ ઉપર ૫૭૬૬ અને ૫૭૬૬ ઉપર ૬૦૦૦ નું લેવલ અમારા બધા જ લક્ષાંકો મુજબ સાધ્ય કરી બતાવેલ જ્યારે ૬૦૭૯ ઉપર ઐતિહાસિક સપાટી હજુ બાકી છે.

**સેન્સેક્સ (૨૦૨૫૦.૨૬) :** ૨૦૩૩૮ ઉપર ૨૦૪૪૬, ૨૦૫૫૨, ૨૦૬૭૦ અને ૨૦૮૦૨ જ્યારે ૨૦૧૨૦ નીચે ૨૦૦૧૨, ૧૯૯૦૪, ૧૯૭૭૮ અને ૧૯૬૧૬ જોવા મળી શકે.

**નિફ્ટી (૬૧૦૩.૪૫) :** ૬૧૨૭ ઉપર ૬૧૪૮, ૬૧૭૨, ૬૧૯૬ અને ૬૨૨૪ જ્યારે ૬૦૭૫ નીચે ૬૦૫૧, ૬૦૧૮, ૫૯૮૮ અને ૫૯૫૯ જોવા મળી શકે છે.

**ફ્યુચરના ખેલાડીઓ માટે**

**સિપ્લા (૩૩૯.૯૦) :** ઘટાડે ૩૩૩ આસપાસ ૩૨૭ ના મજબૂત ટેકાથી ખરીદો લક્ષાંક ૩૫૩ અને ૩૬૨. જો ૩૫૩ ઉપર બંધ આપે તો લક્ષાંક ૩૬૨. સપ્તાહના અંતે અને સાપ્તાહિક ચાર્ટ ઉપર શેર સાયમેટ્રિકલ ટ્રાયેંગલ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે જે શેરમાં ઘટાડે રોકાણ કરવાના સંકેત આપે છે. માસિક ચાર્ટ ઉપર શેર એસેન્ડિંગ ટ્રાયેંગલ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે. જે શેરમાં મધ્યમથી લાંબાગાળા માટે તેજીરુપી ચાલના સંકેત આપે છે. લાંબાગાળાના ચાર્ટ ઉપર શેર ઈન્વર્ટ્રેન્ડ હેડ એન્ડ સોલ્ડર એસ એ રિવર્સલ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે. જે શેરમાં લાંબાગાળા માટે તેજીના સંકેત આપે છે. સપ્તાહના અંતે સ્ટોક ના ફ્યુચરમાં ૨.૧૩ ટકાનો સુધારો પોઝીટીવ ઓપન ઈન્ટરેસ્ટ ૨.૦૬ ટકા સાથે નોંધાયેલ. ફન્ડામેન્ટલી પણ શેર વર્તમાન ભાવથી આકર્ષક જણાય છે. કંપનીની સ્થાપના ૩૧ ઓક્ટોબર ૧૮૯૮માં ડો. ખ્વાજા અબ્દુલ હમીદ દ્વારા કરવામાં આવી હતી. કંપની ભારતીય ફાર્મા માર્કેટમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ૨૦ જુલાઈ ૧૯૩૫માં કંપનીનું નામ કેમિકલ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ફાર્માસ્યુટિકલ લેબોરેટરી લી.કરવામાં આવ્યું જેનું ટૂંકુ નામ સિપ્લા થાય છે. છેલ્લે આપેલી અમારી ફ્યુચરની ભલામણ ઓર્ચિડ કેમીકલ ૧૯૮ થી ૩૦૦ રૂા.નો તોતિંગ ઉછાળો બતાવેલ જે મુજબ રૂા. ૧૫૦૦૦૦ નો નફો થયો. બાકી રેણુકા સુગર્સ જે ૭૦ આસપાસ લેવા જણાવેલ તે રૂા. ૯૦ જઈ આવ્યો. નફો ગણી લેવો. અને છેલ્લા જૂના આર્ટિકલ્સ પણ જોઈ જવા અને અમારા શબ્દો પણ.

કંપની અસ્થમા જેવા રોગની દવાઓનું મોટાપાયે ઉત્પાદન કરે છે. કંપની ૧૮૦ થી વધુ દેશોમાં પોતાની બ્રાન્ડ હેઠળ પ્રોડક્ટસનું વેચાણ કરે છે. શેરની બુકવેલ્યુ રૂા. ૭૩.૫૫ અને ફેસવેલ્યુ રૂા. ૨ છે. શેરનો વર્તમાન પી. ઈ. રેશિયો ૨૪.૬૫ ટકા છે. ચાલુ વર્ષ માટે કંપનીએ ૧૩.૬૭ ટકા ઈપીએસ દર્શાવેલ છે. કંપની દર વર્ષ ૧૦૦ ટકા ઉપર ડીવીડન્ડ પણ ચૂકવે છે. બજાર છેલ્લા સપ્તાહે નરમ હોવા છતાંય અમારી ઓર્ચિડની ભલામણે બધા જ લક્ષાંકો સાધ્ય કરી બતાવ્યા. લાંબાગાળાનું રોકાણ મર્યાદિત માત્રામાં કરવું. ટૂંકાગાળાના રોકાણકારોએ તબક્કાવાર નફો ઘરભેગો કરવો.

**મધ્યમથી લાંબાગાળાના રોકાણકારો માટે**

**સામટેલ કલર્સ (બીએસઈ કોડ ૫૦૦૩૭૨) (૧૫.૧૯) :** ન્યુ દિલ્હી સ્થિત કંપનીની સ્થાપના શ્રી સતીષ કે. કૌર દ્વારા ૧૫ મે, ૧૯૮૬માં કરવામાં આવી હતી. સામટેલ કલર્સ સામટેલ ગ્રુપ દ્વારા (૧૯૭૩)માં સ્થપાયેલ છે. કંપની કલર્સ ટેલિવિઝન પિક્ચર્સ ટ્યુબસ અને તેને લગતા વિવિધ ભાગોનું ઉત્પાદન કરે છે. કંપની ૧૪ ઈંચ થી ૨૯ ઈંચ સુધીના પિક્ચર્સ ટ્યુબસનું ઉત્પાદન કરે છે. કંપની વાર્ષિક દ્રષ્ટિએ ૧૦ મિલિયન પિક્ચર્સ ટ્યુબ્સનું ઉત્પાદન કરે છે. શેરની વર્તમાન બુકવેલ્યુ રૂા. ૨૩ છે જે બજાર ભાવથી ઉપર છે. કંપનીનો વર્તમાન પીઈ રેશિયો ૧.૬૪ ટકા છે જે ઈન્ડસ્ટ્રીયલ પીઈ રેશિયો ૧.૭૭ ટકાની આસપાસ છે. શેરની ફેસવેલ્યુ રૂા. ૧૦ અને ચાલુ વર્ષ માટે કંપનીએ ૯.૪૯ ટકા ઈપીએસ દર્શાવેલ છે.

કંપનીના વાર્ષિક અને ત્રિમાસિક ગાળાના પરિણામો મધ્યમ જ્યારે વાર્ષિક ગાળાના પરિણામો ટર્ન એરાઉન્ડ આવેલ છે. કંપનીએ માર્ચ ૨૦૦૯માં રૂા. ૭૨૬.૫૨ કરોડના વેચાણો પર નેટ રૂા. ૭૪.૫૬ કરોડની ખોટ દર્શાવેલ છે જે માર્ચ ૨૦૧૦માં વેચાણ વધતા રૂા. ૧૧૨૩.૭૩ કરોડ ઉપર નેટ નફો ૭૬ કરોડ નોંધાવેલ છે. કંપનીએ માર્ચ ૨૦૦૯ની ઓપરેટિંગ ખોટ રૂા. ૧૪.૪૧ કરોડ સામે માર્ચ ૨૦૧૦માં રૂા. ૯૬.૬૭ કરોડનો ઓપરેટિંગ પ્રોફીટ બતાવેલ છે. તા. ૧૭-૫-૨૦૧૦ના રોજ આપેલ કેમલીન ઈન્ડિયાની ભલામણથી પણ વધુ વળતર લાંબાગાળા માટે આપી શકે છે.

કેમલીન અમે માત્ર રૂા. ૨૬ આસપાસ લેવા જણાવેલ જે રૂા. ૫૮.૯૦ જઈ આવેલ છે. ટેકનીકલી સપ્તાહના અંતે અને સાપ્તાહિક ચાર્ટ ઉપર શેર રિકટેંગલ ટ્રાયેંગલ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે. જે શેરમાં મધ્યમથી લાંબાગાળા માટે તેજીના સંકેતો આપે છે. ત્રિમાસિક ગાળાના ચાર્ટ ઉપર શેર રેકટેંગલ ટ્રાયેંગલ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે. જે શેરમાં મધ્યમથી લાંબાગાળા માટે તેજીના સંકેતો આપે છે ત્રિમાસિક ગાળાના ચાર્ટ ઉપર શેર ઈન્વટ્રેન્ડ ઈન ડાઉનટ્રેન્ડની રચના બનાવે છે. જે શેરમાં ઘટાડે મર્યાદિત માત્રામાં રોકાણ કરવાના સંકેતો આપે છે. લાંબાગાળાના ચાર્ટ ઉપર શેર ઈન્વટ્રેન્ડ હેડ એન્ડ સોલ્ડર એસ એ રિવર્સલ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે. જે શેરમાં લાંબાગાળા માટે તેજીના સંકેતો આપે છે. ટેકનીકલી શેર ૨૦૦ ડીએમએ પાર કરી તેના ઉપર બંધ આપે ત્યારે આગ ઝરતી તેજી જોવા મળે. છેલ્લે આપેલી મધ્યમથી લાંબાગાળાની ભલામણ ગુજરાત અંબુજા એક્સપોર્ટ બજારની નબળાઈ વચ્ચે પણ ૯ ટકાથી વધુ વળતર ટૂંકાગાળામાં આપેલ છે. લાંબાગાળા માટે રોકાણ જાળવી રાખવું. સામટેલ કલર્સ માં રોકાણકારોએ મધ્યમથી લાંબાગાળા માટે મર્યાદિત માત્રામાં રોકાણ કરવું.

## ફાઈનાન્સિયલ ટ્રેડીંગ ઈઝ બેસ્ટ બિઝનેસ ઈન ધ વર્લ્ડ

**માર્કેટની ચાલ**

આ લેખ હું ૮-૧૦-૨૦૧૦ના રોજ લખી રહ્યો છું. માર્કેટની છેલ્લા બે દિવસની ચાલથી લાગે છે કે માર્કેટ શોર્ટ ટર્મ માટે

### ટેકનીકલ એનાલીસીસ ફોર ફ્યુચર ટ્રેન્ડ



**ડો. ચંદ્ર વનવારી**
**મો. ૯૮૨૫૯૦૦૮૪૯**
www.vccfuturetrading.com

સાઈડ ટ્રેન્ડમાં છે. એનો અર્થ એ નિકળે છે કે હજુ આવતા અઠવાડીયા માટે માર્કેટ શોર્ટ ટર્મ માટે સાઈડ ટ્રેન્ડમાં રહે તેવી શક્યતાઓ છે. તેથી આવતા અઠવાડીયામાં ઈન્ટ્રાડે શોર્ટ સેલિંગ કે ઈન્ટ્રા ડે લોંગ રમી શકીએ. પોઝીશન ટ્રેડીંગ વધઘટે રિસ્કી રહે પણ જો પોઝીશન ટ્રેડીંગમાં તમે પહેલાંથી હો અને સારા નફામાં હો તો બ્રેક ઈવન સ્ટોપલોસ કે ટ્રેલીંગ સ્ટોપલોસ (છેલ્લા ત્રણ દિવસનો લો ભાવ) મુકી શકાય. લોંગ ટર્મ કે મિડિયમ ટર્મ હજુ એક બંધ છે. એમા રિવર્સલના કોઈ ઈન્ડિકેટર નથી. સાઈડ ટ્રેન્ડમાં જે સ્ટોક બહુ વધી ગયા હોય જેવા કે ટીસીએસ, ટાટા મોટર્સ, મારુતિ જેવા કરેક્શન બતાવે અને જે સ્ટોક કરેક્શન પુરુ કરીને પાછા ટ્રેન્ડમાં જોડાયા હોય તેવા સ્ટોક અપ ટ્રેન્ડ ચાલુ રહે. એવા સ્ટોકમાં અદાણી એન્ટરપ્રાઈઝ, પીટીસી, રિલાયન્સ કેપીટલ, વગેરે વગેરે. દરેક સ્ટોકની પોતાની ચાલ હોય છે. એ ચાલ જોવા માટે બાજ નજર અને મહેનત કરવી પડે છે. ટેકનીકલ હોય તો તે ૫૦૦૦ થી ૭૦૦૦ના રેટમાં એવા સોફ્ટવેર કોઈ વેચાતા ના હોત તેના ભાવ પણ લાખોમાં હોત તમે જ નક્કી કરો ૭૦૦૦ની ઈન્ડિકેટરથી તમે કઈ રીતે લાખો રુપિયા ક્માઈ શકો છો. સખત મહેનત અને ધીરજ સિસ્ટમ, મની મેનેજમેન્ટ અને ડીસીપ્લીનથી જ તમે સ્ટોક માર્કેટ કે કોઈ પણ ટ્રેડીંગમાં સફળ રહી શકો છો. જો તમારી એન્ટ્રી પોઈન્ટ બહુ જ ફાઈન ટ્યુનથી હોય તો સતત સ્ટોપલોસ અને સતત નફો બુક કરવાની ચાલ તમને સારી એવી સફળતા અપાવી શકે છે. જો તમારી એન્ટ્રી ફાઈન ટ્યુનીંગ ના હોય તો લોંગ કે મિડીયમ ટર્મ માટે જ ટ્રેડીંગ કરવું. શોર્ટ ટર્મ તમને નુકસાન કરાવી શકે છે. "ફાઈનાન્સિયલ ટ્રેડીંગ ઈઝ બેસ્ટ બિઝનેસ ઈન ધ વર્લ્ડ" ને આજે પણ હું વળગી રહ્યો છું.

બિઝનેસ માટે તમને જગ્યા જોઈએ જેના ભાવ આસમાને પહોંચી ગયા છે જ્યારે આમાં ફક્ત કોમ્પ્યુટર અને

અનુસંધાન પા.નં. ૬ ઉપર

## નિફ્ટીનો મજબુત ટેકો ૬૦૧૦ અને ૫૯૫૦, પ્રતિકારક સપાટી ૬૧૮૦ અને ૬૨૨૫

### ટેકનીકલ ટ્રેન્ડ



**સંજય લાડ**
**મો. ૯૮૨૦૯૨૦૫૩૦**
WEBSITE : www.stockacademy.co.in

**૦૯ ઓકટોબર ૨૦૧૦**

**શુક્રવાર**

નિફ્ટીનો મજબુત ટેકો ૬૦૧૦ અને ૫૯૫૦, પ્રતિકારક સપાટી ૬૧૮૦ અને ૬૨૨૫ છે. સાપ્તાહિક ચાર્ટ મુજબ બજાર તેજીમય છે તેથી રોકાણકારોએ ઘટાડે ખરીદ કરવું જોઈએ અને યોગ્ય ભાવ માટે રાહ જોવી જોઈએ

### ઘટાડે ખરીદી કરવા જેવા કેટલાક શેર

| SCRIPT | SUP. | S L | TGT |
|---|---|---|---|
| ABB | 880 | 850 | 970 |
| TECHM | 750 | 730 | 810 |
| DCHL | 133 | 130 | 143 |
| EDUCOM | 605 | 595 | 970 |
| FSL | 27.50 | 26.50 | 30 |
| HEXAWARE | 77 | 73 | 86 |
| ICSA | 131 | 126 | 137 |
| JPASSOCIATE | 131 | 126 | 135 |
| PUNJLLOYD | 126 | 120 | 136 |
| RCOM | 170 | 165 | 190 |
| RELIANCE | 1045 | 1035 | 1070 |
| RPOWER | 161 | 157 | 175 |

# કોમોડીટીઝ માર્કેટોમાં ઉપરનાં મથાળેથી નફારૂપી વેચવાલી આવવાની શક્યતા

કોમોડીટીઝ માર્કેટોમાં ઝડપથી તેજીના માર્ગ પર આગળ વધી રહ્યું છે. આ લેખકે ૪૦ દિવસ પહેલાં તેજી આવી રહી છે તેવું સ્પષ્ટપણે જણાવી ચૂક્યા છીએ. કોમોડીટીઝ માર્કેટોમાં દિવસે

### સોનાની ચમક

**જીજ્ઞેશ**
**૯૧૭૩૫૮૭૭૩૩**

દિવસે વોલ્યુમ વધારો થઈ રહ્યો છે. લોકોનો વિશ્વાસ વધી રહ્યો છે. રોકાણ વધી રહ્યું છે. કોમોડીટીઝ માર્કેટોમાં જોખમની માત્રા નહીંવત છે. દિવસે દિવસે વપરાશ વધતો જાય છે. ગોલ્ડ, સિલ્વર, કોપર આ બધી વસ્તુમાં જરુરિયાત વગર જીંદગી જીવવી અધૂરી છે તમારી આવકનું પ્રમાણ વધતું જાય તેમ આમાં રોકાણ વધારવું જોઈએ. તેવું મારું માનવું છે. તમારી નવી પેઢી આવશે ત્યારે આનો ભાવ આસમાને પહોંચી ગયા હશે ત્યારે તમો ખરીદી નહીં કરી શકો.

કોમોડીટીઝ માર્કેટોમાં વર્લ્ડ લેવલે વપરાશ વધતો જાય છે.હજુ ઘણી તેજીની મંજીલો બાકી છે. સોનુ, ચાંદી તમારી કલ્પના બહાર ના ભાવમાં ઝડપી સુધારો આવી શકે છે. તેવી ચાર્ટ પરથી ગણતરી બતાવી રહ્યું છે.

**ગોલ્ડ (૧૯૩૮૭) (મીની) :** ગોલ્ડમાં લાઈફ ટાઈમ ભાવ નવા ઊંચા આવી રહ્યા છે. મોટાભાગની વ્યક્તિઓ આ ભાવથી રોકાણ કરવા માટે ડરે છે. પરંતુ મારું માનવું છે કે આ ભાવથી સોનુ મને સસ્તુ દેખાય છે. ખેર ગયા સપ્તાહમાં નીચા ભાવથી ૬૭૦નો સુધારો બનાવ્યો છે. (એક જ સપ્તાહમાં) આવનાર સપ્તાહમાં ઉપરમાં ૧૯૬૫૫ મહત્ત્વની સપાટી રહેશે. નીચામાં ૧૯૨૫૫ મહત્ત્વની સપાટી રહેશે. નીચા ભાવથી ખરીદી કરવાનું ધ્યાનમાં રાખવું. ઉપરના ભાવથી નફો કરીને દૂર રહેવું.

**કોપર (૩૬૮) :** ગયા સપ્તાહમાં લાઈફ ટાઈમ નવો ભાવ આવ્યો છે. આપણા ચાર્ટમાં નીચામાં ૩૫૦ના ભાવથી ખરીદીના સંકેત આપી દીધા છે. તે આપણે અગાઉ સ્પષ્ટ પણે જણાવી ચૂક્યા છે. ખેર, ઉપરમાં તેજી કરવા માટે ગયા સપ્તાહનો ભાવ કૂદાવવો જરુરી છે. ઉપરમાં ૩૭૫ મહત્ત્વની સપાટી રહેશે. નીચામાં ૩૬૫ નજીકની સપાટી રહેશે. દૂરમાં ૩૬૧ની સપાટી ખૂબ જ અગત્યની રહેશે. ટૂંકમાં ઉપરના મથાળેથી ખરીદી દૂર રહેવું જોઈએ.

**નિકલ (૧૦૮૦) :** ગયા સપ્તાહમાં ઉપરના ભાવથી સ્ટોકેસ્ટોકની વેચવાલી આવી છે. ચાર્ટમાં નબળાઈ બતાવતું નથી. બહુ મોટી તેજી બતાવતું નથી. ઉપરના મથાળે વેચવાલી આવવી જોઈએ. તેવી ગણતરી બતાવી રહ્યું છે. હમણાં સિલ્વર, ગોલ્ડમાં તેજી ધ્યાન હોવાથી આ સેક્ટર સાઈડ વેઝ માં આવે છે. ઉપરમાં ૧૧૦૦ની સપાટીથી વેચવાલી આવવાની ગણતરી છે. નીચામાં ૧૦૬૫ની સપાટી અગત્યની રહેશે.

**પોટેટો (૫૯૬) :** પોટેટોમાં વધઘટ સંકળાઈ ગઈ છે. ચાર્ટમાં વધારે પડતી લેણની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો હોવાથી ઉપરના મથાળેથી વેચવાલી આવવાની ગણતરી બતાવી રહ્યું છે. નીચામાં ૫૭૮ની સપાટી તૂટશે તો કરેક્શનની ચાલ આગળ વધવાની ગણતરી બતાવે છે.ઉપરમાં ૬૩૮ ની સપાટી ખૂબ જ અગત્યની રહેશે.

**ક્રૂડ (૩૬૬૧) :** ગયા સપ્તાહમાં ઉપરમાં ૩૭૩૫ની સપાટી બતાવી છે. આવનાર સપ્તાહમાં ઉપરમાં ૩૭૧૦ થી ૩૭૩૦ ની મહત્ત્વની સપાટી રહેશે. નીચામાં ૩૬૪૦ ખૂબ જ અગત્યની સપાટી રહેશે. દૂરમાં ૩૬૧૦ ની સપાટી ખૂબ જ અગત્યની રહેશે.

**એલ્યુમિનિયમ (૧૦૩) :** છેલ્લા બે સપ્તાહથી ૧૦૫ થી ૧૦૬ આસપાસ વેચવાલી આવી રહી છે. નીચામાં ૧૦૨ સપાટી તૂટતા કરેક્શનની ચાલ આગળ વધશે. ટૂંકમાં હમણાં રોકાણથી દૂર રહેવું જોઈએ.

**સિલ્વર (૩૩૯૨૫) (મીની) :** સાપ્તાહિક ચાર્ટમાં ખૂબ જ સ્ટ્રોંગ તેજીનો ચાર્ટ બનાવી રહ્યો છે. પરંતુ આ મથાળે જોખમની માત્રા ખૂબ જ વધી જાય છે. એક કરેક્શન આવવું જરુરી છે. આ કરેક્શન આવ્યા પછી રોકાણનો માર્ગ અપનાવીશું. ત્યાં સુધી, ટ્રેડીંગ કરીને વેપાર પૂરો કરવો. શુક્રવારનો નીચા ભાવની સપાટી હતી તે ધ્યાનમાં રાખીને તેજીનો વેપાર જાળવવો. આ સપાટી તૂટતા ઝડપથી કરેક્શન આવવાની ગણતરી બતાવી રહ્યું છે.

**સોયાબીન :**

ગયા સપ્તાહમાં ઉપરમાં ૬૨૦૦ની સપાટી બનાવી છે. આ સપાટી ખૂબ જ મહત્ત્વની બનાવી છે. ઉપરના મથાળેથી વેચવાલી આવવાની ગણતરી બતાવી રહ્યું છે. હમણાં આ ભાવથી રોકાણ કરવાથી દૂર રેહવું જોઈએ.

## ૧૧ થી ૧૫ ઓકટોબર

# આ સપ્તાહનો અગત્યનો ગેપ સપોર્ટ ૬૦૫૦-૬૧૦૦

**નિફ્ટી સાપ્તાહિક બંધ : ૬૧૦૩**
**(ગત સપ્તાહે ૬૧૪૩)**

**સોમવારે** બજારે નિફ્ટીમાં ૬૨૨૦ની ૩૦ માસની નવી ઉંચાઈ દર્શાવી, પરંતુ

### નિફ્ટી સૂત્ર



**દિનેશ એ. ઠાકુર**
**મો. ૯૮૨૨૦૫૦૯૪૯**
dinuthakur@gmail.com
blog site – http:// profiles.yahoo.com/dinu_pawar

પ્રોફીટ બુકીંગના કારણે પ્રથમ ત્રણ દિવસે તે ૬૨૦૦ થી ઉપરની સપાટી જાળવી રાખવામાં નિષ્ફળ નિવડયું. ગુરુવારે બપોરે જોરદાર વેચવાલી જોવા મળી જે શુક્રવારે પણ ચાલુ રહી અને આ કારણે દૈનિક રૂખ નિમ્નમુખી બની. ૩૯૦૦ થી ૪૮૦૦ ની ટ્રેન્ડલાઈન બીજી રાઈઝીંગ ચેનલ આપી રહેલ છે જેને ૫૨૦૦ નો ટેકો છે. અમો ૩૦ મીનીટના ચાર્ટ થી વાર્ષિક ચાર્ટ સુધી નિફ્ટી માટેની ૧૫ વિવિધ હીન્ટ આપી રહેલ છીએ. વેપારીઓએ અને રોકાણકારોએ તેમનું જોખમ, મૂડી, સમયગાળો વ્યાપારની પધ્ધતિ (ડીલીવરી / ડેરિવેટિવ્સ) વગેરેનો વિચાર કરી પોતાનો વ્યૂહ નક્કી કરવો જોઈએ. આ સપ્તાહે ૪ સંકેત (હીન્ટસ) મંદીમય છે અને ૧૧ સંકેત તેજીમય છે.

**આગામી સપ્તાહ :** આ સપ્તાહે માર્કેટ ટ્રેડીગ રેન્જ (રોજીંદા બંધના ધોરણે) ૫૮૧૦ – ૬૪૪૦ વચ્ચે રહેશે.એટલે કે ટ્રેન્ડ પોઈન્ટ ૬૧૧૦ (જેમાં સપ્તાહ દરમ્યાન ટ્રેન્ડ પોઈન્ટને અપડેટ કરવા માટે સાપ્તાહિક આવક / નુકશાનના ૨૫ ટકા વધારો અથવા ઘટાડો ધ્યાનમાં લો.) તેમ જ અને સાપ્તાહિક રેન્જ +/- ૩૦૦ રહેશે.

નિફ્ટી માટેનો ૨૦, ૫૦, ૧૦૦ દિવસનો ઈ એમ એ સપોર્ટ અનુક્રમે ૬૦૦૦(+૯૦), ૫૭૭૦(+૮૦), ૫૫૭૦(+૬૦), ૫૩૨૦(+૫૦). છે.

ઘટાડા સમયે ટ્રેડર્સે ટ્રીગર લેવલ પર તેમની લોંગ પોઝીશનમાંથી નિકળી જવું જોઈએ. આ પછી ફરી ટ્રીગર સપાટીએ અથવા તો નીચેની સપાટીએ વ્યાપારમાં દાખલ થવું જોઈએ. આ રીતે, ટ્રીગર તમારું રક્ષણ કરવામાં, વધુમાં વધુ નફો કરવામાં અને તમારી પોઝીશન જાળવી રાખવામાં મદદરૂપ નિવડશે.

**નિફ્ટી** જુદા જુદા ચાર્ટ પર ૨૦ એસ એમ એ લાઈન મુજબ નિફ્ટીની શરુઆત અને રૂખ નીચે મુજબ છે. ૩૦ મીનીટ - નીચે તરફ, ૬૨૦૦, ૯૦ મીનીટ - નીચે તરફ, ૬૨૦૦, દૈનિક -ઉપર તરફ ૫૪૫૦, સાપ્તાહિક - ઉપર તરફ ૫૧૦૦

### દિનુનું સપોર્ટ એન્ડ રેજીસ્ટન્સ, નિફ્ટી ટ્રેન્ડ અને સ્ટોપલોસ પત્રક

| Investor | Chart type | trade% Beta | Trend | From | Stop-loss | Gain |
|---|---|---|---|---|---|---|
| Derivative | Daily | 20 (+1.2) | DOWN | 6170 | 6120* | + 70 |
| Swing trade | Weekly | 20 (1-1.2) | UP | 5440 | 6070* | + 650 |
| Short term | Bi-weekly | 20 (1) | UP | 5420 | 5990* | + 670 |
| Medium term | Monthly | 20 (1-0.8) | UP | 5100 | 5800* | + 990 |
| Mutual Fund | Quarterly | 10 (-0.8) | UP | 5000 | 5710/6100** | + 990 |
| Long Term | Yearly | 10 (-0.8) | UP | 3670 | 4780/5550** | +2420 |

**નિફ્ટી માટે (રોજીંદો સ્ટોપલોસ + બંધ )/ ૨** ટ્રેડર્સને નિફ્ટી માટેની પછીના દિવસની રૂખ તેમ જ સ્ટોપલોસ દર્શાવશે. ટ્રેડર્સે ટ્રીગર પોઈન્ટ નીચે વ્યાપારમાંથી બહાર નિકળી જવું અથવા તો નીચેના ટ્રીગર પોઈન્ટે વ્યાપારમાં દાખલ થવું. જો બજાર રોજીંદા સ્ટોપલોસ કરતાં ૩૦ મીનીટ સુધી નીચેની સપાટીએ ટ્રેડ થાય તો રિવર્સ ટ્રેન્ડ ગણવો.

**સેન્સેક્ષ શેર માટે ટૂંકા ગાળાની ટેકાની તેમ જ પ્રતિકારક સપાટી નીચે મુજબ છે.** ટેકાની સપાટી ઉર્ધ્વગતિ માટે આપેલ છે જયારે પ્રતિકારક સપાટી શેરની નિમ્નગતિ માટે આપેલ છે તેથી ખરીદનાર આ આપેલ સપાટીએ તેમનો સ્ટોક ઓછો કરી શકે અથવા તો તેમાંથી નિકળી શકે અને વેચવાલી કરનાર તેમના સ્ટોકમાં વધારો કરી શકે અથવા તો દાખલ થઈ શકે.

| STOCK | S2 | S1 | R1 | R2 |
|---|---|---|---|---|
| Mah &Mah | 630 | 660 | - | - |
| State Bank | 2680 | 2920 | - | - |
| ONGC | 1280 | 1350 | - | - |
| Infosys | 2820 | 2920 | - | - |
| HDFC | 630 | 670 | - | - |
| Bharti | 300 | 340 | - | - |
| BHEL | 2450 | 2540 | - | - |
| LT | 1820 | 1920 | - | - |
| Maruti | 1300 | 1350 | - | - |
| HDFCBank | 2140 | 2320 | - | - |
| ACC | 920 | 960 | - | - |
| TCS | 850 | 890 | - | - |
| Tata Steel | 560 | 580 | - | - |
| HUL | 275 | 290 | - | - |
| DLF | 320 | 340 | - | - |

| STOCK | S2 | S1 | R1 | R2 |
|---|---|---|---|---|
| Jindal S&P | 670 | 690 | - | - |
| ITC | 155 | 168 | - | - |
| ICICI Bank | 950 | 1040 | - | - |
| Wipro | 420 | 430 | - | - |
| Tata Power | 1300 | 1320 | - | - |
| Hindalco | 160 | 185 | - | - |
| NTPC | 208 | 211 | - | - |
| Tata Motors | 910 | 1010 | | |
| Cipla | 320 | 325 | - | - |
| R Comm | 170 | 175 | - | - |
| Reliance | 1010 | 1030 | - | - |
| JP Associate | - | 125 | 135 | - |
| Hero Honda | - | 1810 | 1870 | - |
| Sterlite | - | 165 | 180 | - |
| RIL Infra | - | 1060 | 1110 | - |

શેર બજારના અનિલિમિટેડ મેસેજ મેળવો ફક્ત રૂા. ૧૦૦૦/- માં મો. ૯૮૨૫૦૬૫૩૮૭

# વર્ષોથી ચાલી આવતી પ્રણાલિકા મુજબ મે માસ અને ઓક્ટોબર માસમાં ભારતીય શેરબજારમાં નરમાઈ, આવતા સપ્તાહમાં મંદીનો દોર યથાવત્

**બેસ્ટ સ્ક્રીપ ઓફ ધી વીક**
**બારટ્રોનિક્સ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૬૯૪**
**હાલનો ભાવ રૂ.૧૧૦**

ઉપર જણાવ્યા મુજબ છેલ્લા ૧૫ વર્ષનો ઈતિહાસ છે કે શેરબજારમા ગમે

### સર્કિટ ૨ સર્કિટ (અપર)



અશ્વિન શાહ
મો. ૯૯૨૫૦૦૨૬૧૯
(કે.પી. કમાલ) મુંબઈ
www.theeagleinvestor.co.in

સારું વતળર આપી શકે તેવા પાંચ લગડી શેરોની અહીં ભલામણ કરૂં છું.

**બારટ્રોનિક્સ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૬૯૪**
**હાલનો ભાવ રૂ.૧૧૦**

બાયોમેટ્રિક સોફટવેરના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર છેલ્લા છ માસથી તેજીમાં જોડાયેલ નથી. કંપની પાસે હાલમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ઓર્ડરો છે. સરકાર દ્વારા અમલમાં લાવવામાં આવી રહેલ યુનિક આઈડેન્ટીફીકેશન સિસ્ટમનો સૌથી વધારે લાભ આ કંપનીને થશે.આ કંપનીમાં હાલના ભાવે કરેલ રોકાણ લાંબા ગાળે સોનાની ખાણ જેવું સાબિત થઈ શકશે.

ભજવતી આ કંપનીમાં કેન્દ્ર સસરકારનો ૯૨ ટકા જેટલો હિસ્સો છે. કંપનીમાં ૨૦૧૧માં ગમે ત્યારે એફ પી ઓ લઈને આવી શકે તેમ છે. તો આ કંપનીમાં હાલના ભાવે રોકાણ કરવામાં જોખમ ખૂબ જ ઓછું અને વળતર વધુ મળવાની શકયતા છે.

**શીપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી.**
**બીએસઈ કોડ ૫૨૩૫૯૮**
**હાલનો ભાવ રૂ.૧૮૫**

સરકારી જાહેર ક્ષેત્રની શીપીંગના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીમાં સરકારે તાજેતરમાં જ પોતાના ૮૦ ટકા હોલ્ડીંગમાંથી ૧૦ ટકાનુ હોલ્ડીંગ એફ પી ઓ દ્વારા એટલે કે ફોલોઓન પબ્લિક ઈસ્યુ દ્વારા બજારમાં વેચવાની જાહેરકાત કરી છે. આ કંપનીમાં હાલના ભાવે કરેલી ખરીદી આવતા ૨-૩ વર્ષમાં શીપીંગ વ્યવસાયનું ભવિષ્ય જોતાં ખૂબ જ ઉમદા વળતર આપી શકે તેમ છે. એટલે કે ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ છે.

## આવતા સપ્તાહમાં ઈન્ડેક્ષ શેરોમાં મંદી અને રોકડાના શેરોમાં તેજી

તેવી તેજી હોય કે મંદી હોય, પરંતુ શેરબજારમાં અત્યારસુધીના તમામ મોટા કડાકાઓ તે માત્ર મે માસ અને ઓક્ટોબર માસમાં જ થયા છે. આ સમયે પણ ઘણા લાંબા સમયથી ચાલતી તેજીને ગત સપ્તાહમાં કરેકશનરૂપી ઘટાડાની બ્રેક લાગી છે. એટલે કે ઘણા લાંબા સમય પછી મુંબઈ શેર બજાર આંક લગભગ ૨૦૦ પોઈન્ટના સાપ્તાહિક ઘટાડા સાથે ૨૦૨૫૦ પોઈન્ટે બંધ આવેલ છે. ઉપર જણાવ્યા મુજબ આવતા સપ્તાહમાં અમારા મંતવ્ય મુજબ ઈન્ડેક્ષ શેરોમાં હજુ પણ ઘટાડાનો દોર ચાલુ રહેશે, પરંતુ રોકડાના સારા શેરો, કે જે શેરોમાં તેજીની શરુઆત થઈ જ નથી, તે શેરોમાં રોકાણકારોની નવી લેવાલી શરૂ થશે. તો આવા શેરોમાં ધ્યાન કેન્દ્રિત કરવું હિતાવહ રહેશે.

આવતા સપ્તાહમાં ઓછા જોખમે

**એપ્ટેક લી.**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**હાલનો ભાવ રૂ.૧૭૦**

જાણીતા બીગબુલ ટ્રેડર્સ રાકેશ ઝૂનઝુનવાલા દ્વારા પ્રમોટ કરાયેલ આ કંપનીના શેર હવે બજારની રૂખ કરતાં ઉલટી દીશામાં ચાલતો જોવા મળે, એટલે કે બજાર ઘટે તો પણ આ શેર વધતો જોવાય. તો આ કંપનીમાં હાલના ભાવે કરેલ રોકાણ તમને આવતા ૨ થી ૩ વર્ષમાં મીની ઈન્ફોસીસ જેવું વળતર આપી શકે છે.

**સ્ટેટ ટ્રેડીંગ કોર્પોરેશન ઓફ લી.(એસ ટી સી)**
**બીએસઈ કોડ ૫૧૨૫૩૧**
**હાલનો ભાવ રૂ.૪૦૫**

સરકારી જાહેર ક્ષેત્રની આયાત અને નિકાસના કાર્ય સાથે સંકળાયેલી તેમ જ બુલિયન માર્કેટમાં ખૂબજ અગ્રેસરનો ભાગ

**યશ મેનેજમેન્ટ લી.**
**બીએસઈ કોડ ૫૧૧૬૦૧**
**હાલનો ભાવ રૂ.૧૦**

છેલ્લા એક વર્ષથી રૂ. ૧૦ ની મૂળકિંમતનો શેર માત્ર રૂ. ૧૦માં જ મળી રહેલ છે. કંપનીએ તાજેતરમાં નેનો ટેકનોલોજીના વ્યવસાયમાં ઝંપલાવ્યું છે. કંપનીઓ આર એન્ડ ડી બેંગલોર ખાતે આવેલ છે. નેનો ટેકનોલોજીનું આવનાર ભવિષ્ય જોતાં આ કંપનીમાં હાલના ભાવે કરેલ રોકાણ લાંબા ગાળે મલ્ટીબેગર સાબિત થઈ શકે છે.

બારટ્રોનિક્સના શેર પોર્ટફોલિયોમાં વસાવો અને તમારા કુટુંબને આવતી દિવાળીએ વિદેશની સફર કરાવો

# ૬૧૮૮ ઉપર ૬૨૨૬, ૬૨૫૫, ૬૨૮૯..... ૫૯૯૦ નીચે ૫૯૬૦, ૫૯૪૦, ૫૯૦૦

ગયા સપ્તાહે ખૂબ જ ચોખ્ખા અને સ્પષ્ટ શબ્દોમાં ચોખ્ખુ અને ચટ જણાવેલ કે, નિફ્ટી ફયુચરમાં ૬૨૦૬ ઉપર ૬૨૩૫-૬૨૬૪ નિફ્ટી ફયુચરે ૬૨૦૬ કૂદાવતા ૬૨૪૮નો હાઈ દર્શાવેલ. તે માહિતી માટે ફક્ત..

ગયા સપ્તાહની સ્ટોક ફયુચરની ભલામણોમાંથી રિલા.કેપીટલ ૮૦૬

### બાજ નજરે



પારસ ઘેલાણી
મો. ૯૦૯૯૦૧૦૮૨૭
ghelani.paras@gmail.com
parasghelani@rediffmail.com

વાળો ૮૮૨, સીઈએસસી ૩૯૭ વાળો ૪૧૫, નાલ્કો ૪૦૮ વાળો ૪૨૯, સેસાગોવા ૩૪૬ વાળો ૩૭૫, એનએમડીસી ૨૮૦ વાળો ૨૯૯, કેર્ઈન ૩૪૦ વાળો ૩૪૮, આર. કોમ. ૧૬૯ વાળો ૧૮૬, ગ્રેટ ઓફશોર ૩૭૭ વાળો ૪૦૪, ટાટા કેમિકલ ૪૦૫ વાળો ૪૨૬ અને ડિલેવરીબેઈઝ ભલામણોમાંથી હિંદ કોપર ૪૪૩ વાળો ૪૮૫, એમટીએનએલ ૬૯ વાળો ૭૮, બાલાસોર એલોયઝ ૩૩ વાળો ૪૧, આરઆઈઆઈએલ ૮૭૫ વાળો ૯૬૭, જેપી પાવર ૬૫ વાળો ૬૯, એમઆરપીએલ ૭૮ વાળો ૮૫, હિટાચી હોમ ૩૩૧ વાળો ૩૪૫ જેવા ખૂબ જ જોરદાર અને તગડો પ્રોફીટ આપે તેવા ભાવો સ્ટોક ફ્યુચર અને ડેલીવરીબેઈઝની અમારે ભલામણોમાંથી જોવાયેલા. તે માહિતી માટે ફક્ત...

★ **નિફ્ટી ફ્યુચર (૬૧૩૩.૪૫)** :- ૬૧૮૮ ઉપર ૬૨૨૬, ૬૨૫૫, ૬૨૮૯ જોવા મળે. ૫૯૯૦ નીચે ૫૯૬૦, ૫૯૪૦, ૫૯૦૦ જોવા મળે. બ્રેક આઉટ સાઈડ અંગત કેપિસીટી/ જોખમાનુસાર સ્વનિર્ણય લેવો.

★ **હોટ પોઝીશનલ ફ્યુચર્સ સ્ટોક્સ**

**(૧) એચડીઆઈએલ (૨૭૫)** :- રૂા.૨૬૮ સ્ટોપલોસ... નજીકમાં જ ૨૮૬ થી ૨૯૭.

**(૨) રિલાયન્સ (૧૦૫૬.૬૫)** :- રૂા. ૧૦૩૬ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૦૭૨ થી ૧૦૯૦...

**(૩) કેએફએ (૮૧.૮૫)** :- રૂા. ૭૭ સ્ટોપલોસ... નજીકમાં જ ૮૮ થી ૯૫.

**(૪) સુઝલોન (૫૭.૯૦)** :- રૂા.૫૪ સ્ટોપલોસ... નજીકમાં જ ૬૨ થી ૬૮.

**(૫) આર.કોમ. (૧૮૨.૨૫)** :- રૂા.૧૭૫ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૮૮ થી ૧૯૪....

★ **હોટ વીકલી સ્ટોક્સ ફ્યુચર :-**

**(૧) રિલા.કેપીટલ (૮૫૨.૫૫)** :- રૂા.૮૩૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૮૭૨ થી ૮૯૬.

**(૨) ગ્રેટ ઓફશોર (૩૮૭.૧૫)** :- રૂા.૩૭૫ સ્ટોપલોસ... નજીકમાં જ ૪૧૦ થી ૪૩૦..

**(૩) એસ્સાર ઓઈલ (૧૪૦.૧૦)** :- રૂા.૧૩૫ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૪૬ થી ૧૫૩.

**(૪) ડીશ ટીવી (૫૪.૮૫)** :- રૂા. ૫૦સ્ટોપલોસ... નજીકમાં જ ૫૯ થી ૬૪.

**(૫) રુચિ સોયા (૧૩૪.૮૦)** :- રૂા.૧૩૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૩૮ થી ૧૪૩...

★ **હોટ ડિલેવરીબેઈઝ રોકાણ**

**(૧) અનંતરાજ (૫૧૫૦૫૫) (૧૪૯.૦૫)** : નજીકમાં જ તોફાની તેજી દ્વારા ૧૫૮ થી ૧૬૯.

**(૨) એપ્ટેક (૫૩૨૪૭૫) (૧૭૦.૧૦)** : - નજીકમાં જ ઉછાળો દર્શાવી ૧૮૧ થી ૧૮૮.

**(૩) હોટલ લીલા (૫૦૦૧૯૩) (૫૭.૩૫)** : - નજીકમાં જ તેજી થકી ૬૪ થી ૭૦.

**(૪) તુલસી એકસ્ટ્રુ (૫૩૨૯૪૮) (૭૪.૯૫)** : - નજીકમાં જ તોફાની ઉછાળાથી ૮૬ થી ૯૭.

**(૫) મોઝર બેર (૫૧૭૧૪૦) (૬૯.૦૫)** : - નજીકમાં જ ઉછાળા થકી ૭૩ થી ૮૧.

**(૬) શીરપુર ગોલ્ડ (૫૧૨૨૮૯) (૨૧૩.૨૫)** : - નજીકમાં જ તોફાની તેજી થકી ૨૩૩ થી ૨૫૦.

**(૭) ડીબી રિઅલ (૫૩૩૧૬૦) (૪૨૩)** : - નજીકમાં જ ઉછાળા થકી ૪૫૦ થી ૪૬૪.

**(૮) શ્રી રાયલસીમા (૫૦૭૭૫૩) (૧૬.૯૫)** : - નજીકમાં જ તેજીના ઉછાળા થકી ૨૦ થી ૨૩.

**(૯) એમઆરપીએલ (૫૦૦૧૦૯) (૮૧.૪૫)** : - નજીકમાં ઉછાળો દર્શાવી ૮૮ થી ૯૫.

**(૧૦) શ્રી બજરંગ એલોયઝ (૫૨૬૯૮૧) (૨૩.૩૫)** : - વાર્ષિક રૂા. ૨ કરોડનો નફો, ડિવિડન્ડ આપતી, ૨૦૦૭માં બોનસ, પ્રોફીટેબલ સ્ટીલ કંપની. રૂા. ૧૦ની ફેઈસ વેલ્યુ.. નજીકમાં જ ૩૨ થી ૪૪.

બાય એન્ડ સેલ પા.નં.૮ નું ચાલુ

કંપનીઓ હસ્તસગત પણ કરેલ છે. હાલમાં આ કંપની તેના પ્રમોટર્સને રૂ. ૩૬ ના ભાવે ૧.૧૫ કરોડનું પ્રેફરન્સીઅલ એલોટમેન્ટ કરી કરેલ છે. હવે તે શેર દીઠ આવક રૂ. ૨૫ ધરાવે છે અને અપેક્ષા છે કે ચાલુ વર્ષે તે રૂ. ૩૦ થી પણ વધી જશે. આ કંપનીની વાર્ષિક આવક રૂ. ૧૨૦૦ કરોડની આસપાસ છે જે આ વર્ષે રૂ. ૧૫૦૦ ની આસપાસ થઈ જશે. આ ફૂડ પ્રોસેસીંગ કંપનીનો બેબી સ્ટોક મધ્યમથી લાંબા ગાળાના લક્ષાંક રૂ. ૬૦ થી ૭૫ રાખીને ઘટાડે ખરીદો. ખૂબ ટૂંકા ગાળામાં આ શેરનો ભાવ રૂ. ૪૫ થઈ શકે.

**સૂર્યા ફાર્મા (૫૩૨૫૧૬ ) હાલનો ભાવ રૂ. ૨૭૩** આ ફાર્માસ્યુટિકલ અગ્રણી કંપનીનો શેર, નજીકના લક્ષાંક રૂ. ૩૦૦ થી ૩૧૫ માટે ખરીદો, આ શેર ટેકનીકલ ટેકો રૂ. ૨૬૬-૨૫૫ ધરાવે છે. શેર દીઠ આવક રૂ. ૫૨ ધરાવે છે અને ૨૫ મિલિયન યુ. એસ. ડોલરનો જીડીઆ ઈસ્યુ લાવવા માટે પણ આયોજન કરી રહેલ છે.

**ફંડા બાઈંગ :** નીચેના શેરોમાં ફંડ દ્વારા ખૂબ જ સારી લેવાલી જોવા મળેલ છે, કે જેમાં રોકાણકારો ટૂંકા થી મધ્યમ ગાળા માટે તક ઝડપી શકે.

**સીસીઆઈએલ :** આ શેર રૂ. ૮૦ ની આસપાસ ખરીદાતો જોવા મળ્યો

**ડેન્સો ઈન્ડિયા :** રૂ. ૧૦૫ની સપાટી આગળ આ શેર ખરીદાતો જોવા મળ્યો.

**ગાયત્રી પ્રોજેક્ટસ :** આ શેર રૂ.૩૯૦ ની આસપાસ ખરીદાતો જોવા મળ્યો

**વી એસ ટી ઈન્ડ :** આ શેર રૂ. ૫૭૦ ની આસપાસ ખરીદાતો જોવા મળ્યો.



( દીપનું દર્પણ ) - દીપેશ ગોહીલ
મો. ૯૭૨૭૯૯૦૯૮૦ veenmoney@gmail.com

| NAME | : NIFTY |
|---|---|
| BUY ABOVE | : 6133 |
| RES-1 | : 6176 |
| RES-2 | : 6220 |
| RES-3 | : 6280 |
| SELL BELOW | : 6133 |
| SUP-1 | : 6100 |
| SUP-2 | : 6054 |
| SUP-3 | : 6010 |



| NAME | : WIPRO |
|---|---|
| BUY ABOVE | : 462 |
| RES-1 | : 468 |
| RES-2 | : 472 |
| RES-3 | : 477 |
| SELL BELOW | : 462 |
| SUP-1 | : 458 |
| SUP-2 | : 453 |
| SUP-3 | : 448 |



| NAME | : BANK NIFTY |
|---|---|
| BUY ABOVE | : 12530 |
| RES-1 | : 12590 |
| RES-2 | : 12630 |
| RES-3 | : 12710 |
| SELL BELOW | : 12530 |
| SUP-1 | : 12480 |
| SUP-2 | : 12420 |
| SUP-3 | : 12350 |



| NAME | : YESBANK |
|---|---|
| BUY ABOVE | : 351 |
| RES-1 | : 356 |
| RES-2 | : 360 |
| RES-3 | : 363 |
| SELL BELOW | : 351 |
| SUP-1 | : 347 |
| SUP-2 | : 343 |
| SUP-3 | : 339 |



| NAME | : VOLTAS |
|---|---|
| BUY ABOVE | : 239 |
| RES-1 | : 243 |
| RES-2 | : 247 |
| RES-3 | : 255 |
| SELL BELOW | : 239 |
| SUP-1 | : 235 |
| SUP-2 | : 230 |
| SUP-3 | : 222 |



| NAME | : ZEEL |
|---|---|
| BUY ABOVE | : 294 |
| RES-1 | : 300 |
| RES-2 | : 303 |
| RES-3 | : 307 |
| SELL BELOW | : 294 |
| SUP-1 | : 290 |
| SUP-2 | : 286 |
| SUP-3 | : 280 |



### OUR PERFORMANCE

| STOCKS | REC. PRICE | HIGH/LOW | TARGET |
|---|---|---|---|
| NIFTY | 6176 | 6097 | 2 TAR.ACHVD |
| BANK NIFTY | 12590 | 12787 | 3 TAR.ACHVD |
| PTC | 117 | 126.90 | 3 TAR.ACHVD |
| ICICIBANK | 1135 | 1170 | 3 TAR.ACHVD |
| CAIRN | 338 | 345.90 | 1 TAR.ACHVD |
| BIOCON | 336 | 415.60 | 3 TAR.ACHVD |

ATTENTION

The material contained in the Economic Revolution is based on Fundamental and Technical analysis & other scientific methods and also the knowledge and belief of author. Error can not to be rulled out. The information given is of advisory nature only. The Editor, the Publisher and the Author does not take any consequences arising out of it. All rights reserved. Reproducing to whole or in part of any matter including featurs without permision is not permitted. Letgal jurisdiction is Ahmedabad only. The material given in the Economic Revolution is the views of author only, it not means that Editor is agree with it, so Editor, the Publisher and the printer is not resposible for the contains in writers article.

Narendra JoshiEditor,
The Economic Revolution.

## સ્ટીલ શેરોમાં મજબૂતાઈના સંકેત

સન ૨૦૧૦ ના ઓક્ટોબર માસનું બીજા સપ્તાહનું પ્રતિનિધિત્વ ચંદ્ર ગ્રહ કરે છે. મહત્ત્વપૂર્ણ ગ્રહ શુક્ર છે. અને તે તુલા

### એસ્ટ્રોમની ગુરૂ



કર્નલ અજય
મો. 09414056705
www.astromoneyguru.com

રાશીમાં છે. શનિ કન્યા રાશીમાં છે. દેવગુરુ ગુરુ અને દૈત્ય ગુરુ શુક્ર આ સપ્તાહે વક્રી અવસ્થામાં છે. આ બધા ગ્રહ સંયોગ સ્ટીલશેરોમાં મજબૂતીના સંકેત આપે છે.

અમારી અગ્રીમ ભવિષ્યવાણી શેર બજારમાં મિશ્ર રુખ રહેવાની જાણ કરવામાં આવી હતી. તથા ફાર્મા શેક્ટરમાં મજબૂતીના સંકેત આપ્યા હતા. આ બંને ભવિષ્યવાણી પૂર્ણ સત્ય સાબિત થઈ. શેરબજારમાં ઉપલા સ્તરે પ્રોફીટ બુકિંગ જોવા મળ્યું હતું. તથા ફાર્મા સેક્ટરમાં ડો. રેડ્ડી, સીપ્લા, ગ્લેનમાર્ક અને દેવીસલેબ.માં ઉછાળો જોવા મળ્યો હતો. આશા છે કે વાંચકોએ આનો લાભ ઉઠાવ્યો હશે.

આ સપ્તાહે સ્ટીલ સેક્ટર અને મેટલ સેક્ટરમાં નજર રાખવી જોઈએ. જ્યોતિષીય ગણના આધારે નીચલા સ્તરે ટાટા સ્ટીલ, સેઈલ, ઓએનજીસી, એચપીસીએલ વગેરે શેરોમાં નજર રાખવી જોઈએ. ફાર્મામાં ઉચ્ચ કંપની ડો. રેડ્ડી, સિપ્લા અને બાયોકોનમાં પણ આ સપ્તાહે મજબૂતાઈ બનાવાની સંભાવના રહે છે.

આ સપ્તાહે સિંહ રાશીવાળા માટે સારા સમાચાર હોઈ શકે છે. યોગકારક ગ્રહ સૂર્ય રાશીમાં બીજો છે અને ધનકારક ગ્રહ બુધ પણ સર્વોત્તમ સ્થિતિમાં છે. જે સિંહ રાશી વાળા માટે જબરદસ્ત નફાકારક બની રહેશે. સિંહ રાશીવાળા માટે ૯નો અંક શુભ ગણવામાં આવે છે. માનક અને મુંગા રત્ન ધારણ કરવો લાભદાયી રહી શકે છે. રવિવાર અને મંગળવાર પૂર્ણ લાભ મેળવી શકાય છે.

ઉપરોક્ત બધી ભવિષ્યવાણી જેમીની જ્યોતિષ અને અંક જ્યોતિષના માધ્યમથી આપવામાં આવે છે. લેખકનો આમાં કોઈ અંતરંગ સ્વાર્થ નથી.

## સોનામાં તેજીનો અંતિમ અને જોખમી તબક્કો શરૂ

ગયા સપ્તાહમાં વિવિધ કોમોડીટીઝમાં ઉછાળો જોવા મળ્યો. સોનામાં પણ નવી રેકોર્ડ ઊંચાઈ જોવા મળી. પણ જે ઉછાળો સપ્તાહના અંતે ઊભરાની જેમ સમી ગયો. ચાંદીમાં પણ ઉપરના લેવલથી નફારુપી વેચવાલી

### હોટ કોમોડીટીઝ



પ્રતિક સોની
મો. ૯૫૧૦૮૫૦૨૮૮

જોવા મળી. બુલિયન કોમોડીટીઝમાં ચાંદીથોડા સમયથી આઉટ પરફોર્મ કર્યું છે. હાલ ઉપરના લેવલ પર નફો બુક કરવાનો સમયછે અને નવા રોકાણ જોખમી સાબિત થશે. સોનામાં તેજી તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચૂકી છે. તો નવું રોકાણની સલાહ નથી. ટ્રેડર લઈને ઉપર વેચી શકે છેપણ રોકાણકાર સાવચેતી રાખવી. સોનામાં સળંગ છેલ્લા દસ વર્ષથી સતત વધારો જોવા મળી રહ્યો છે. હાલના લેવલ ઉપર ફન્ડામેન્ટલ સપોર્ટ નથી અને તેજીનું બબલ જોવા મળી શકે. વિશ્વના અર્થતંત્રમાં ધીમી પણ રિકવરી જોવા મળીરહી ચે. જેમાં વૈશ્વિક શેર બજારો ધીમો સુધા રો દર્શાવ્યો છે. તેમજ વિવિધ કોમોડીટીઝના ભાવ પણ વધ્યા છે. તેમજ ઈન્ફલેશનની વાત કરીએ તો હજી પણ તે ઐતિહાસિક લેવલથી ઘણું નીચે છે. તો હવે પછીની તેજીને ફન્ડામેન્ટલ સપોર્ટ નથી અને સોનામાંતેજીનો બબલ બની રહ્યો છે. જ્યાં જાપાનમાં નિકાસ ઘટતી જોવા મળી છે. અને તેમાં પણ વ્યાજદરમાં ઘટાડો કરી અને રાહત પેકેજ જાહેર કર્યુંછે. જે સોનામાં નાનો ઉછાળો જોવા મળ્યો. પણ ફક્ત નીચા વ્યાજદર હોય ને સોનાના ભાવ વધે તે ફક્તતેજીનો ફુગ્ગો જેવા મળી શકે. બાકી જો ડોલરની નરમાઈની અસર જોઈએ તો ડોલર નબળો પડી રહ્યો છે પણ તે પાછલા કેટલાક વર્ષોની સરખામણી કરતા ઘણો મજબૂત છે.યુરોની સરખામણી કરતા ડોલર હજી તેના રેકોર્ડ લેવલ ૧.૬૦ આસપાસથી ઘણો મજબૂત છે. અને નીચે ૧.૩૯ આસપાસ જોવા મળે છે. તો ઈતિહાસ ઉપર ધ્યાન આપીએ તો જ્યારે સેન્ટ્રલ બેંકો સોનામાં લેવાલ હોય છે ત્યારે સોનામાં તેજી અંતિમ લેવલમાં જોવા મળે છે. ૧૯૮૧માં જ્યારે ૮૫૦ ડોલરની આસપાસ જોવા મળ્યું હતું. ત્યારે વિવિધ ઈન્સ્ટીટ્યુટ ૧૦૦૦ ડોલરનીઆગાહી કરી રહ્યું હતું જ્યારે ભાવ ઘટીને ૬૦૦ ડોલર થયા હતા. હાલ જ્યાં ઘણા એનાલિસ્ટ નજીકના સમયમાં સોનું ૨૦૦૦ ડોલરની વાતો કરે છે તો જરુરી છે કે જાણવું ફન્ડામેન્ટલ કેટલા સપોર્ટ કરે છે. હાલના લેવલથી સોનામાં ઉછાળો આગળ વધતો ૧૪૦૦ થી ૧૪૫૦ ડોલર સુધી જઈ શકે પણ હવે સમય લેવાનો નથી વહેંચવાનો હશે.

**ક્રૂડનો ક્યાસ :** આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલમાં ૮૦ ડોલર પર નજીકનો સપોર્ટ છે. તેની નીચે જતા સામાન્ય કરેક્શન ૭૮.૨૦ ડોલર જોવા મળે. નીચેમાં ૭૭.૮૦ ડોલર સપોર્ટનું કામ કરશે. ઉપરમાં ૮૩.૧૦ ડોલર ૨ઉપર જતા ૮૪.૮૦ થી ૮૫.૫૦ ડોલર તરફ ધ્યાન અપાય. એમસીએક્સ ક્રૂડ ઓઈલમાં ઘટાડે લેણ તરફી ધ્યાન અપાય.જ્યાં ૩૬૦૦ થી ૩૬૩૦ આસપાસ ૩૫૮૦ના સપોર્ટથી લેણમાં રહેવાય. જે ૩૭૦૦ થી ૩૭૪૦નો ભાવ જોવા મળે. તેમજ ૩૭૪૦ ઉપર બંધ આપતા ૩૮૦૦નો ભાવ જોવા મળે. ઘટાડા માટે ૩૫૮૦નો સપોર્ટ છે. તેની નીચે બંધ ખરાબ જણાય. ટૂંકાગાળામાં ૩૬૦૦ થી ૩૮૦૦ની ટ્રેડીંગ રેન્જ જોવા મળી શકે.

**સોનાની સ્ટ્રેટેજી :** આંતરરાષ્ટ્રીય સોનામાં ૧૩૭૦ ડોલરની ઉપર જતા ૧૩૯૨ થી ૧૪૨૦ ડોલર જોવા મળી શકે. ઉપરના લેવલ પર ઉતાર ચઢાવ જોખમી રહેશે. તેમજ વોલેટાઈલ મુવમેન્ટ જોવા મળશે. નીચેમાં ૧૩૨૫ ડોલરનો સપોર્ટ છે. જે તૂટતા તીવ્ર ઘટાડો જોવા મળે. જે ૧૩૦૪ થી ૧૨૭૮ ડોલર સુધી ઘટે. એમસીએક્સ સોનામાં ૧૯૫૮૦ની ઉપર જતા ૧૯૭૨૦ જોવા મળી શકે. નીચેમાં ૧૯૩૦૦ થી ૧૯૦૦૦ સુધનો ભાવ જોવા મળે. રોકાણકાર આ ભાવમાં રોકાણની સલાહ થી. ટ્રેડર્સ એન્ટ્રી લઈને ઉપરમાં વેચી શકે. ટૂંકાગાળામાં ચોપી વધઘટ જોવા મળશે. સોનામાં તેજી ઘણી લાંબી ચાલી છે જે વર્ષના અંત સુધી માં પુરી થવાની સંભાવના છે. જો કે સોનામાં તેજીની આગ બુજાતા પહેલાં વધુ જોરથી ભડકી શકે છે. તો સાવચેતીનું વલણ જરુરી બની રહેશે.

**ચાંદીની ચાલ :**

આંતરરાષ્ટ્રીય ચાંદીમાં આગળ વધતા ૨૪ ડોલર થી ૨૫ ડોલરની આસપાસ ટોપ કરે તેવી સંભાવના છે. જ્યાં ૨૪.૨૦ ડોલરથી ૨૫.૫૦ ડોલરનું લેવલ પર પ્રેશર જોવા મળશે. નીચેમાં ૨૨ ડોલરનો સપોર્ટ છે. એમસીએક્સ ચાંદીમાં ૩૪૮૦૦ ની ઉપર જતા ૩૫૨૦૦ થી ૩૫૫૦૦નો ભાવ જોવા મળે. જ્યાં નીચેમાં ૩૪૨૦૦ થી ઘટતા ૩૩૬૦૦ સુધી જઈ શકે. નીચેમાં ૩૩૫૦૦નો સપોર્ટ છે.

ધી ઈકોનોમિક રેવલ્યૂશન

તંત્રીની કલમે....

# હાલ કહેવાતા સેવકો સેવકો નથી તમારા નોકર છે !!!

**મિત્રો,**

પાટનગરની પગદંડીના લેખક શ્રી કિશોર અંજારીયાએ અમને તેમનો લેખ મોકલેલ, ખરેખર તે વિચારતા કરી મુકે તેવો છે, આ લેખ વાંચ્યા પછી તેમનો આભાર માની તેમણે આપેલ વિચાર હું મારા શબ્દોમાં રજુ કરુ છું.

સરકારી કર્મચારી અથવા તો સરકારી નોકર કોને કહેવાય ? તમે તુરત જ જવાબ આપી દેશો કે જે વ્યક્તિને સરકારે પ્રજાની સેવા માટે અને સરકારી વહીવટ ચલાવવા માટે ભરતી કરી હોય અને તેને સરકાર પગાર અને ભથ્થાં આપતી હોય, અને આ પગાર અને ભથ્થાના બદલામાં પ્રજાનું એટલે કે સરકારનું કામ કરવા બંધાયેલ હોય તે સરકારી નોકર. આમ જુઓ તો સરકારની નિમણૂક પ્રજા જ કરે છે અને પ્રજાના કાર્યો માટે સરકારી કર્મચારીઓની નિમણૂક સરકાર કરતી હોય છે અને તેથી તેમના ખરેખર માલિક તો પ્રજા જ કહેવાય. તેઓ પ્રજાના સેવકો એટલે કે નોકરો છે, અને પ્રજાએ આપેલ વેરામાંથી જ પગાર મેળવે છે.

હાલમાં જ ગુજરાતની કોર્પોરેશનો અને કેટલિક સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ જાહેર થએલ છે અને તેની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે અનેક સેવકો આ ચૂંટણીઓમાં સત્તાની લાલસા સાથે, મત મેળવવા માટે પોતાનો પરંપરાગત પોષાક ત્યજીને ચૂંટણી યોગ્ય પોષાક સાથે હાથ જોડતા અને ઢોલ વગાડતા, જોરદાર અભિનય સાથે આપની સમક્ષ હાજર થયેલ છે. આપણે આ લોકોને સેવકો સમજીએ છીએ. હા પહેલાં આવા સેવકો હતા, તે સેવકો એટલા માટે હતા કે તે સેવા બદલ કોઈ મહેનતાણું મેળવતા ન હતા, પ્રજા કલ્યાણ માટે કટિબધ્ધ હતા અને કોઈ વળતરની અપેક્ષા પણ ન હતી. એક સામાન્ય માણસની જેમ જીવતા, જેમ કે ઈન્દુલાલ યાજ્ઞિક અને તેથી જનતાને તેમના પ્રત્યે એક આદર પણ હતો. તેમની ગણના મહાપુરૂષોમાં થતી અને જનતા તેમનાં દર્શન કરવા તલસતી હતી. પરંતુ આજે તો આપણે જેમને સેવકો કહીએ છીએ તે શબ્દ જ ખોટો ઉપયોગમાં લેવામાં આવે છે કારણ કે આ લોકો પણ સરકારી કર્મચારીઓની જેમ જ પગાર લે છે, ભથ્થાં લે છે, રહેઠાણની સુવિધા અને દવાખાનાની સુવિધા સાથે અનેકવિધ બીજી સુવિધાઓ પણ લેતા હોય છે કે જે ઉચ્ચ અધિકારીઓને જ પ્રાપ્ત થતી હોય. તેથી તેઓ પણ પગાર લે છે તેથી સેવકો રહેતા નથી નોકર બની જાય છે.

મૂળ વાત હવે આવે છે કે આ લોકોને કામ માટે પ્રજાએ શા માટે અરજ કરવાની, હાથ જોડવાના, જયારે તેઓને કામ કરવા બદલ પગાર આપવામાં આવે છે ત્યારે પ્રજાએ પણ તેઓ સાથે માલિકની હેસિયતથી કામ લેવુ જોઈએ. કોઈ આવા ચૂંટાયેલા પ્રતિનિધિ કોઈ પ્રજાજનને મુલાકાત ન આપે અથવા તો કોઈ કામ ટલ્લે ચઢાવે, અનેક રજૂઆતો પછી પણ કામ ન કરે તો પ્રજાએ ખુમારીથી કહેવું જોઈએ, મફત કામ નથી કરતા, અમારા પૈસે પગાર અને ભથ્થાં લો છો, તો પછી કામ કરો.તમે પ્રજાના સેવક નથી, પગારદાર નોકર છો, તે ધ્યાનમાં રાખો.

અને આ રીતે હવે પ્રજાએ પોતાની ખુમારી બતાવવી પડશે, હાથ તો ઘણા જોડયા હવે આ હાથ ભેગા કરીએ એક શક્તિ નિર્માણ કરવી પડશે, જાગૃતતાની અને તો પછી કોઈ રાજકારણી પોતાનું ઘર ભરી પ્રજાને ઘરબહાર નહીં લાવી શકે. આ માટે પ્રજાએ પોતાના હક્ક અને ફરજો પ્રત્યે જાગૃત થવું પડશે અને હવે આ સેવકો તેમનાથી મોટા છે તેવી લઘુતાગ્રંથીમાંથી બહાર આવવું પડશે, કારણ કે તાર્કિક રીતે તો તેઓ તમારા નોકર છે. કામ ન કરે તો બીજી ચૂંટણીમાં લાત મારી દો, તુરત જ સાન ઠેકાણે આવી જશે.

**જય હો,**

**સર્વેત્રઃ સુખિનઃ સન્તુ,**

**નરેન્દ્ર જોષી, એડીટર**

# પ્રાઈમરી માર્કેટની ખાટી મીઠી

### રામકી ઈન્ફ્રાસ્ટ્રક્ચરે રોકાણકારોને રોવડાવ્યા

રામકી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો શેર તા. ૮ના રોજ લીસ્ટ થયેલ હતો. રૂા. ૪૫૦માં ઓફર કરાયેલ આ શેરનો બીએસઈ પર ૧૩.૯૨ ટકા નીચે એટલે કે રૂા. ૩૮૭.૩૫ના ભાવે બંધ આપેલ.જો કે આ શેર ખુલતાની સાથે જ રૂા. ૪૬૦ની ઉચ્ચ સપાટી દર્શાવી નીચે સરકી ગયેલ. નીચામાં નીચી સપાટી ૩૪૦.૦૫ દર્શાવેલ અને ભારે ચંચળતા દર્શાવી ૧૩.૯૨ ટકા નીચે બંધ આવેલ.

અત્રે એક વાત યાદ કરાવીએ કે 'ધી ઈકોનોમિક રેવલ્યૂશને'આ ઈસ્યુ માટે જણાવેલ કે ''આ ઈસ્યુથી દૂર રહો. રોકાણકારો માટે કોઈ બાકી રાખેલ નથી'' તે સત્ય પુરવાર થયેલ છે.

### બી.એસ. ટ્રાન્સકોમે તા. ૧૩ ઓક્ટોબર સુધી આઈપીઓની તારીખ લંબાવી

ટેલિકોમ્યુનિકેશનના ટાવરના ઉત્પાદન સાથે સંકળાયેલ કું. બી.એસ. ટ્રાન્સકોમનો ઈસ્યુ તા. ૮ ઓક્ટોબરના રોજ બંધ થવાનો હતો નિશ્ચિત દિવસોમાં માત્ર ૦.૫૮ ગણો જ ભરાવાને કારણે તેના પ્રાઈઝ બેન્ડમાં સુધારો કરવામાં આવેલ છે અને પ્રાઈઝ બેન્ડ ૨૫૭ થી ૨૬૬ હતી તે સુધારીને ૨૪૭ થી ૨૫૭ કરવામાં આવેલ છે. તેમ જ આ ઈસ્યુની બંધ થવાની મુદત તા. ૧૩ આકટોબર સુધી લંબાવવામાં આવી છે.

### ઓબેરોય રિયાલ્ટીનો આઈપીઓ ૧૨ ગણો છલકાયો

ગત સપ્તાહે તા. ૬ ઓક્ટોબરથી ૮ ઓક્ટોબર સુધી ખુલ્લો મુકાયેલ ઓબેરોય રિયાલીટીના આઈપીઓને ખૂબ સારો પ્રતિભાવ સાંપડ્યો છે અને આ આઈપીઓ ૧૨.૧૩ ગણો ભરાવેલ છે. આમ આ કંપનીએ તેના ૩.૨૪ કરોડ ઈક્વિટી સામે ૩૯.૩૫ કરોડની બીડ મેળવેલ છે. જેમાં ક્યુઆઈપી તરફથી આ ઈસ્યુ ૨૨.૧૫ ગણો, બિન સંસ્થાકીય રોકાણકારો તરફથી ૩.૬૧ ગણો અને નાના રોકાણકારો તરફથી ૦.૯૪ ગણો ભરાયેલ છે.

### હિન્દ કોપર ટીમ શોધી રહી છે દરિયા પારના દેશોમાં એન્કર ઈન્વેસ્ટર

સરકારશ્રીની માલિકીની હિન્દુસ્તાન કોપર લી. (એચસીએલ) કે જેણે ગયા મહિને તેનો ૨૦ ટકા હિસ્સો ડીસઈન્વેસ્ટમેન્ટ સાથે એફપીઓથી ઓફર કરવા માટે રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દાખલ કરેલ છે. તેણે વિદેશના સંભવિત રોકાણકારોને એફપીઓ પહેલાં ક્વોલિફાઈડ ઈન્સ્ટીટ્યુશન પ્લેસમેન્ટ અથવા તો એફપીઓ એક્ટિવ પાર્ટનરશીપ દ્વારા રોકાણ કરવા માટે એન્કર ઈન્વેસ્ટરો સાથે વાટાઘાટો કરવાનું નક્કી કરેલ છે.

### સેઈલનો એફપીઓ નવેમ્બર ૨૦૧૦માં આવી શકે

ઘણા સમયથી જેની રાહ જોવાય છે તે ભારતની સૌથી મોટી કંપની સેઈલનો એફપીઓ નવેમ્બર ૨૦૧૦ માં આવશે. તેમ સ્ટીલ સેક્રેટરી શ્રી, પી.કે. મિશ્રાએ એક ટીવી ચેનલને જણાવેલ છે. આ કંપનીના પ્રવક્તાના જણાવ્યા મુજબ આ ઈસ્યુમાં નાના રોકાણકારોને પાંચ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

### સરકારશ્રી શીપીંગ કોર્પોરેશનનો ૧૦ ટકા હિસ્સો વેચશે

સરકારશ્રીની કંપની શીપીંગ કોર્પોરેશનને ડીવેસ્ટમેન્ટ માટે કેબીનેટ દ્વારા બહાલી મળી ગયેલ છે. અને તે મુજબ સરકારશ્રી આ કંપનીનો ૧૦ ટકા હિસ્સો વેચવા સંમત થયેલ છે. જે દ્વારા રૂા. ૧૩૦૦ કરોડ એકત્રિત કરવામાં આવશે. અને આ કંપનીમાં સરકારશ્રીનો હિસ્સો ઘટીને ૬૩.૭૫ ટકા થશે. સરકારશ્રીના જણાવ્યા મુજબ આ એફપીઓમાં નાના રોકાણકારોને પાંચ ટકા ડીસ્કાઉન્ટ આપવામાં આવશે. તેમજ આ ઈસ્યુમાં ૧૦ ટકા નવા શેર પણ ઓફર કરવામાં આવશે.

### ગુજરાત એનઆરઈ મિનરલ રિસોર્સ છ માસમાં જ મૂડી બજારમાં પ્રવેશશે

ગુજરાત એનઆરઈ કોક ( જીએનસીએલ) ની હોલ્ડીંગ કંપની ગુજરાત એનઆરઈ મિનરલ રિસોર્સ (જીએનએમઆરએલ) છ માસમાં મૂડી બજારમાં પ્રવેશવા આયોજન કરી રહેલ છે. ગુજરાત એનઆરઈ કોક (જીએનસીએલ) મેટલર્જીક કોકના અગ્રણી ઉત્પાદક છે. અને તેમની દરિયા પારની સબસિડી કંપનીઓ દ્વારા ઓસ્ટ્રેલિયામાં કુકિંગ કોલની ખાણ ધરાવે છે. ગુજરાત એનઆરઈ કુકિંગ કોલ લી. (જીએનસીસીએલ) ઓસ્ટ્રેલિયા લીસ્ટેડ છે. આ ઈસ્યુ પછી આ કંપનીમાં પ્રમોટરનો હિસ્સો ૯૦ થી ૬૫ ટકા સુધી ઘટી શકશે.

### લો કોસ્ટ એરલાઈન્સ ઈન્ડિગો ડીસેમ્બર માસમાં ડીઆરએચપી દાખલ કરશે

સસ્તો દર ફરમાવતી એરલાઈન્સ ''ઈન્ડિગો'' મૂડી બજારમાં પ્રવેશવા માટે સુસજ્જ થઈ રહેલ છે. અને ડીસેમ્બર માસ સુધીમાં પોતાનું ડીઆરપીએચ દાખલ કરશે. આ કંપની ૨૦૧૧ની શરુઆતમાં આઈપીઓ લાવવા વિચારી રહી છે. આ કંપનીના બેંકર તરીકે સીટી ગ્રુપ, મોર્ગન સ્ટેનલી, જે એમ. ફાઈનાન્સિયલ અને યુવીએસ કાર્ય કરશે.

### ઓક્ટોબર માસમાં લીસ્ટ થયેલ આઈપીઓમાં ૭ માંથી ૪ નુકશાનીમાં

ઓક્ટોબર માસમાં આ લખાય છે ત્યાં સુધી શેર બજાર માં સાત કંપનીઓનું લિસ્ટીંગ થયેલ છે. જેમાંથી ૪ કંપનીઓમાં રોકાણકારોને ખોટનો સોદો સાબિત થયેલ છે. 'ધી ઈકોનોમિક રેવલ્યૂશન' વારંવાર જણાવે છે કે તેજીની ગંગામાં સ્નાન કરી તરી જવા મોકાની રાહ જોઈ બેસી રહેલી કંપનીઓ ચોમાસાના દેડકાની માફક ડ્રાઉ ડ્રાઉ કરી આઈપીઓ સાથે મૂડી બજારમાં પ્રવેશતી હોયછે અને છેવટે નાના અને તેજી જોઈને જાગેલા રોકાણકારોનો ભોગ લેતી હોય છે. ઓક્ટોબર માસમાં માઈક્રોસેક ફાઈનાન્સ, ઈરોઝ ઈન્ટરનેશનલ, કેરિયર પોઈન્ટ, ઈલેક્ટ્રો સ્ટીલ, રામકી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અને ઓરિએન્ટ ગ્રીન પાવરનું લિસ્ટીંગ થયેલ હતું. જેમાં ઓરિએન્ટલમાં ૪.૪૭ ટકા, રામકીમાં ૧૩.૯૨ ટકા, માઈક્રોસેક ફાઈનાન્સમાં ૧૩.૦૯ ટકા, અને તિરુપતિ ઈન્કમાં ૪૫.૩૫ ટકા જેટલા ભાવ ડીસ્કાઉન્ટમાં ચાલી રહેલ છે.

# બજારો ફૂગાવાના આંકડાની રાહ જુએ છે

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૨૦૨૫૦.૨૬) અને નિફટી (૬૧૦૩.૪૫) બંન્ને ૧.૦ ટકા અને ૦.૦૭ ટકા ઘટીને બંધ આવ્યા હતા. નિફટી ફયુચર ઓક્ટોબર ૩૮.૭૦ પોઈન્ટના પ્રિમિયમમાં હતો. નિફટી ઓક્ટોબર ૬૨૦૦ના કોલ ઓપ્શનમાં ભારે રસ જોવાયો હતો.

**બુલેટ**



**નરેન્દ્ર નયનાની**
**મો. ૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૨૦૦૦૦ **તથા રેજીસ્ટન્સ** ૨૦૫૯૦ જયારે **નિફટીમાં સપોર્ટ** ૬૦૦૦ અને **રેજીસ્ટન્સ** ૬૨૦૦ નો છે.

કોલ ઈન્ડિયાનો આઈપીઓ ૧૮ ઓક્ટોબર ૨૦૧૦ના રોજ ઓપન થશે. આવતા સપ્તાહમાં ફુગાવાના આંકડા આવશે જો તે વધીને આવશે તો ભારતીય અર્થતંત્ર માટે ચિંતાનો વિષય બનશે.

રિલાયન્સ અને ટાટા સ્ટીલ ના ઓપન ઈન્ટરેસ્ટમાં ઓક્ટોબર સિરીઝમાં રસ જોવાયો હતો. રિલાયન્સ ના ઓકટોબર ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૧૦૫૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. આઈએફસીઆઈ માં કોલ ઓપ્શનમાં ઓકટોબર માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૭૫ પણ જોવા મળેલ છે.

**ફયુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. પીટીસી (૧૨૩.૮૦)** લોટ સાઈઝ ૨૦૦૦ શેર

● ઓક્ટોબર માસના સ્ટ્રાઈક ભાવ ૧૨૦ થી ૭.૦૦ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.

● ઓક્ટોબર માસના ૧૩૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૨.૩૦ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૭.૦૦ ★ ૨૦૦૦ = ૧૪૦૦૦.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૨.૩૦ ★ ૨૦૦૦ = ૪૬૦૦.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૧૪૦૦૦.૦૦ - ૪૬૦૦.૦૦ = ૯૪૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૧૩૦ - ૧૨૦ = ૧૦ ★ ૨૦૦૦ = ૨૦૦૦૦ - ૯૪૦૦ = ૧૦૬૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૧૨૪.૭૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ** : = ૨૨૫.૩૫

**૨. વીપ્રો (૪૬૬.૮૦)** : ઓક્ટોબર માસ ફયુચર લોટ સાઈઝ ૮૩૩ શેર

● રૂ. ૪૬૬.૮૦ ના ભાવથી ઓક્ટોબર માસ ફયુચરનો એક લોટ ખરીદો.

● **વેચો એક કોલ ઓપ્શન** : ઓક્ટોબર માસ સ્ટ્રાઈક ભાવ ૪૮૦ થી રૂ.૧૦.૫૫ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** : = ૧૦.૫૫ ★૮૩૩ = ૮૭૮૮.૧૫ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૪૮૦ - ૪૬૬.૮૦ = ૧૩.૨૦ ★ ૮૩૩ = ૧૦૯૯૫.૬૦ + ૮૭૮૮.૧૫ = ૧૯૭૮૩.૭૫ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. બેંક ઓફ બરોડા** (૯૪૨.૨૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. સીપ્લા** (૩૩૭.૨૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.



**રજનીકાન્ત સી. ઠક્કર**
**ફોન : (૦૨૬૯૭)૨૪૪૮૧૮**
**(M)૯૮૭૯૯૨૧૯૫૧, ૯૪૨૬૫૮૩૪૫૩**
**E-mail: Rajanithakkar @yahoo.co.in**

# સાપ્તાહિક શેર ભવિષ્ય

## શેર બજારની તેજી-મંદી ૧૧-૧૦-૨૦૧૦ થી ૧૫-૧૦-૨૦૧૦

| | | |
|---|---|---|
| ૧૧.૧૦.૨૦૧૦ | સોમવાર | બજાર સાધારણ તેજ ખૂલશે. ૧૧.૦૫ થી ૧૨.૧૫ સારી તેજી રહેશે, ૧૨.૧૫ થી ૧૪.૧૨ બજાર સમ રહેશે, ૧૪.૧૨ થી સારી તેજી રહેશે. |
| ૧૨.૧૦.૨૦૧૦ | મંગળવાર | બજાર તેજ ખૂલશે. ૧૧.૪૦ થી ૧૨.૫૪ બજાર નરમ રહેશે. ૧૨.૫૪ થી ૧૩.૧૫ બજાર સમ. ૧૩.૧૫ થી ૧૫.૨૦ બજાર તેજ રહેશે. ૧૫.૨૦ થી સામાન્ય ઘટાડો રહેશે. તમામમાં બેઉ તરફી વધઘટ રહેશે. |
| ૧૩.૧૦.૨૦૧૦ | બુધવાર | બજાર તેજ ખૂલશે. ૦૯.૦૬ થી ૧૧.૨૦ નરમ. ૧૧.૨૦ થી ૧૨.૩૪ સમ ૧૨.૩૪ થી નરમ રહેશે. |
| ૧૪.૧૦.૨૦૧૦ | ગુરૂવાર | બજાર તેજ ખૂલશે. ૯.૦૨ થી ૧૧.૧૬ નરમ રહેશે. ૧૧.૧૬ થી ૧૨.૩૨ બજાર સમ રહેશે. ૧૨.૩૨ થી ધીમે ધીમે સુધારો રહેશે. |
| ૧૫.૧૦.૨૦૧૦ | શુક્રવાર | બજાર તેજ ખુલી તેજ બંધ રહેશે. તમામમાં સારી તેજી રહેશે. |

**:સૂચના**

૧. ઉપરોક્ત આગાહી માત્ર માર્ગદર્શનના હેતુથી હિંદુ જ્યોતિષશાસ્ત્રના આધારે જ આપવામાં આવેલ છે.

૨. આપની સટ્ટાકીય વૃત્તિ કે નિર્ણયશક્તિના અભાવે થનાર નફા કે નુકસાન માટે લેખક, સંપાદક કે પ્રકાશક જવાબદાર રહેશે નહીં. આપના નફા કે નુકસાનની જવાબદારીઆપની પોતાની રહેશે.

**પ્રભાકર વ્યુ પા.નં.૧ નું ચાલુ**

સબસીડી ઓછી કરવાને કારણે તેમ જ ક્રુડ ૮૨ પોઈન્ટને સ્પર્શવાને કારણે દબાણ હેઠળ જણાય છે, જયારે રિલાયન્સ, એમ આર પી એલ, ચેન્નાઈ પેટ્રો હકારાત્મક છે.

**શેરની વાત :**

**મૂલ્યવર્ધિત ખરીદી : એ બી જી શીપયાર્ડ** : હાલની કિંમત રૂ.૨૯૩. ફેસ વેલ્યુ રૂ. ૧૦ બુક વેલ્યુ. રૂ. ૨૧૧, ૧૨ માસથી દોરવાતી શેર દીઠ આવક રૂ. ૪૨ અને પી ઈ રેશિયો ૬.૯૯, માર્કેટ કેપ રૂ. ૧૪.૯૬ કરોડ (ઓકટોબર ૦૭, ૨૦૧૦નો બંધ ભાવ) ઓલ ટાઈમ હાઈ ૧૧૩૨, (૪ જાન્યુઆરી ૨૦૦૮) ઓલ ટાઈમ લો રૂ. ૬૨ અને (૪ ફેબ્રુઆરી ૨૦૦૯) પર સપ્તાહની ઉચ્ચ સપાટી ૩૪૬ અને નીચી સપાટી ૧૭૬.

એબીજી શીપયાર્ડ શીપ બિલ્ડીંગ અને શીપ રિપેરનો ધંધો કરે છે. આ કંપનીનાં ઉત્પાદનોમાં ટગ્સ અને પુશન ક્રાફટ, બલ્ક કેરિયર, ફલોટીગ ક્રેઈન્સ અને જેક અપ ડ્રીલીંગ રીંગનો સમાવેશ થાય છે. તેમનાં બીજા ઉત્પાદનોમાં ૧૦૨ એમ સીઈ લોડર / ન્યુઝ પ્રીન્ટ / કંટેઈનર શીપ અને ૮૩.૫ એમ ડી પી ૨ ડીઝલ ઈલેક્ટ્રીક પ્રોપ્યુલ્સન ડાઈવીંગ સપોર્ટ વેસલનો સમાવેશ થાય છે. આ કંપનીની શીપયાર્ડની લીફટ કેપેસીટી ૪૫૦૦ ટન છે, સાઈડ ટ્રાન્સફર ફેસીલીટી, કોન્સન્ટ્રેટ પ્લાઝમા કટીંગ મરીન, બેન્ડીંગ રોલ્સ, હાઈડ્રોલિક પ્રેસ, કોલ્ડ શેરીંગ મશીન, ફ્રેમ બેન્ડીંગ મશીન અને સ્ટીલ પ્રોસેસીંગ મશીનરી વગરે પણ ઉપલબ્ધ છે.

તા. ૩૧ માર્ચ, ૨૦૧૦ અંતિત નાણાકીય વર્ષ (ના. વ. ૨૦૧૦) આ કંપનીએ ૧૪ વેસલની ડીલીવરી આપેલ હતી. માર્ચ ૩૧,૨૦૧૦ના રોજ સુધી આ કંપનીએ કુલ ૧૨૨ વેસલની ડીલીવરી આપેલ હતી. ૨૦૧૦ ના વર્ષ દરમ્યાન આ કંપનીએ ૧૩ શીપ અને બર્ગર ઉત્પાદિત કરેલ અને વેચાણ કરેલ હતાં. ના. વ. ૨૦૧૦ દરમ્યાન આ કંપનીએ શીપ ટ્રાન્સફર સિસ્ટમ સવહેજ યુનિટ ખાતે સફળતા પૂર્વક ટ્રાન્સફર કરેલ છે. ના. વ. ૨૦૧૦માં આ કંપનીએ ત્રણ સિમેન્ટ કેરિયર્સ બાંધવા માટે ૨૦,૦૦૦ ડેડ વેઈટ ટનનો ઓર્ડર પણ મેળવેલ છે.

**શેર તરફ એક નજર**

**ઓન મોબાઈલ** હાલની કિંમત રૂ.૩૭૧, સ્ટોપ લોસ રૂ. ૩૫૪, લક્ષાંક રૂ. ૪૦૧ આ શેરતેની લાંબા સમયની ઘટતી રૂખમાંથી બ્રેકઆઉટ આપેલ છે અને આ શેર હાલમાં બધી જ મુવીંગ એવરેજ ઉપર ટ્રેડ થઈ રહેલ છે જે ૨૫ ડી એમ એ રૂ. ૩૬૧ અને ૨૦૦ ડી એમ એ રૂ. ૩૫૪ છે. તેથી હવે આ શેર મજબૂતાઈભર્યોછે. સામાન્યરીતે શેર બ્રેકઆઉટ પછી પાછો વળે તેવી શકયતા હોય છે તેથી આ શેર રૂ. ૪૦૧ થી ૪૩૨ના લક્ષાંકથી ઘટાડે જ ખરીદો.

**ટેક. એના. ફોર ટ્રેડર પા.નં.૪નું ચાલુ**

ઈન્ટરનેટની સગવડ જોઈએ. બિઝનેસમાં ડીલર અને બાયર જોઈએ તે તમને સતત લિક્વીડ માર્કેટમાં મળતું રહે છે. માલ ના હોય તો ય તમે વેચી શકો (શોર્ટ સેલિંગ) ધંધા માટે ફાઈન માર્જીન ભરવાથી મળી જાય છે. ધંધાના નફો ફયુચરમાં તો તે જ દિવસે જમા થાય છે અને ઈક્વિટી માર્કેટમાં બીજા કે ત્રીજા દિવસે જ મળી જાય છે. તમે કેટલું કમાવો છો તે ઈન્કમટેક્સ વિભાગ સિવાય કોઈ જાણી ના શકે આવું બધુ કોઈ બીઝનેશમા હોય છે ? તેથી જ હું કહું છું કે Financial Trading is best business in the world.

**બાફના સ્પિનિંગ,**
**બીએસઈ કોડ ૫૩૧૭૩૩, હાલનો ભાવ રૂ.૫.૪૭**

કંપનીએ તાજેતરમાં એજ્યુકેશનના હેલ્થકેર અને ટ્રેડીંગના વ્યવસાયમાં ઝંપલાવેલું છે. જેની સીધી અસર કંપનીની નફાશક્તિ પર થશે અને તેની આવક અને નફો વધશે. કંપની ૧ થી ૨ માસમાં એન એસ ઈ પર લિસ્ટેડ થઈ જશે.કંપની છેલ્લા ૧૫ દિવસથી એટલે કે રૂ. ૨ થી લઈને રૂ. ૫.૪૦ સુધી નોનસ્ટોપ ઉપરની સર્કિટમાં ૫૦ લાખના વોલ્યુમ સાથે બંધ આવે છે. આ ઉપરથી એવું લાગી રહેલ છે કે કંપની આવનાર સમયમાં બહુ ઝડપથી રૂ. ૨૫નો ભાવ દર્શાવે.

બાફના ઓઈલ અને ગેસ નવા આઈપીઓ સાથે મૂડી બજારમાં પ્રવેશવા આયોજન કરી રહેલ છે અને આવનાર માસે તેઓ સેબી સમક્ષ તેમનું ડી

**લાંબાગાળે હીરો પુરવાર થાય**

જાહેરાત

**સોનાની ખાણ પૂરવાર થાય તેવી સલાહ માટે વાંચતા રહો : ધી ઈકોનોમિક રેવલ્યૂશન**

# એક પણ ઈસ્યુ અરજી કરવા લાયક નથી,

# આ સપ્તાહે પ્રેસ્ટીજ એસ્ટેટ પ્રોજેકટસ અને જીસ્કોલ એલોયસ લી. મેદાનમાં

## નવા ઈસ્યુ

**નરેન્દ્ર જોષી**

**મિત્રો, હાલમાં એફ આઈ આઈના ધોધ સ્વરૂપ નાણાકીય પ્રવાહને કારણે શેરબજારમાં તેજીનો પ્રવાહ જોવા મળ્યો. ઈકવીટી મ્યુચ્યુઅલ ફંડ તરફથી ઘણું વેચાણ થયું, આમ છતાં ૨૦૧૦ના વર્ષમાં લગભગ ૨૧.૪૨ બિલિયન ડોલર એફ આઈ આઈ તરફથી રોકાણ કરવામાં આવ્યું જે અગાઉના વર્ષમાં ૧૮ બિલિયન ડોલર હતું. હવે આ રીતે મજબૂત નાણાકીય પ્રવાહને કારણે શેર બજારમાં સર્જાતી તેજી જોઈને જે નાના રોકાણકારો બજારથી દૂર થઈ ગયેલ હોય તે સફાળા જાગી જાય છે અને રોકાણ કરવા દોડી જાય છે. આ જ સમયે મૂડીબજારમાં ઉંચા ભાવે પ્રવેશી તરી જવાના ઓરતા લઈ રાહ જોતી નાની મોટી કંપનીઓ પણ તેમના આઈપીઓ લઈને મૂડી બજારમાં દોડી જતી હોય છે. અને આ કારણે આવા અચાનક જાગીને દોડી જતા રોકાણકારો આ આઈપીઓ લઈને આવતી કંપનીઓમાં લીસ્ટીંગ વખતે લાભ લઈ છૂટી જવાના મોહથી ફસાઈ જતા હોય છે. હમણાં છેલ્લે છેલ્લે લીસ્ટ થયેલા ઈસ્યુ પરથી કેટલામાં લીસ્ટીંગ ગેઈન મળ્યું તે જોઈને જ આ બાબતનો ખ્યાલ આવી જશે. તેથી જયારે પણ આઈપીઓમાં રોકાણ કરો ત્યારે અભ્યાસ કરીને રોકાણ કરવું હિતાવહ રહેશે. અહીં જે બે ઈસ્યુ આપેલ છે તે પણ રોકાણકરવા લાયક જણાતા નથી. કદાચ કૃત્રિમ કારણોસર લીસ્ટીંગ વખતે આ શેર થોડા ઉંચા આવે પણ ખરા, પણ તેથી તે રોકાણકારક બની જતા નથી તે વાચકોએ ખાસ ધ્યાન રાખવાની જરૂર છે.**

## પ્રેસ્ટીજ એસ્ટેટ પ્રોજેકટસ

## આ ઈસ્યુમાં અરજી કરવાનું ટાળવું હિતાવહ જણાય છે

આ કંપનીની સ્થાપના શ્રી રઝાક સત્તાર દ્વારા ૧૯૮૧માં કરવામાં આવેલ હતી. આ પ્રમોટર રિઅલ એસ્ટેટ બિઝનેસ સાથે જોડાયેલ હતા. આ ગ્રુપ છેલ્લા બે દાયકાથી આ ક્ષેત્રનો અનુભવ ધરાવે છે અને દક્ષિણ એકર જેટલી જમીન ધરાવે છે. બેંગલુરુ સિવાય આ કંપનીના પ્રોજેકટ હૈદરાબાદ, ગોવા, મૈસુર, મેંગલોર, ચેન્નાઈ અને કોચિન ખાતે ચાલી રહેલ છે.

**ભલામણ અને અન્ય વિગતો**

કંપનીના માથે દેવું જ લગભગ રૂ. ૧૩૭૦ કરોડ છે આ ઈસ્યુના ૨૫ ટકા રકમ તો લોન ભરપાઈ માટે જનાર છે. આમ છતાં આ લોન પૂર્ણ ભરાનાર નથી. આ કંપનીનો નફો જે ૨૦૦૯ સુધી ૭ ટકા હતો તે ૨૦૧૦મા એકદમ ૧૪ ટકા થઈ ગયેલ છે, આ પાછળનું કારણ આ આઈપીઓ આવવાનો હતો તે જણાય છે.

### પ્રેસ્ટીજ એસ્ટેટ પ્રોજેકટસ લી.

**ઈસ્યૂ ખુલવાની તા. ૧૨ મી ઓકટોબર ૨૦૧૦ થી ૧૪ ઓકટોબર ૨૦૧૦**

| | |
|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | ૧૦૦ ટકા બુક બિલ્ડીંગ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | ૬૫,૫૭૩,૭૭૦ ઈક્વિટી શેર |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | ૧,૨૦૦. કરોડ |
| **શેરની મૂળ કિંમત** | રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | રૂ. ૧૭૨ થી રૂ. ૧૮૩ |
| **ઓછામાં ઓછી અરજી** | ૩૦ શેર ( રૂ. ૫૪૯૦ ) |
| **વધારેમાં વધારે અરજી** | ૫૪૦ શેર ( રૂ. ૯૮૮૨૦ ) |
| **ઈસ્યુ પછી ભરપાઈ થયેલ મુડીનો હિસ્સો** | .......... |
| **પ્રમોટર્સ** | **શ્રી ઈરફાન રઝાક**<br>**શ્રી રેઝવાન રઝાક**<br>**શ્રી નોમાન રઝાક** |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | ફાલ્કન હાઉસ નં. ૧,<br>મેઈન ગાર્ડ ક્રોસ રોડ,<br>બેંગલોર - ૫૬૦૦૦૧, કર્ણાટક<br>ફોન નં. ૮૦ ૨૫૫૯૧૦૮૦<br>ફેક્સ નં. ૮૦ ૨૫૫૯૧૯૪૫ |

**Email: investors@prestigeconstructions.com**

**Web:http://www.prestigeconstructions.com**

| | |
|---|---|
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | લીંક ટાઈમ ઈન્ડિયા પ્રા.લી.<br>સી - ૧૩, પન્નાલાલ સિલ્ક મિલ્સ કંપાઉન્ડ,<br>એલ બી એસ માર્ગ, ભન્ડુપ વેસ્ટગ,<br>મુંબઈ ૪૦૦૦૭૮<br>ફોન નં. +૯૧-૨૨-૨૫૯૬૩૮૩૮<br>ફેક્સ નં +૯૧-૨૨-૨૫૯૪૬૯૬૯ |
| **Email :** | **Web: http://intimespectrum.com** |
| **બુકરનીંગ લીડ મેનેજર** | **એનમ સિકયુરીટીઝ પ્રા લી.**<br>**જે પી મોર્ગન ઈન્ડિયા પ્રા. લી.**<br>**કોટક મહિન્દ્ર કેપિટલ કું.લી.**<br>**યુ બી એસ સિકયુરીટીઝ ઈન્ડિયા પ્રા. લી.** |
| **લીસ્ટીંગ** | બીએસઈ, એન એસ ઈ |

### શેરની ફાળવણી

| કયુબીઆઈ | નોન ઇન્સ્ટી | છૂટક | કર્મચારીઓ |
|---|---|---|---|
| ૩૭,૩૭૭,૦૫૦ | ૬,૨૨૯,૫૦૮ | ૧૮,૬૮૮,૫૨૪ | ૩,૨૭૮,૬૮૮ |

### જોખમી પાસુ

આ કંપનીના નામે જે જમીન રજીસ્ટર થયેલ છે તે ૧૮.૪૪ એકર છે અને તે કુલ રિઝર્વના ૨૫ ટકા જેટલી જ છે. બાકીની જમીન સબસીડીઅરી કંપનીઓ તેમ જ તેમની સહયોગી કંપનીઓ હસ્તક છે.

આ કંપનીના ધંધાને ઈન્કમટેક્ષ એકટ નીચે તેમ જ સેઝ સંબંધિત વેરામાં ઘણી રાહતો મળી રહેલ છે. જો આ વેરાની પોલીસીમાં કોઈ ફેરફાર આવે તો આ કંપનીના ધંધાને અસરકૃત બની શકે.

આ કંપનીનું દેવું સપ્ટેમ્બર ૨૦૧૦ માં લગભગ રૂ. ૧૩૭૦ કરોડ હતું. આ રીતે ભારે દેવું નાણાકીય પ્રવાહિતા તેમ જ નફાના ગાળાને અવરોધરૂપ બને છે.

જમીનની ઉપલબ્ધતા અને કિંમતને કારણે આ કંપની દેશી તેમ જ વિદેશી કંપનીઓ સાથે તિવ્ર હરિફાઈ કરી રહેલ છે.

આજ સુધી આ કંપનીએ કોઈ ડિવિડન્ડ ચુકવેલ નથી.

**આ કંપનીના પ્રમોટરોને અને તેમના કુટુંબ દ્વારા ચલાવાતી કંપનીઓને રૂ. ૦.૩૬ પૈસાના ભાવે શેર ફાળવવામાં આવેલ છે.**

### કેર દ્વારા રેટીંગ

**ક્રેડીટ રેટીંગ કંપની કેર દ્વારા આ આઈપીઓને ગ્રેડ–૩ ફાળવવામાં આવેલ છે. એટલે કે કેર રેટીંગ કંપનીના મંતવ્ય મુજબ આ આઈપીઓ સરેરાશ ફન્ડામેન્ટલ ધરાવે છે કેર કંપની ૧ થી ૫ નંબરના ગ્રેડ આપે છે જેમાં નં. ૧ ખૂબ નબળા ફંડામેન્ટલ અને નં. ૫ ખૂબ સારા ફંડામેન્ટલ દર્શાવે છે.**

### આઈપીઓનો હેતુ

આ કંપની તેને આ આઈપીઓ દ્વારા મળનાર ફંડનો નીચે મુજબ ઉપયોગ કરનાર છે.

- હાલમાં ચાલુ પ્રોજેકટમાં રૂ. ૪૨૯ કરોડ રોકશે.
- તેની સબસીડીઅરી કંપનીઓમાં રોકાણ રૂ. ૧૯૩.૦૦
- જમીન હસ્તગત કરવા માટે રૂ. ૨૧ કરોડ
- બાકી લોન ભરપાઈ કરવા માટે રૂ. ૨૮૦ કરોડ
- સામાન્ય કોર્પોરેટ કારણો માટે રૂ. ૨૭૭ કરોડ

ભારતમાં એક અગ્રણી રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટ કંપની તરીકે ઉભરેલ છે. આ કંપનીએ ૧૪૦ કરતાં પણ વધુ રિઅલ એસ્ટેટ પ્રોજેકટ પૂર્ણ કરેલ છે જે આશરે ૨૭ મિલિયન સ્કવેર ફૂટ જેટલા થાય છે. આ કંપની રહેણાંકીય આવાસો, વાણિજ્યિક સંકુલો,હોટલ અને શોપીંગ મોલ્સ વગેરે વિવિધ સેગમેન્ટમાં કાર્યરત છે. હાલમાં આ કંપની ૫૨.૫૭ મિલિયન ચો. ફૂટ ડેવલપેબલ એરિયાના હક્ક ધરાવે છે. જેમાં ૨૪.૪૦ મિલિયન ચો. ફૂટ સેલેબલ એરિયા છે જયારે ૯.૬૪ મિલિયન ચો. ફૂટ લીઝેબલ એરિયા છે.

આ કંપનીએ પૂર્ણ કરેલ પ્રોજેકટમાં પ્રેસ્ટીઝ ટેકનોલોજી પાર્ક, ઓકવૂડ પ્રિમિયર પ્રેસ્ટીજ સર્વિસ્ડ એપાર્ટમેન્ટસ અને ફોરમ મોલ અને ફોરમ વેલ્યુડ બેલ વગેરેનો સમાવેશ થાય છે જે બેંગલુરુ ખાતે આવેલ છે.

હાલમાં આ કંપની પાસે ૩૩ ચાલુ પ્રોજેકટ છે જેમાં ૧૦ રહેણાંકીય આવાસોના, ૧૬ વાણિજ્યિક અને ૪ હોસ્પીટાલીટી પ્રોજેકટ અને ૩ બીજા પ્રોજેકટ છે. આ કંપની આઈ એસ ઓ ૮૦૦૧-૨૦૦૦ થી પ્રમાણિત કંપની છે.આ કંપનીએ બેંગલોર ખાતે સોફટવેર અને રહેણાંકીય સુવિધા માટે એવોર્ડ પણ મેળવેલ છે.

હાલમાં આ કંપની આશરે ૨૫૦.૬૧ - આ કંપનીની આવકો સામે નજર કરીએ તો ૨૦૦૮માં કુલ આવક રૂ. ૯૮૯.૨૬ કરોડ હતી જયારે ૨૦૦૯માં આવકોમાં ઘટાડો જોવા મળેલ અને કુલ આવકો રૂ. ૯૧૭.૧૫ કરોડ થયેલ છે, આ સાથે નફો ૨૦૦૮ માં રૂ. ૬૫.૯૨ કરોડ હતો જે વધીને રૂ. ૭૭.૩૧ કરોડ થયેલ છે, આમ આવકો ઘટવા છતાં નફો વધેલ છે પરંતુ ૨૦૧૦માં આવકોમાં સામાન્ય વૃધ્ધિ થયેલ છે એટલે કે આવકો રૂ. ૧૦૮૬.૦૧ કરોડ થયેલ છે પરંતુ નફો લગભગ ડબલ એટલે કે રૂ. ૧૪૭ કરોડ થયેલ છે. અને શેર દીઠ આવક પણ જે અગાઉના વર્ષોમાં અનુક્રમે રૂ. ૨.૫૭ અને રૂ. ૨.૯૫ હતી તે વધીને રૂ. ૫.૫૩ થયેલ છે. આમ આવક અને નફામાં એકદમ વૃધ્ધિ જોવા મળેલ છે.

આ કંપનીના માથે સપ્ટેમ્બર ૨૦૧૦ ના માસ સુધી રૂ. ૧૩૭૦ કરોડ દેવું છે જે તેના એક વર્ષની આવક કરતાં પણ વધુ છે.

આ કંપનીએ તેના શેરનો ભાવ રૂ. ૧૮૨ થી ૧૮૩ નક્કી કરેલ છે એટલે કે ના. વ. ૨૦૧૦ની કમાણી કે જે વધુ પડતી વધી છે તે મુજબ પણ ૩૩ના પીઈ રેશિયોથી આ શેર ઓફર કરવામાં આવેલ છે, જે તેની હરિફ કંપનીઓ સાથે સરખાવતાં વધુ જણાય છે. આ ઈસ્યુ ૧૨૦૦ કરોડનો છે જયારે

આ કંપનીની હરિફ કંપનીઓ શોભા ડેવલપરના શેર હાલમાં લગભગ ૨૪ના પીઈ રેશિયોથી અને પુર્વન્કારા પ્રોજેકટના શેર લગભગ ૧૮ ના પીઈ રેશિયોથી મળી રહેલ છે ત્યારે આ કંપનીના શેર ૩૩ ના પીઈ રેશિયોથી ઓફર કરવામાં આવેલ છ, અને આ શેર પ્રમોટરોને રૂ. ૦.૩૬ના ભાવે આપવામાં આવેલ છે તેમ જ આજ સુધી આ કંપનીએ કોઈ ડિવિડન્ડ પણ ચુકવેલ નથી, હાલમાં લિસ્ટેડ થયેલ નિતેશ એસ્ટેટ અને ડીબી રિઆલીટી પણ તેના ઈસ્યુ ભાવ કરતાં નીચા ચાલી રહેલ છે. ગત સપ્તાહે રિઆલીટીના શેરોનો દેખાવ પણ નકારાત્મક રહેલ હતો, તે જોતાં આ શેરમાં અરજી કરી શકાય નહીં.

## જીસ્કોલ એલોયસ લી.

## આ કંપનીમાં રોકાણ કરવું કોઈ પણ એન્ગલથી હિતાવહ જણાતું નથી સિવાય કે અનઅપેક્ષિત કારણોસર શેરના ભાવ ઉછળે

૧૯૯૦માં સ્થપાયેલ જીસ્કોલ ગ્રુપ કાચા લોખંડમાંથી અને સ્ટેઈનલેસ સ્ક્રેમાંથી સ્ટેઈનલેસ સ્ટીલ અને માઈલ્ડ સ્ટીલનાં ઉત્પાદનો બનાવતા હતા. આ પછી ૧૯૯૯માં આ કંપની પ્રાઈવેટ લી. કંપની બની. શરુઆતમાં આ કંપનીએ તેના ધંધાની શરુઆત લોખંડ અને સ્ટીલના સ્ક્રેપ, બીલેટસ અને સ્ટીલના ઉત્પાદનોના વેચાણથી કરી હતી. આ પછી આ કંપનીએ સીટીડી બાર્સ અને ટીએમટી બાર્સ જેવી માઈલ્ડ સ્ટીલ પ્રોડક્ટમાં પણ ટ્રેડ કરવાનું નક્કી કર્યું. હાલમાં આ કંપનીના ઉત્પાદન એકમમાં ૨૦૦ સીરીજથી ૪૦૦ સીરીજ વચ્ચે અલગ અલગ ગ્રેડનાં સ્ટેઈનલેસ સ્ટીલનાં ઉત્પાદનો ઉત્પાદિત થાય છે. આ ગ્રુપ સ્ટીલ પર ખાસ ધ્યાન રાખી વિસ્તૃત થઈ રહેલ છે. આ કંપનીનું ઉત્પાદન એકમ કુકરવાડા ખાતે આવેલ છે.

### જોખમી પાસુ

આ કંપનીના માથે ઘણું દેવું છે અને આ દેવું ચુકવવા ખાસ કોઈ નફો થતો નથી. યુકો બેંક તરફથી લીધેલ લોનનો ત્રિમાસીક ૨૦૦૯ - ૧૦ નો હપ્તો ૩૧.૨૫ લાખ હતો, જે ઘટાડીને બેંક તરફથી ૬.૨૫ લાખ કરવામાં આવ્યો.

ભૂતકાળમાં આ કંપનીનો કેશ ફલો પણ નકારાત્મક રહેલ છે

કંપનીએ દરખાસ્તિત કરેલ નવો પ્લાન્ટ જયાં બંધાવાનો છે તે જમીન પણ ઈનસાઈડરના નામે છે જે માટે કંપનીએ ૪.૫ લાખ ચૂકવી દીધેલ છે. એ સ્પષ્ટતા નથી થતી કે આ જમીન ભાડાની છે, લીઝ પર છે કે પછી કોઈ સહયોગી કંપનીની છે.

દરખાસ્ત કરાયેલ પ્રોજેકટ જયાં અમલીકૃત થવાનો છે અને જે જમીન માટે એગ્રીમેન્ટ કરવામાં આવે છે તે જમીનના વેચાણકર્તા શ્રી રતુજી ભેમાજી સોલંકી આ કંપનીના સંચાલનમાં અગ્રસ્થાને છે. વેચાણકર્તાને રૂ. ૭૦૦ લાખ ચુકવવાના છે જેમાંથી લગભગ રૂ. ૪૨૮.૭૫ લાખ ચુકવી દેવામાં આવેલ છે.

આ કંપનીએ તેનો ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦નો ઈન્કમટેક્ષ પણ ભરેલ નથી જે અનુક્રમે રૂ. ૩૬૧.૫૪ લાખ અને રૂ. ૩૬.૧૪ લાખ થાય છે.

આ કંપનીનો કાર્યકારી નફો ૬ થી ૭ ટકા જેટલો જ છે અને ચોખ્ખો નફો તો ૧ ટકા જેટલો અને આ કંપનીના માથે રૂ. ૩૦ કરોડનું તો દેવું છે.

આ કંપનીના પ્રોડકટ પોર્ટફોલિયોમાં એન્ગલ્સ, બ્રાઈટ બાર્સ, બ્લેક બાર્સ, ફલેટ, હેક્ષાગોનલ અને રાઉન્ડ કોર્નર સ્કવેર (આર સી એસ) ઉત્પાદનો કે જેમાં ચેનલ્સ, સેકશન્સ, પટા-પટ્ટી, સ્ટાન્ડર્ડ સાઈઝમાં ગોળ ખુણા વાળા ચોરસ અને લંબચોરસ તેમ જ ગ્રાહકની અપેક્ષા મુજબનાં ઉત્પાદનો પુરાં પાડે છે.

આ કંપનીને તેનાં ઉત્પાદનો માટે બી એસ ઈ મેનેજમેન્ટ સિસ્ટમ તરફથી આઈ એસ ઓ ૯૦૦૧ : ૨૦૦૮ પ્રમાણપત્ર પણ મળેલ છે

છેલ્લાં કેટલાંક વર્ષોથી આ કંપની તેના વિદેશી ગ્રાહકો માટે તેમની જરૂરિયાત મુજબનાં ઉત્પાદનો પુરાં પાડે છે. આ કંપની તેનાં ઉત્પાદનો થાઈલેન્ડ, ફીલીપાઈન્સ, મલેશિયા અને કેનિયા ખાતે નિકાસ કરે છે.

**ભલામણ અને અન્ય વિગતો**

અમો વારંવાર જણાવતા રહ્યા છીએ કે જયારે પણ શેરબજારમાં તેજીનો વંટોળ ફૂકાતો જોવા મળે છે ત્યારે, શ્રાવણ માસમાં મંદિરમાં ઉભરાતા સીઝનલ ભક્તોની જેમ આઈ પી ઓ માટે તકની રાહ જોઈ રહેલી કંપનીઓ શેર બજારમાં તેમના આઈ પી ઓ સાથે દોડ લગાવતી હોય છે.

રૂ. ૬૫ થી ૭૧ના ભાવે શેર ઓફર કરીને મૂડી બજારમાં પ્રવેશેલ આ કંપનીની નાણાકીય પરિસ્થિતિ ઉપર નજર કરીએ તો માર્ચ ૨૦૦૮માં તેની આવક રૂ.

### જીસ્કોલ એલોયસ લી.

**ઈસ્યૂ ખુલવાની તા. ૧૩ મી ઓકટોમ્બર ૨૦૧૦ થી ૧૫ ઓકટોબર ૨૦૧૦**

| | |
|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | ૧૦૦ ટકા બુક બિલ્ડીંગ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | ૭,૭૦૦,૦૦૦ ઈક્વિટી શેર |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | ૫૦.૦૫ - ૫૪.૬૭ કરોડ |
| **શેરની મૂળ કિંમત** | રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | રૂ. ૬૫ થી રૂ. ૭૧ |
| **ઓછામાં ઓછી અરજી** | ૯૦ શેર ( રૂ. ૬૩૯૦ ) |
| **વધારેમાં વધારે અરજી** | ૧૩૫૦ શેર ( રૂ. ૯૪૫૦ ) |
| **ઈસ્યુ પછી ભરપાઈ થયેલ મુડીનો હિસ્સો** | ૪૮.૬૫ |
| **પ્રમોટર્સ** | **શ્રી વિરલ એમ. શાહ**<br>**શ્રી મનીષ એમ શાહ**<br>**શ્રીમતી ગીરાબેન કે. સોલંકી**<br>**શ્રી ઝનકારસીહ કે. સોલંકી**<br>**જનરલ કેપિટલ અને હોલ્ડીંગ કુ પ્રા.લી.** |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | બીજો માળ, મૃદલ ટાવર,<br>ટાઈમ્સ ઓફ ઈન્ડિયા પાછળ,<br>આશ્રમ રોડ<br>અમદાવાદ ૩૮૦૦૦૯<br>ફોન નં. +૯૧ ૭૯ ૬૬૬૧૪૫૦૮<br>ફેક્સ નં. +૯૧ ૭૯ ૨૬૫૭૯૩૮૭ |
| **Email:** | **info@gyscoal.com** |
| **Web** | **:http://www.gyscoal.com/** |
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | લીન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લી.<br>સી-૧૩, પન્નાલાલ સિલ્ક મિલ્સ કંપાઉન્ડ,<br>એલ બી એસ માર્ગ, ભંડુપ ( વેસ્ટ )<br>મુંબઈ ૪૦૦ ૦૭૮<br>ફોન નં. +૯૧-૨૨-૨૫૯૬૩૮૩૮<br>ફેક્સ નં +૯૧-૨૨-૨૫૯૪૬૯૬૯ |
| **Email:** | **gal.ipo@linkintime.co.in** |
| **Web** | **:http://www.intimespectrum.com** |
| **બુકરનીંગ લીડ મેનેજર** | **ચાર્ટર્ડ કેપિટલ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ લી.** |
| **લીસ્ટીંગ** | બીએસઈ, એન એસ ઈ |

### શેરની ફાળવણી

| કયુબીઆઈ | નોન ઇન્સ્ટી | છૂટક | કર્મચારીઓ |
|---|---|---|---|
| ૩,૮૫૦,૦૦૦ | ૧,૧૫૫,૦૦૦ | ૨,૬૯૫,૦૦૦ | ૦ ૦૦ |

### આઈપીઓનો હેતુ

આ કંપની તેને આ આઈપીઓ દ્વારા મળનાર ફંડનો નીચે મુજબ ઉપયોગ કરનાર છે.

- ઉત્પાદન ક્ષમતા વૃધ્ધિ માટે મૂડી રોકાણ
- લાંબા ગાળાની કાર્યકારી મૂડી માટે
- સામાન્ય કોર્પોરેટ કારણો માટે

### કેર દ્વારા રેટીંગ

**ક્રેડીટ રેટીંગ કંપની કેર દ્વારા આ આઈપીઓને ગ્રેડ–૨ ફાળવવામાં આવેલ છે. એટલે કે કેર રેટીંગ કંપનીના મંતવ્ય મુજબ આ આઈપીઓ સરેરાશ કરતાં નીચા ફન્ડામેન્ટલ ધરાવે છે કેર કંપની ૧ થી ૫ નંબરના ગ્રેડ આપે છે જેમાં નં. ૧ ખૂબ નબળા ફંડામેન્ટલ અને નં. ૫ ખૂબ સારા ફંડામેન્ટલ દર્શાવે છે.**

૧૩૨૭૮.૧૮ લાખ હતી અને તે સામે ચોખ્ખો નફો રૂ. ૭૩૦.૫૫ લાખ થયેલ હતો. જે સામે ૩૧ માર્ચ ૨૦૦૯માં આ કંપનીની આવક ઘટીને ૧૨૫૫૮.૧૫ લાખ થયેલ છે જયારે ચોખ્ખો નફો માત્ર ૧૭૮.૮૬ લાખ થયેલ છે. આ કંપનીનો નફો ઘટી રહેલ છે. માથે રૂ. ૩૦ કરોડનું દેવું છે, કેર કંપની તરફથી પણ સરેરાશ ફંડામેન્ટલ કરતાં નીચા ફંન્ડામેન્ટલ વાળી કંપની ઠરાવવામાં આવેલ છે. લોનના હપ્તામાં પણ યુકો બેંક તરફથી ફરી ઓછો હપ્તો બાંધવો પડેલ છે. ભૂતકાળમાં પણ કેશ ફલો નકારાત્મક રહેલ છે. ૨૦૦૮માં આશરે ૫ ટકા નફો અને ૨૦૦૯માં લગભગ દોઢ ટકો નફો દર્શાવનાર આ કંપની રોકાણકારોને શું વળતર આપશે? આ ઈસ્યુ દ્વારા આ કંપની ૫૦ થી ૫૪ કરોડ એકત્રિત કરવા માગે છે પણ આ કંપનીના માથે દેવું જ રૂ. ૩૦ કરોડનું છે

દરખાસ્ત કરવામાં આવેલ પ્રોજેકટ માટે જે જમીન નક્કી કરવામાં આવેલ છે તે હજુ કંપનીના નામે પણ થયેલ નથી. અને જમીનના કબજા વગર જ કંપનીએ કરાર કરેલ છે. આ જમીન ખેતીવાડીની જમીન છે અને ગાંધીનગર પાસે મગોડી ગામે આવેલ છે. જેના માટે પાર્ટ પેમેન્ટ કરવામાં આવેલ છે. આ જમીન ખેતીવાડીની હોવાથી નોન એગ્રીકલ્ચર પણ કરાવવી પડે. જો આમ ન બને તો પછી આ જમીન પડતી મુકી કંપનીએ બીજો કોઈ પણ વિકલ્પ શોધવાની ફરજ પડે, આમ જે પ્રોજેકટ માટે વાત કરવામાં આવે છે તેની જમીનનું પણ ઠેકાણું નથી.

હજુ સુધી આ કંપનીએ કોઈ ડીવીડન્ડ પણ જાહેર કરેલ નથી. નફાનો ગાળો જ એટલો ઓછો છે કે ડિવિડન્ડ ચુકવી શકાય તેમ નથી.

નવેમ્બર ૨૦૦૬ સુધી આ કંપનીએ એકસાઈજ માટે અને જાન્યુઆરી ૨૦૦૮ સુધી કોન્ટ્રાકટ લેબર એકટ નીચે કોઈ રજીસ્ટ્રેશન પણ કરાવેલ ન હતું.

ફન્ડામેન્ટલ પણ સરેરાશ કરતાં નબળા છે અને ઓછો નફો અને વધું દેવું રોકાણકારોને શું વળતર આપશે ? તે વિચારવાની જરૂર છે. આ બધી વિગતો જોતાં આ કંપનીમાં રોકાણ કરી શકાય નહીં.

**શેર બજારની રોજની અપડેટેડ વિગતો માટે વેબસાઈટ www. theeconomicrevolution.com જોતા રહો**

# સોમવારે બજારમાં થોડો કરન્ટ આવે

મિત્રો,

જય જલારામ,

અમે નિફ્ટીનો ૬૦ દિવસનો ટાર્ગેટ આપેલો તે લગભગ બે મહિનામાં આવી ગયો. ૬૧૬૬ના આપેલ ટાર્ગેટ ઉપર નિફ્ટીનો બંધ એક દિવસ આવ્યો અને થોડું દબાણ અનુભવાઈ રહ્યું હોય તેવું લાગે છે. એફઆઈઆઈની ખરીદી તો

## કલમ કોટકની



શરદ કોટક
મો. ૯૮૨૫૦૬૮૨૧૧
Skotak@KI-TRADE.com
WWW.KI-TRADE.COM

હજી ચાલુ રહી છે. પરંતુ ડીઆઈઆઈનું વેચાણ બજાર ઉપર થોડું દબાણ લાવી રહ્યું છે. પહેલી ઓક્ટોબરથી ૮ ઓક્ટોબર સુધીમાં વિદેશી ફંડોએ ઈક્વિટીના નેટ ૭૩૭૨ કરોડની ખરીદી

### STOCK INDICES : WEEKLY MOVEMENT

| | 01 - 10 -2010 | 08 - 10 -2010 | + - |
|---|---|---|---|
| Sensex | 20445.04 | 20250.04 | - 194.78 |
| Nifty | 6143.40 | 6103.45 | - 39.95 |

**સપ્તાહ દરમ્યાન બજાર અથડાઈ ગયું. નિફ્ટી ૬૨૨૩.૪૦૧નો ટોપ બનાવી ટકી શક્યો નહીં. છેલ્લા બે દિવસથી બજારમાં દબાણ અનુભવાઈ રહ્યું છે. પરંતુ સોમવારે બજારમાંથી દબાણ ઓછું થવાની શક્યતા છે.**

કરી છે. પરંતુ ડેરીવેટિવ માર્કેટમાં તેઓ હેજીંગ કરી રહ્યા હોય તેવું લાગે છે. છેલ્લા ત્રણ ચાર દિવસના આંકડા અમે તપાસ્યા તો આ વાત ધ્યાનમાં આવી. આવતા અઠવાડીયામાં તેમની સ્ટ્રેટેજી વધારે ક્લિયર થઈ જશે. બીજું એક પરિબળ તપાસીએ તો પુટ કોલ રેશિયો જે ઓક્ટોબરના પ્રથમ દિવસે ૧.૦૫ હતો તે વિતેલા સપ્તાહને અંતે ૦.૮૭ થઈ ગયો છે.

વિગતવાર તપાસતા ઈન્ડેક્ષ ઓપ્શનમાં આ રેશિયો ૧.૧૬ માંથી ઘટીને ૦.૧૫ થઈ ગયો છે. પરંતુ પરંતુ સ્ટોક ઓપ્શનમાં ૦.૧૯ થી વધીને ૦.૨૭ થઈ ગયો છે જ્યારે બંનેનો સાથે રેશિયો લઈએ તો ૧.૦૫ થી ઘટીને ૦.૮૭ થઈ ગયો છે. અત્રે શુક્રવારે જ્યારે આ લેખ લખવા બેઠો છું ત્યારે અમેરિકાનો ડાઉ જોન્સ લાંબા સમયબાદ ૧૧૦૦૦નો આંકડો વટાવી પાછો ફર્યો છે. શનિ રવિ બંને દિવસે મારી એક અગત્યની મિટીંગમાં રોકાણ હોવાને કારણે ડાઉનો બંધ તપાસતા પહેલાં આ લેખ લખવો પડે છે. એક વાતની નોંધ લેશો કે અમેરિકાના જોબના આંકડા બહુ ઉત્સાહ પ્રેરક નથી તેથી ડાઉ જોન્સ ઘટાડા સાથે બંધ રહે તો માર્કેટ ઉપર સોમવારે પણ દબાણ ચાલુ રહી શકે તેથી સ્ટોક સ્પેશિફીક વેપાર ગોઠવવો બજારની ચાલ ઉપર નજર રાખવી અને ટ્રેન્ડ સાથે રહેવું.

હાલમાં ઘણાં બધાં સ્ટોકમાં પ્રોફીટ બુકિંગ જોવાઈ રહ્યું છે. શુક્રવારે ટાટા સ્ટીલ તથા ટાટા મોટરમાં નફો બુક થતો જોઈ શકાતો હતો તો સ્ટેટ બેંક નફો થતો હોવા છતાં મચક આપતો ન હતો. બીજા એક સ્ટોક ભેલમાં ગુરુવારે દબાણ જોવાયું હતું તથા શુક્રવારે એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સમાં દબાણ જોવાયું હતું. એટલે જ અમે જણાવીએ છીએ કે તદ્દન સ્ટોક સ્પેશિફીક એપ્રોચ રાખીને વેપાર ગોઠવવો. ડીઆઈઆઈ તરફથી આક્રમક રીતે નફો બુક થઈ રહ્યો છે. આ દબાણની વચ્ચે રિલાયન્સ માર્કેટને વધારે ઘટતી અટકાવી રહ્યો છે તે સારી બાબત છે. અત્યારે રાત્રે દોઢ વાગવા આવ્યો છે. અમેરિકન બજાર મજબૂત દેખાય છે ફરી જણાવીએ તો કોલ ઈન્ડિયાના ઈસ્યુ સુધી બજારને મજબૂત રાખવામાં તથા પ્રયત્નો કરવામાં આવશે.

### આ સપ્તાહની નિફ્ટીના લેવલ

**NIFTY CLOSE : 6103.45**

| | | |
|---|---|---|
| Weekly Resistance | : | 6199 - 6257 |
| Weekly Support | : | 6005 - 5947 |

**સપ્તાહ દરમ્યાન બજારનો ટ્રેન્ડ ૬૦૦૦ ને જાળવી શકે તો મજબૂત રહેશે. અને ૬૨૨૩ ના અગાઉના ટોપને વટાવી જશે. ટેકનીકલ ચાર્ટ ઉપર સાપ્તાહિક સપોર્ટ તૂટ્યો છે પરંતુ ૬૦૦૧ નો ટૂંકાગાળાનો સપોર્ટ નિફ્ટીમાં જોવાયો છે. તેની નીચે બંધ આવે તો જ ચિંતાનો વિષય ગણાય. એ તૂટે તો બજાર વધઘટે ૫૬૮૭ સુધી નીચે જવાની શક્યતા ઊભી થાય અને ૬૦૦૧ ન તૂટે તો બજાર ૬૫૬૬ સુધી ઉપર જઈ શકે તે ધ્યાનમાં રાખવું.**

**જેટલું ઉપર જવાનું થશે તેટલું ટૂંકાગાળામાં ૧૭મી નવેમ્બર પહેલાં થઈ જવું જોઈએ. દિવાળી બાદ થોડી નરમાઈની આશા રાખી શકાય.**



### અમારું નો સ્ટોપલોસ પરફોર્મન્સ

**એક્સિસ બેંક : ખરીદો**

**સોમવારનો ટાર્ગેટ : ૧૫૮૭-૧૫૯૯**

**સોમવારનો ઉચ્ચાંક : ૧૫૯૬**

૧. અમે રેમન્ડ લેવાનું કહ્યું હતું ટાર્ગેટ ૩૯૮ આપ્યો હતો શુક્રવારે ૪૦૯ પાર કરી ગયો.
૨. પૂંજ લોઈડનો ટાર્ગેટ ૧૩૬-૧૪૧ ઉચ્ચાંક ૧૪૨.૭૫
૩. એચસીસી હિન્દુસ્તાન કન્સ્ટ્રક્શન ગયા સપ્તાહે લેવાનું કહ્યું હતું. ટાર્ગેટ ૬૪નો પ્રથમ અને ૭૦નો બીજો ટાર્ગેટ આપેલો. ૬૭.૩૫ સુધી જઈ આવ્યો અને ૭૦ પણ પાર કરશે.
૪. જેએસડબલ્યુ સ્ટીલ : સોમવારે ૧૩૮૩-૧૩૯૫ નો આપેલો સોમવારે ૧૩૯૯ પાર કરી ગયો.
૫. ટાટા સ્ટીલ : સોમવાર માટેનો આ સ્ટોક ટાર્ગેટ ૬૭૬ અને ૬૮૪ નો આપેલો. ૬૮૦ પાર કરી ગયો પ્રથમ ટાર્ગેટ આવી ગયો.
૬. બલરામપુર ચીની : ડીલીવરી માટેનો સ્ટોક : ટાર્ગેટ ૧૦૦ ઉપર સપ્તાહમાં ૭૫.૯૦નો ટોપ બનાવીને ૯૨.૮૫નો બંધ જાળવી રાખો.

### થોડાક ટ્રેડીંગ માટેના સ્ટોક
### સોમવાર માટે

**(૧) રિલાયન્સ**
**બંધ ભાવ : ૧૦૪૯**
**સ્ટોપલોસ : ૧૦૪૫**
**ટાર્ગેટ : ૧૦૬૧-૧૦૬૭**

**(૨) જ્યોતિ સ્ટ્રક્ચર**
**બંધ ભાવ : ૧૪૩**
**સ્ટોપલોસ : ૧૪૧**
**ટાર્ગેટ : ૧૪૭-૧૫૧**

**(૩) એસટીઆર ટેક.**
**બંધ ભાવ : ૧૦૦**
**સ્ટોપલોસ : ૯૬**
**સાપ્તાહિક ટાર્ગેટ : ૧૧૨-૧૨૦**

**(૪) જાગરણ**
**બંધ ભાવ : ૧૪૧**
**સ્ટોપલોસ : ૧૩૭**
**ટાર્ગેટ : ૧૪૭-૧૫૨**

**(૫) ટાટા સ્ટીલ**
**બંધ ભાવ : ૬૨૬**
૫૯૫ અને ૬૧૧ના ઘટાડે ટાટા સ્ટીલમાં લેણ કરો. ૬૫૦નો પ્રથમ અને ૬૭૪નો બીજો ટાર્ગેટ ધ્યાનમાં રાખો.

**(૬) ઓરોબિન્દો ફાર્મા**
**બંધ ભાવ : ૧૧૧૦**
૧૦૯૦ અને ૧૦૭૪ વચ્ચેના ઘટાડે આ શેરમાં ડેલીવરીબેઝ રોકાણ કરો. સોમવારે ટ્રેડર્સ ભાઈઓએ ૧૧૨૧નો પ્રથમ અને૧૧૩૨નો બીજો ટાર્ગેટ ધ્યાનમાં રાખવોતથા રોકાણકારોએ ૧૨૩૭ નો ટાર્ગેટ ટૂંકાગાળા માટે ધ્યાનમાં રાખવો.

**(૭) શિવ વાણી**
**બંધ ભાવ : ૪૬૨**
દરેક ઘટાડે લેણ કરો. ૪૯૫નો પ્રથમ અને ૫૧૧નો બીજો ટાર્ગેટ ટૂંકાગાળા માટે આવશે.

**(૮) ઈન્ડિયા બુલ્સ**
**બંધ ભાવ : ૧૮૨**
૧૮૦ના ટૂંકા સ્ટોપલોસ સાથે લેણ કરો.૧૯૦-૧૯૭નો ટાર્ગેટ આવશે. ફક્ત બે રુપિયાનું જોખમ લો.

**(૯) ઈન્ફોસીસ ટેકનોલોજી**
**બંધ ભાવ : ૩૦૭૬**
**સ્ટોપલોસ : ૩૦૬૬**
**ટાર્ગેટ : ૩૦૯૫-૩૧૧૨**

# એફ આઈ આઈ નો નાણાકીય પ્રવાહ, બીજા ત્રિમાસિક ગાળાનાં પરિણામો, કોલ ઈન્ડિયા આઈપીઓ વગેરે મહત્વનાં પાસાં

**તા. ૧૧મી ઓક્ટોબર ૨૦૧૦ થી ૧૫ ઓક્ટોબર ૨૦૧૦**

**બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન :**

અમોએ ગત સપ્તાહે ચેતવણી આપેલ કે બજાર અઢી વર્ષની ઉંચાઈ દર્શાવશે તે વખતે સામાન્ય પ્રોફીટ બુકીંગ પણ જોવા મળશે. આ પ્રોફીટ બુકીંગ નાના રોકાણકારો અને સ્થાનિક સંસ્થાઓ દ્વારા, આગળ ઉપર કોલ ઈન્ડિયાનો આઈપીઓ આવનાર હોવાથી હાથ પર નાણાં રાખવા માટે તેમ જ બીજા ત્રિમાસિક પરિણામો આવતાં હોવાથી જોવા મળેલ છે.

## બાય એન્ડ સેલ

રમેશચંદ્ર
મો. ૯૮૯૪૦૪૩૦૯૦
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

જો કે એફ આઈ આઈ નો નાણાકીય પ્રવાહ હજુ ચાલુ જ છે, પરંતુ તેમના સ્વદેશ યુ. એસનાં બજારો અને યુરોપિયન બજારોમાં જોવા મળેલ નાની રિકવરીને કરણે આ પ્રવાહ થોડો ધીમો થયેલ જણાય છે.

હવે આપણે અપેક્ષા રાખી શકીએ કે આપણાં બજારો આ માસમાં ૫૯૦૦ સથી ૬૨૦૦ ની વચ્ચે ગતિ કરે, જો નિફ્ટી સતત બે થી ૩ દિવસ ૬૨૨૮ ઉપર બંધ આપવામાં સફળ નિવડે તો જ તે નવો ઉપર તરફનો બ્રેકઆઉટ અથવા તો તિવ્ર તેજીમયતા દર્શાવી શકે. ત્યાં સુધી વિવિધ સેકટરોમાં સ્ટોક વાઈઝ / સેકટર વાઈઝ ગતિ, હકારાત્મક અને નકારાત્મક તેમ બંને બાજુ આશ્ચર્ય સર્જતી ચાલુ જ રહેશે.

**સેન્સેક્ષ ૨૦૨૫૦**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા.૧૧ ઓક્ટોબર ૨૦૧૦ થી ૧૫ ઓક્ટોબર ૨૦૧૦ )** આ સપ્તાહે ૨૦૩૮૫ અને ૨૦૧૮૭ અગત્યની સપાટીઓ તરીકે કાર્ય કરશે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૨૦૩૮૫ ઉપર ટકી રહે અથવા તો ૨૦૧૮૭ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ નક્કી થશે.

સાવચેતી પૂર્વ નાના જથ્થામાં ટ્રેડ કરવું હિતાવહ રહેશે તેવી સલાહ છે. હાથ પર પૈસા રાખવા તે સલામત ચાલ છે.

**ટેકાની સપાટી :** ૨૦૧૮૭, ૨૦૦૭૬, ૧૯૯૪૯ અને ૧૯૭૮૫

**પ્રતિકારક સપાટી :** ૨૦૩૮૫, ૨૦૪૪૮, ૨૦૫૪૪ અને ૨૦૬૬૯૫

**તા. ૧૧ ઓક્ટોબર ૨૦૧૦ના દિવસ માટે સેન્સેક્ષની સ્થિતિ**

આજે, જો સેન્સેક્ષ ૨૦૧૮૭ થી ઉપરની સ્થિતિ જાળવી રાખશે તો ઉપર તરફનો લક્ષાંક ૨૦૪૦૯-૨૦૪૪૮ રહેશે. નહીંતર તે ૨૦૦૭૬-૨૦૦૨૫ ની સપાટી સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી :** ૨૦૧૮૭, ૨૦૧૪૨, ૨૦૦૭૬ & ૨૦૦૨૫

**પ્રતિકારક સપાટી :** ૨૦૩૧૮, ૨૦૩૮૫, ૨૦૪૦૯ અને ૨૦૪૪૮

**નિફ્ટી ૬૧૦૩**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ : તા. ૧૧ ઓક્ટોબર ૨૦૧૦ થી ૧૫ ઓક્ટોબર ૨૦૧૦**

આ સપ્તાહે ૬૧૪૪ અને ૬૦૮૪ ની સપાટી અગત્યની રહેશે. જો નિફ્ટી ૬૧૪૪ ઉપર અથવા તો ૬૦૮૪ નીચે ટકી રહે તો તે આગામી બજાર માટેની રુખ નક્કી કરશે.

**ટેકાની સપાટી -** ૬૦૮૪, ૬૦૫૧, ૬૦૧૨ અને ૫૯૬૩

**પ્રતિકારક સપાટી -** ૬૧૪૪, ૬૧૬૫, ૬૧૯૩ અને ૬૨૨૮૫

**૧૧.૧૦.૧૦ ના રોજ નિફ્ટીની પરિસ્થિતિ** આજે, જો નિફ્ટી ૬૦૮૪ ની સપાટી જાળવી શકે તો પછી તેનો ઉપર તરફનો લક્ષાંક ૬૧૫૩-૬૧૬૫ રહેશે. નહીંતર નિફ્ટી ૬૦૫૭-૬૦૩૬ સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી -** ૬૦૮૪, ૬૦૭૨, ૬૦૫૧ અને ૬૦૩૬

**પ્રતિકારક સપાટી -** ૬૧૨૬, ૬૧૪૪, ૬૧૫૩ અને ૬૧૬૫

**જાળવવા જેવા રોકડાના શેર**

**ટેમ્ટેશન ફૂડ (૫૧૯૨૨૮) હાલનો ભાવ રૂ.૩૭**

આ ફૂડ પ્રોસેસર કંપનીનો શેર ખરીદો જેણે રાઈટ / વોરન્ટ / ક્યુઆઈપી ઈસ્યુ તરીકે આવવા દરખાસ્ત કરેલ છે અને આ કંપનીએ ગત સપ્તાહે કેટલીક કંપનીઓ સાથેના કાયદાકીય વિવાદ પણ હલ કરેલ છે, અને તેના ધંધાના વિકાસાર્થે કેટલીક કંપનીઓ સાથે સહયોગ કર્યો છે અને કેટલિક

**અનુસંધાન પા.નં. ૫ ઉપર**

### સાપ્તાહિક દ્રષ્ટિકોણથી ખરીદી
### ૧૧ ઓક્ટોબર થી ૧૫ ઓક્ટોબર ૨૦૧૦

| SCRIP | CLOSE | SUP. | RESIS. |
|---|---|---|---|
| ABB | 923 | 913,890 | 936,955 |
| ABAN | 865 | 852,835 | 883,914 |
| ABIRLA | 868 | 861,852 | 882,895 |
| AREVA | 323 | 318,309 | 339,354 |
| BHARTI | 351 | 347,338 | 360,369 |
| BIOCON | 412 | 406,397 | 417,428 |
| BPCL | 747 | 741,732 | 760,773 |
| CENTURYTEX | 523 | 518,507 | 535,548 |
| CHAMBLFERT | 74 | 73,72 | 76.50,78 |
| DABUR | 106 | 104,103 | 112,117 |
| DIVISLAB | 725 | 715,708 | 735,750 |
| DRREDDY | 1560 | 1542,1521 | 1586,1605 |
| EKC | 123 | 121,118 | 131,136 |
| ESSAROIL | 139 | 136,133 | 148,153 |
| FINTECH | 1173 | 1155,1140 | 1197,1224 |
| FORTIS | 171 | 168,163 | 178,185 |
| GESHIP | 323 | 319,314 | 331,338 |
| GMRINFRA | 58.50 | 56.50,55 | 60,63 |
| GTOFFSHORE | 385 | 377,370 | 397,402 |
| HEXWARE | 83 | 82,79 | 88,91 |
| INDHOTEL | 102 | 101,98 | 107,110 |
| JINDALSTEL | 725 | 716,709 | 736,745 |
| MOSERBAER | 69 | 67.5,66 | 73,74 |
| MPHASIS | 660 | 654,643 | 670,685 |
| MTNL | 65 | 63,62 | 69,72 |
| NALCO | 411 | 408,403 | 418,425 |
| NEYVELI | 168 | 165,160 | 173,178 |
| NHPC | 33 | 31.80,30.7 | 34.40,36.50 |
| ORBITCORP | 127 | 125,122 | 133,136 |
| POWERGRID | 109 | 108,105 | 114,119 |
| RELIANCE | 1048 | 1035,1020 | 1085,1100 |
| RCOM | 180 | 178,175 | 188,193 |
| SCI | 183 | 181,178 | 189,196 |
| STER | 174 | 172,169 | 178,179 |
| SUZLON | 57.3 | 56.5,55 | 60.5,62 |
| STRANSFIN | 780 | 775,768 | 794,811 |
| TATAGLOBAL | 133 | 130,129 | 139,140 |
| TATAMOTOR | 1105 | 1091,1078 | 1126,1139 |
| TULIP | 182 | 180,175 | 189,194 |
| UNIPHOS | 181 | 179,178 | 188,189 |
| WELCORP | 266 | 264,263 | 275,280 |

# રિઝલ્ટની શરુઆત સાથે મજબૂતાઈભરી ગતિ અપેક્ષિત

કેટલાક સપ્તાહ પછી પ્રથમ વખત ગત સપ્તાહે આપણને નિફ્ટીની કોઈ નવી ઉંચાઈ જોવા મળી નહીં. બજાર ૬૨૦૦ ની આસપાસ દબાણ સાથે ઝોલાં ખાતું જોવા મળ્યું અને તેણે ૬૧૦૦ ની નજીક ટેકો લીધો.આ સપ્તાહે નિફ્ટી ૬૦૮૦ થી ૬૨૨૫ ની ચેનલમાં ઝૂમી શકે. જયારે નિફ્ટીએ સાપ્તાહિક ચાર્ટ પર ઉંચામાં ઉંચી અને

## ટુ ધી પોઈન્ટ



દિનેશ સી. નાગપાલ
૯૮૩૦૦૩૯૦૮૫
bluechips4u@gmail.com

નીચામાં ઉંચી સપાટીની રૂખ તોડી છે ત્યારે ડેરિવેટિવ્સ ડેટા સૂચવી રહેલ છે કે ૬૦૦૦ની સપાટી સેટલમેન્ટ માટે મજબૂત ટેકો છે. ટ્રેડર્સે આ રેન્જમાં અને બ્રેકની દીશામાં વ્યાપાર કરવો જોઈએ. ઓક્ટોબર ૧૫ ના રોજ ઈન્ફોસીસના રિઝલ્ટ સાથે પરીણામોની ઋતુ શરુ થઈ રહેલ છે અને આ સપ્તાહે આઈ આઈ પી આંકડા પણ આવનાર છે. મોટા ભાગનાં પરિણામો તો ડીસ્કાઉન્ટ થઈ ગયેલ છે અને તેથી અપેક્ષા કરતાં નીચે અથવા અપેક્ષા મુજબની સપાટીએ પ્રોફીટ બુકીંગ જોવા મળશે જયારે અપેક્ષા કરતાં સારાં પરિણામો તિવ્ર તેજીને પવન આપશે અને ટૂંકા ગાળામાં જે ખરાબ દેખાવ વાળા શેર હોય તે પણ ફન્ડામેન્ટલી રિકવરી દર્શાવશે. મીડ કેપ કે જેણે ખુબ સારો દેખાવ કરેલ છે તે અને લાર્જ કેપ પણ રૂખને ટેકો આપવાનું ચાલુ રાખશે જયારે લાર્જ કેપ મજબૂતાઈ કેળવશે અને અને નવી રૂખ મુજબ ગતિ ધારણ કરશે. કોઈ પણ નવી તેજી માટેઆ સપ્તાહે નિફ્ટી ૬૧૪૫ ઉપર ટ્રેડ જાય તે ખુબ જરુરી છે.

**નિફ્ટી : આવનાર સપ્તાહ માટેનો ટેકો :** ૬૦૪૦ / ૫૯૭૫ / ૫૮૮૦



**આવનાર સપ્તાહ માટેની પ્રતિકારક સપાટી** ૬૧૯૫ / ૬૨૮૫ / ૬૩૫૦

**આ સપ્તાહમાં ધ્યાનમાં રાખવા જેવા શેર**

**ઈ કે સી (૧૨૪)**

દૈનિક ચાર્ટ પર આ શેર રાઈઝીંગ ચેનલમાં જ ભ્રમણ કરી રહેલ છે અને તે તેની મોટા ભાગની મુવીંગ એવરેજ ઉપર જ ટ્રેડ થઈ રહેલ છે. આ શેર રૂ. ૧૩૧ ના



લક્ષાંકથી ખરીદો, સ્ટોપલોસ રૂ. ૧૨૦ રાખો. શક્ય છે કે આ શેર ટૂંકા ગાળામાં રૂ. ૧૪૦નો લક્ષાંક સાધ્ય કરે.

**એન એમ ડી સી (૨૮૫)**

દૈનિક ચાર્ટ પર આ શેરે તેની રાઈઝીંગ ટ્રેન્ડલાઈનમાં ઉચામાં ઉંચી સપાટી દર્શાવી છે. તે તેની મોટાભાગની મહત્વની મુવીંગ એવરેજ ઉપર ચાલી રહેલ છે. આ શેર રૂ.



૨૯૭ના લક્ષાંકથી, રૂ. ૨૭૭ નો સ્ટોપ લોસ રાખીને ખરીદો. ટૂંકા ગાળામાં રૂ. ૩૧૫નો લક્ષાંક પણ સાધ્ય થઈ શકે.

**ઈ આઈ એચ લી. (૧૪૦)**

દૈનિક ચાર્ટ પર પુલબેક પછી અને ટૂંકા ગાળાની મજબુતાઈ પછી આ શેર નવી તેજીના સંકેત દર્શાવી રહેલ છે. આ શેર રૂ. ૧૫૦ ના લક્ષાંકથી ખરીદો, સ્ટોપલોસ રૂ. ૧૩૪.૫૦ નો રાખો. ટૂંકા ગાળાનો આ શેરનો લક્ષાંક રૂ. ૧૭૦ છે.

**રેડીંગટન (૮૫.૧૫)**

દૈનિક ચાર્ટ પર આ શેરમાં નવી ઉર્ધ્વગતિ દાખવવા માટે તેની હાલની સપાટીએ બધા જ ટેકાના સંકેત આપી રહેલ છે. આ શેર રૂ. ૯૧ ના લક્ષાંકથી રૂ.૮૧.૫૦ના સ્ટોપલોસથી ખરીદો. આ શેરનો ટૂંકા ગાળાનો લક્ષાંક રૂ. ૯૮ છે.

Printed, Published and Owned by Mrs. DEVLAXMI N. JOSHI and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380013. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079-27451449, (M) 9825065387